અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ માર્ચ ૨૦૨૫, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ વદ ૯



વર્ષ : ૧૬
અંક : ૨૫૯

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## IPL 2025નો રંગારંગ પ્રારંભ, દિશા પટાનીએ ઠુમકા લગાવી મહેફિલ લૂંટી



IPL 2025 ની શરૂઆત થઈ ગઈ છે. ઓપનિંગ સેરેમની કોલકાતાના ઈડન ગાર્ડનમાં યોજાઈ હતી. જ્યાં શાહરુખ ખાન સૌથી પહેલા કેમેરા પર જોવા મળ્યો અને તેમણે IPL 2025 ને ઈન્ટ્રોડ્યુસ કર્યું. ત્યારબાદ તેમણે પોતાની અવાજથી ફેન્સને ઉત્સાહિત કરી દીધા. શાહરુખ ખાને શ્રેયા ઘોષાલ, દિશા પટાની અને પંજાબી સિંગર કરણ ઔજલાની ઈવેન્ટ માટે પરિચય કરાવ્યો હતો. સૌથી પહેલા શ્રેયા ઘોષાલ સ્ટેજ પર આવી અને તેમણે આમી જે તોમાર ગીતથી શરૂઆત કરી. ત્યારબાદ જિંદા હૈ તો, ઓમ શાંતિ ઓમ, કર હર મેદાન ફતેહ જેવા ગીતો ગાઈને મેદાનમાં ચાર ચાંદ લગાવી દીધા અને ફેન્સને ઉત્સાહિત કરી દીધા. શ્રેયા સાથે તેમની આખી ટીમ પણ હતી અને તેમનું પણ એટલું જ યોગદાન રહ્યું. શ્રેયાએ પોતાનું અંતિમ ગીત ગાયું અને પછી પોતાના પરફોર્મન્સ પર વિરામ મૂક્યો. શ્રેયા ઘોષાલ પછી દિશા પટાની પરફોર્મ કરવા માટે આવી. તેમણે સ્ટેજ પર ઠુમકા લગાવ્યા અને મલંગ સહિતના ગીતો પર ડાન્સ કર્યો. જે ૫ થી ૭ મિનિટ સુધી ચાલ્યો. ત્યારબાદ કરણ ઔજલા પરફોર્મ કરવા માટે આવ્યો અને તેમણે પૂરેપૂરા ઉત્સાહ સાથે પરફોર્મ કર્યું.

**ડોનાલ્ડ ટ્રમ્પની ઈમિગ્રન્ટ્સને ચેતવણી**

### યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસે તેને ફેડરલ ગુનો ગણાવતા કહ્યું કે, આરોપીઓને ગંભીર પરિણામો ભોગવવાની ચેતવણી આપી દીધી છે

## ગ્રીન કાર્ડ માટે અમેરિકન નાગરિક સાથે લગ્ન કર્યા તો પણ થશે જેલ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૨ ।

ગેરકાયદે ઈમિગ્રેશનને રોકવા માટે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અલગ-અલગ યુક્તિ અપનાવી રહ્યા છે. ટ્રમ્પના નિશાન પર એવા ઈમિગ્રન્ટ્સ પણ છે જેઓ ગ્રીન કાર્ડ મેળવવા માટે અમેરિકન નાગરિકો સાથે છેતરપિંડીથી લગ્ન કરી લે છે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (USCIS) એ તેને ફેડરલ ગુનો ગણાવતા કહ્યું કે, આરોપીઓને ગંભીર પરિણામો ભોગવવાની ચેતવણી આપી દીધી છે. એજન્સીએ કહ્યું કે, જે વ્યક્તિ ઈરાદાપૂર્વક ઈમિગ્રેશન કાયદાની કોઈ પણ જોગવાઈથી બચવા માટે લગ્ન કરે છે તેને લગ્ન છેતરપિંડી કાયદાની કલમ 1325(c) હેઠળ પાંચ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે.

તમને જણાવી દઈએ કે, અમેરિકામાં નાગરિકતા મેળવવાનો સૌથી સરળ રસ્તો લગ્ન જ છે. એવા ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે, જ્યાં અમેરિકન નાગરિકતા મેળવવા માટે વિદેશી નાગરિકો અમેરિકન છોકરીઓ સાથે લગ્ન કરે છે અને પછી છૂટાછેડા લઈ લે છે. બીજી તરફ કેટલાક કિસ્સાઓમાં અમેરિકન નાગરિકો પૈસા માટે લગ્ન કરે છે અને પછી છૂટાછેડા લે છે. ટ્રમ્પ પ્રશાસનના મતે હવે જો કોઈ વિદેશી



વ્યક્તિ આવું કરશે તો તેને કરોડો રૂપિયાનો દંડ અને દેશનિકાલનો સામનો કરવો પડી શકે છે. એજન્સીએ સામાન્ય લોકોને લગ્નની છેતરપિંડીમાં સંડોવાયેલા લોકો અથવા ઈમિગ્રેશનનો ખોટો લાભ લેનારા લોકો વિશે માહિતી આપવા પણ કહ્યું છે.

આ ઉપરાંત અમેરિકન વહીવટી તંત્રએ અમેરિકામાં રહેતા ઈમિગ્રન્ટ્સ માટે એક ચેતવણી જારી કરી છે, જેણે લાખો-કરોડો લોકોની ચિંતા વધારી દીધી છે.

અમેરિકન સરકારના વિભાગે પોતાના ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક પોસ્ટ મૂકી છે. વિભાગે આ પોસ્ટમાં લખ્યું કે, 'વિઝા જારી થયા બાદ યુ. એસ. વિઝા સ્ક્રીનીંગ બંધ નથી થતી. અમે વિઝા હોલ્ડરોની સતત તપાસ કરીએ છીએ જેથી ખાતરી કરી શકીએ કે, તેઓ અમેરિકાના તમામ કાયદાઓ અને ઈમિગ્રેશન નિયમોનું પાલન કરે છે. જો કોઈ પણ વિઝા હોલ્ડર અમેરિકાના તમામ કાયદા અને ઈમિગ્રેશન નિયમોનું પાલન નહીં કરે, તો અમે તેમના વિઝા રદ કરી દઈશું અને તેમને ડિપોર્ટ કરી દઈશું.'

અમેરિકન સરકારના નવા નિર્દેશ પ્રમાણે 'જે લોકોને અમેરિકામાં કામ કરવા અને રહેવા માટે વિઝા મળી ગયા છે તેઓ પણ સતત અમેરિકન વહીવટીતંત્રના રડાર પર રહેશે.'

## મહાયજ્ઞમાં વાસી ભોજન પિરસતા હોબાળો થયો

। કુરુક્ષેત્ર, તા.૨૨ ।

હરિયાણાના કુરુક્ષેત્રના કેશવ પાર્કમાં ચાલી રહેલા ૧૦૦૦ કુંડી યજ્ઞ આયોજનમાં હોબાળો થઈ ગયો. આ યજ્ઞ કાર્યક્રમના આયોજક સ્વામી હરિઓમ દાસના પર્સનલ સુરક્ષાકર્મીઓ પર ત્રણ લોકોને ગોળી મારવાનો આરોપ છે. ગોળી વાગતા ત્રણેય લોકોને હોસ્પિટલમાં દાખલ કરાવ્યા છે. તેમાંથી એકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. જાણકારી અનુસાર, મહાયજ્ઞમાં સામેલ થવા માટે અમુક યુવકોએ વાસી ભોજન પીરસવાને લઈને ફરિયાદ કરી હતી. જે બાદ વિવાદ થઈ ગયો. બોલાચાલી દરમ્યાન મહાયજ્ઞના આયોજનકર્તા હરિઓમ દાસના સુરક્ષાકર્મીએ ગોળી ચલાવી દીધી, જેમાં ત્રણ લોકો ઘાયલ થઈ ગયા.

આશીષ તિવારી નામના યુવકને ગંભીર હાલતમાં લોકનાયક જયપ્રકાશ સિવિલ હોસ્પિટલમા દાખલ કર્યો છે. આ ઘટનાથી નારાજ એક જાતિ વિશેષના લોકોએ મહાયજ્ઞ સ્થળ બહાર કુરુક્ષેત્ર-કૈથલ રોડ પર જામ કરી દીધો અને પથ્થરમારો કર્યો. પ્રદર્શનકારીઓની વધતી સંખ્યા જોતા પોલીસે કડકાઈ દાખવી અને જામ ખોલવાનો પ્રયાસ કર્યો. હાલમાં ઘટનાસ્થળ પર ભારે પોલીસ ફોર્સ ખડકી દેવામાં આવી છે અને સ્થિતિને કાબૂ કરવામાં આવી છે. જો કે માહોલ હજુ પણ તણાવભર્યો છે. પોલીસે લોકોને શાંતિ બનાવી રાખવા માટે અપીલ કરી છે અને ઘટનાની તપાસ શરુ કરી દીધી છે.

આ મહાયજ્ઞની શરુઆત ૧૮ માર્ચથી શરુ થઈ હતી અને તે ૨૭ માર્ચ સુધી

### જસ્ટિસ વર્મા પાસેથી મળેલી કથિત રોકડનો મામલો

## રિપોર્ટ દિલ્હી HCના મુખ્ય ન્યાયાધીશે CJIને સોંપ્યો

### તપાસ રિપોર્ટના આધારે CJI આગળની કાર્યવાહી કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

જસ્ટિસ યશવંત વર્માના બંગલામાંથી રોકડ રકમની કથિત વસૂલાતના કેસની તપાસ કરી રહેલા દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાયે ભારતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ સંજીવ ખન્નાને પોતાનો અહેવાલ સુપરત કર્યો છે. આ તપાસ રિપોર્ટના આધારે ઝતૈં આગળની કાર્યવાહી કરશે. દિલ્હી હાઈકોર્ટના સિનિયર જજ યશવંત વર્મા ત્યારે ચર્ચામાં આવ્યા જ્યારે તેમના નિવાસસ્થાનમાંથી મોટી રકમ મળી આવી હોવાના સમાચાર પ્રકાશમાં આવ્યા.

૧૪ માર્ચે હોળીની રાત્રે, લુટિયન્સ દિલ્હીમાં જસ્ટિસ વર્માના સરકારી નિવાસસ્થાનમાં આગ લાગી હતી. ન્યાયાધીશ યશવંત વર્મા તે સમયે ઘરે નહોતા અને કોઈ કામ માટે દિલ્હીની બહાર



ગયા હતા. તેમના પરિવારના સભ્યોએ આગ ઓલવવા માટે ફાયર બ્રિગેડની મદદ માંગી. દિલ્હી ફાયર વિભાગે તાત્કાલિક એક ટીમ ન્યાયાધીશના ઘરે મોકલી. આ પછી મીડિયામાં સમાચાર આવ્યા કે જસ્ટિસ વર્માના સરકારી બંગલામાં આગ ઓલવતી વખતે મોટી માત્રામાં રોકડ જોવા મળી હતી. દરમિયાન, ૨૦ માર્ચે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાએ કોલેજિયમની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં જસ્ટિસ વર્માને અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવાનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. ઉપરાંત, આ કેસની તપાસ દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને સોંપવામાં આવી હતી. આ તપાસ રિપોર્ટના આધારે જસ્ટિસ વર્માના ટ્રાન્સફર અંગેનો નિર્ણય લેવામાં આવશે. જોકે, આ કેસમાં એક નવો વળાંક ત્યારે આવ્યો જ્યારે દિલ્હી ફાયર બ્રિગેડના વડા અતુલ ગર્ગે દાવો કર્યો કે જસ્ટિસ યશવંત વર્માના નિવાસસ્થાને આગ ઓલવતી વખતે ફાયર ફાઈટર્સને કોઈ રોકડ રકમ મળી ન હતી. અતુલ ગર્ગે કહ્યું, '૧૪ માર્ચે રાત્રે ૧૧.૩૫ વાગ્યે કંટ્રોલ રૂમને જસ્ટિસ વર્માના નિવાસસ્થાને આગ લાગવાની માહિતી મળી. તાત્કાલિક બે ફાયર એન્જિન ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યા હતા.

## દુષ્કર્મ પર અલ્લાહાબાદ હાઈકોર્ટની ટિપ્પણી પર ભડક્યા કપિલ સિબ્બલ

### હાઈકોર્ટના જજોએ આવી ટિપ્પણીઓ કરવાથી બચવું જોઈએ, કારણ કે તેનાથી સમાજમાં ખોટો મેસેજ જશે : કપિલ સિબ્બલ

। (એજન્સી) અલ્લાહાબાદ, તા.૨૨ ।

સગીર બાળકી પર દુષ્કર્મના પ્રયાસના વર્ષ ૨૦૨૧ના જૂના કેસની સુનાવણી સમયે અલ્લાહાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ રામમનોહર નારાયમ મિશ્રાએ આપેલા ચૂકાદાએ સમગ્ર દેશમાં ભારે હોબાળો મચાવ્યો છે. હાઈકોર્ટે આ મામલે ચુકાદો આપતા કહ્યું હતું કે, કોઈ મહિલાના પ્રાઈવેટ પાર્ટને સ્પર્શ કરવો, તેના કપડા ફાડી નાખવા, તેનો પલ્લું નીચે ખેંચવાનો પ્રયાસ કરવો,



પાયજામાનું નાડું તોડવું એ દુષ્કર્મ અથવા દુષ્કર્મના પ્રયાસના ગુના હેઠળ નહીં આવશે.

હવે આ મામલે વરિષ્ઠ વકીલ અને સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના અધ્યક્ષ કપિલ સિબ્બલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં કહ્યું કે, ભગવાન જ આ દેશને બચાવે, કારણ કે બેન્ચમાં આ પ્રકારના ન્યાયાધીશ વિરાજમાન છે! સુપ્રીમ કોર્ટ ભૂલ કરનારા ન્યાયાધીશો સામે ખૂબ જ નરમ રહી છે.

કપિલ સિબ્બલે કહ્યું કે, જજોએ, ખાસ કરીને હાઈકોર્ટના જજોએ આવી ટિપ્પણીઓ કરવાથી બચવું જોઈએ, કારણ કે તેનાથી સમાજમાં ખોટો મેસેજ જશે અને લોકોનો ન્યાયતંત્ર પરથી વિશ્વાસ ઉઠી જશે.

### લઘુમતી મોરચાના અધ્યક્ષે કામ શરૂ કર્યું

## ભાજપ ૩૨ લાખથી વધુ ગરીબ મુસ્લિમોને સૌગાત-એ-મોદી આપશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ભાજપ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, રમઝાન મહિનાને ધ્યાનમાં રાખીને ભાજપ આગામી સમયમાં ૩૨ લાખ ગરીબ મુસ્લિમોને સૌગાત-એ-મોદી કિટનું વિતરણ કરવાનો છે. ઈદના સમયે કોઈ ગરીબ મુસ્લિમ ઉજવણી કર્યા વગર ન રહે તે માટે આ યોજના શરૂ કરવામાં આવી છે. ભાજપના લઘુમતી મોરચાના અધ્યક્ષ જમાલ સિદ્દીકીએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં ભાજપ ૩૨ લાખ મુસ્લિમોને મદદ કરવા માટે મોદી કિટનું વિતરણ કરશે. આ માટે ભાજપે સંગઠન સ્તરે કામ કરવાનું શરૂ કરી દીધું છે. ભાજપના ૩૨૦૦૦ પદાધિકારીઓને ૩૨૦૦૦ મસ્જિદોનો સંપર્ક સાધવાનું કામ સોંપાયું છે. તેના દ્વારા દરેક અધિકારી ૧૦૦ ગરીબોને મદદ કરશે. આ રીતે ૩૨ લાખ કિટનું વિતરણ કરવામાં આવશે. ઈદ ઉજવવામાં ગરીબ પરિવારોને કોઈ મુશ્કેલી ન આવે અને તેમને કોઈ અછત ન પડે તેનું પણ વિશેષ ધ્યાન રાખવાનું પદાધિકારીઓને કહેવામાં આવ્યું છે. તેના માટે જ કિટ વહેંચવામાં આવશે. આ ઉપરાંત મોદીના નેતૃત્વમાં એક વિશેષ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવશે. ટૂંક સમયમાં તેના વિશે પણ માહિતી જાહેર કરવામાં આવશે. સિદ્દીકીએ વધુમાં જણાવ્યું કે, ઈદ, ગુડ ફ્રાઈડે, ઈસ્ટર, નવરોઝ, ભારતીય નવ વર્ષ ને ધ્યાનમાં રાખીને ધાર્મિક એકતા જળવાય અને સામાજિક સૌહાર્દ વધે તે માટે આ પ્રકારના કાર્યક્રમ કરાશે અને લોકોને મદદ પહોંચાડવામાં આવશે. મોદી કિટમાં જરૂરિયાતની વસ્તુઓ, કપડાં, ડ્રાયફ્રુટ, ખજૂર, સેવઈયા અને અન્ય સામગ્રી આપવામાં આવશે. તેમણે કહ્યું કે, ગંગા-જમુની તહજિબને પ્રોત્સાહન અને બળ મળે તે માટે આ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. રમઝાનમાં દાનનું મહત્ત્વ વધારે હોવાથી મિસ્કીન, નબળા પાડોશીઓ અને ગરીબ સંબંધીઓની મદદ કરવી જોઈએ.

### અભદ્ર ભાષાનો ઉપયોગ કરવાના આરોપ બદલ કેસ

## પોલીસ અધિકારીઓ માટે યતિ નરસિંહાનંદે અભદ્ર ભાષા વાપરી

। (એજન્સી) ગાઝિયાબાદ, તા.૨૨ ।

ગાઝિયાબાદ જિલ્લાના ડાસના દેવી મંદિરના મહંત યતિ નરસિંહાનંદ ગિરી ફરી એક વખત વિવાદમાં સપડાયા છે. યતિ નરસિંહાનંદ ગિરી વિરુદ્ધ નફરત ફેલાવવા અને જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ વિરુદ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ કરવાના આરોપ બદલ કેસ નોંધવામાં આવ્યો છે. અધિકારીઓએ શનિવારે આ માહિતી આપી. ગાઝિયાબાદના વેવ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR પ્રમાણે ડાસના દેવી મંદિરના પૂજારી પર મહાત્મા ગાંધી વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવાનો અને ધાર્મિક ભાવનાઓને ભડકાવવાનો, ગુનાહિત ધમકી આપવાનો, અપમાન કરવાનો, બદનામ કરવાનો અને જાહેર શાંતિને ખલેલ પહોંચાડવાના ઈરાદાથી શબ્દોનો ઉપયોગ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. ફરિયાદીએ એ પણ આરોપ લગાવ્યો છે કે, નરસિંહાનંદે એક વીડિયોમાં ગાઝિયાબાદ પોલીસ કમિશનર અને લોનીના સહાયક પોલીસ કમિશનર વિરુદ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ગ્રામીણ) સુરેન્દ્ર નાથ તિવારીએ કહ્યું કે, શુક્રવારે વેવ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ પ્રમાણે નરસિંહાનંદના નિવેદનો ઉશ્કેરણીજનક હતા અને તેનો હેતુ સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાનો હતો. અધિકારીએ જણાવ્યું કે, આ મામલાની તપાસ ચાલી રહી છે.

### દુષ્કર્મની આશંકા વચ્ચે ૧૫ શંકાસ્પદની ધરપકડ

## મણિપુરમાં હિંસા વચ્ચે ૯ વર્ષની બાળકીનો મૃતદેહ મળી આવ્યો

### પોલીસે આશંકા વ્યક્ત કરી છે કે બાળકી પર દુષ્કર્મ થયું છે અને તેના શરીર પર ઈજાના નિશાન પણ મળી આવ્યા હતા

। (એજન્સી) મણિપુર, તા.૨૨ ।

મણિપુરના ચુરાચંદપુર જિલ્લા મુખ્યાલય શહેરમાં શુક્રવારે (૨૧મી માર્ચ) રહસ્યમય સંજોગોમાં ૯ વર્ષની બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે આશંકા વ્યક્ત કરી છે કે બાળકી પર દુષ્કર્મ થયું છે અને તેના શરીર પર ઈજાના નિશાન પણ મળી આવ્યા હતા.

પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે આ સાથે, અત્યાર સુધીમાં ૧૫ લોકોની અટકાયત કરવામાં આવી છે. પોલીસે જણાવ્યાનુસાર, ગુરુવારે (૨૦મી માર્ચ) સાંજે બાળકી ગુમ થઈ ગઈ હતી, જેના પગલે પરિવારે તેની શોધ શરૂ કરી હતી. બાદમાં શહેરના લાન્વા ટીડી બ્લોકના રાહત શિબિર નજીક બાળકીનો મૃતદેહ મળ્યો હતો. તેના શરીર અનેક ઈજાના નિશાન હતા. આ ઉપરાંત લોહીના ડાઘ પણ હતા. બાળકી પર દુષ્કર્મ થયો હોવાની શંકા છે. હાલમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો છે. પૂછપરછ માટે ૧૫ લોકોની અટકાયતમાં લેવામાં આવ્યા છે, પરંતુ હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. મણિપુરના પૂર્વ મુખ્યમંત્રી એન. બિરેન સિંહે આ ઘટનાની નિંદા કરી અને શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. તેમણે કહ્યું, હું અજાણ્યા ગુનેગારો દ્વારા બાળકીની ક્રૂર હત્યાની સખત નિંદા કરું છું.' આ ઉપરાંત ઝોમી મધર્સ એસોસિએશન (ZMA) અને યંગ વાઈફેઈ એસોસિએશન (YVA), હૂપી બ્લોક સહિત અનેક સંગઠનોએ પણ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. ઝોમી મધર્સ એસોસિએશને કાયદા અમલીકરણ એજન્સીઓને સંપૂર્ણ તપાસ કરવા અને ગુનેગારોને ન્યાય અપાવવા વિનંતી કરી છે.

## ખેલસહાયકોની કાયમી ભરતીની માંગ વચ્ચે વયમર્યાદામાં વધારો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાતમાં ખેલ સહાયકો છેલ્લાં ત્રણ દિવસથી આંદોલન કરી રહ્યાં છે. જેમાં તેઓ કરાર આધારિત વ્યાયામ શિક્ષકની ભરતી બંધ કરી કાયમી વ્યાયામ શિક્ષકની ભરતીની માંગ કરી રહ્યાં છે. એવામાં હવે ખેલ સહાયકોને લઈને મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા ખેલ સહાયકની વયમર્યાદામાં વધારો કરાયો છે. નોંધનીય છે કે, ખેલસહાયકો દ્વારા આ ૧૧ મહિનાના કરાર આધારિત ભરતીને ખતમ કરી કાયમી વ્યાયામ શિક્ષકની ભરતી માટેની માંગ કરવામાં આવી રહી છે. આ મુદ્દે શિક્ષણ મંત્રી પ્રફૂલ પાનસેરીયાએ જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે, ખેલ સહાયકમાં ૨ વર્ષની વય મર્યાદા વધારવામાં આવી છે. પહેલાં ખેલસહાયકની વયમર્યાદા ૩૮ વર્ષ હતી, જેને વધારીને હવે ૪૦ વર્ષ કરવામાં આવી છે. નોંધનીય છે કે, લાંબા સમયથી ખેલ સહાયકની વયમર્યાદા વધારવા અંગે વિચારણા ચાલી રહી હતી.

## અમદાવાદના સોલા ગામની આંગણવાડીમાં હોબાળો જોવા મળ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

સોલાની આંગણવાડી વિવાદમાં આવી છે. સોલા ગામમાં આવેલી આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકોના વાલીઓ રોષે ભરાયેલા જોવા મળ્યો. વાલીઓનો આક્ષેપ છે કે તેમની આર્થિક સ્થિતિ સારી ના હોવાથી તેઓ તેમના બાળકોને આંગણવાડીમાં મોકલે છે. પરંતુ આંગણવાડી રામ ભરોસે ચાલી રહી છે. સંચાલકો મનમાની કરી રહ્યા છે. અઠવાડિયામાં ૩ વખત બાળકોને રજા આપી દેવામાં આવે છે. આંગણવાડીના બાળકોને ૧ વાગ્યે છોડવાનો નિયમ છે છતાંપણ કોઈજાતની સૂચના વગર આગંણવાડીના સંચાલકો બાળકોને ગમે ત્યારે છોડી મૂકે છે. સરકાર સંચાલિત આંગણવાડીમાં બાળકોને ક્યા રે શું આપવું તેમજ કયારે અભ્યાસ કરાવો વગેરેને લઈને તેનું સમયપત્રક હોય છે. તે રીતે કામના કરાતું હોવાનું આક્ષેપ કરવામાં આવ્યો.એક વાલીએ આક્ષેપ કર્યો કે બાળકોને જે ખોરાક આપવામા આવે છે તેમાં ગુણવત્તા જળવાતી નથી. બાળકોના ખોરકામાં અનેક વખત જીવડાં જોવા મળ્યા છે. બાળકોને દાળ-ભાત, ખીચડી અને મુઠિયા જેવા ફક્ત બીબા ઢાળ ખોરાક અપ ાય છે. જ્યારે સરકાર આંગણવાડીના બાળકોનું આરોગ્ય સારું રહે તેના માટે સિઝનલ ફળો અને તહેવાર પર ઉજવણી કરી શકે માટે સુખડી અને શિરા જેવા પોષણક્ષમ ખોરાક મળી રહી માટે સુવિધા પૂરી પાડે છે. પરંતુ સોલાની આંગણવાડીમાં બાળકોને અપાતું ભોજન બિનગુણવત્તાયુકત હોવાનું જણાવ્યું.

### પાંચ જણાએ કમાણીની લાલચ આપી વિશ્વાસઘાત કર્યો

# શેર બજારમાં રોકાણના નામે ઇડરના નિવૃત્ત કર્મી સાથે ૨૪.૮૭ લાખની ઠગાઈ

### અજાણ્યા વ્યકિતઓએ શેર બજારને લગતા પ્રલોભનભર્યા મેસેજ કરીને લાલચ આપી વિશ્વાસમાં લઇ લીધા હતા

। (એજન્સી) હિંમનતગર, તા.૨૨ ।

ઈડરના એક નિવૃત્ત કર્મચારીને શેર બજારમાં રોકાણ કરી વધુ વળતર અપાવવાના બહાને લિન્ક મોકલી કેટલાક મેસેજ કરીને પાંચ જણાએ નિવૃત્ત કર્મચારીને શેર બજારમાં રોકાણ કરવાની લાલચ આપી બેન્કના ખાતામાંથી અંદાજે રૂ. ૨૪.૮૭ લાખની છેતરપિંડી કરી હતી. આ અંગે નિવૃત્ત કર્મચારીએ હિંમતનગર સાયબર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



ઈડરના વલાસણા રોડ પર આવેલી સ્વાગત વાટિકા સોસાયટીમાં રહેતા ભુપેન્દ્રકુમાર જીવજીભાઇ દેસાઈને ગત તા.૨-૧૨-૨૦૨૪થી આજદીન સુધીમાં અજાણ્યા વ્યકિતઓએ મોબાઈલ ફોન કરીને ભુપેન્દ્રકુમારને શેર બજારમાં રોકાણ કરી વધુ વળતર આપાવવાના બહાને સ્ટ્રોક એક્સચેન્જ ગ્રુપમાં એડ કર્યા હતા અને ઈન્ડોથાઈ નામની એપ્લિકેશન ભુપેન્દ્રકુમાર દેસાઈના મોબાઈલમાં ડાઉનલોડ કરાવી હતી. તે પછી આ અજાણ્યા વ્યકિતઓએ શેર બજારને લગતા પ્રલોભનભર્યા મેસેજ કરીને લાલચ આપી વિશ્વાસમાં લઈ લીધા હતા. અને ભુપેન્દ્રકુમાર પાસેથી શેરબજારમાં તથા વિવિધ આઈપીઓમાં રોકાણ કરાવવાના બહાને અલગ અલગ બેન્કોમાં પૈસા ટ્રાન્સફર કરાવડાવ્યા હતા. ત્યારબાદ ઈન્ડોથાઈ એપ્લિકેશનમાં તે દર્શાવીને ભુપેન્દ્રભાઈને વધુ લાલચ આપી હતી. સાથો સાથ ટ્રાન્સફર કરાવેલી રકમના કોઈ કંપનીના શેર કે આઈપીઓમાં રોકાણ નહી કરીને આ અજાણ્યા વ્યકિતઓએ અંદાજે રૂ. ૨૪.૮૭ લાખની ભુપેન્દ્રભાઈને ટોપી આપી હતી. ત્યારબાદ ભુપેન્દ્રભાઈએ કેટલાક જાણકારો પાસેથી માહિતી મેળવ્યા બાદ તથા અન્ય સામાજિક કામોમાં રોકાયા હોવાથી તત્કાલિન સમયે પોલીસ ફરિયાદ કરી ન હોવાનું જણાવીને બુધવારે હિંમતનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં પાંચેય અજાણ્યા વ્યકિતઓ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

## ગુજરાત પોલીસ રસ્તામાં ઉતરતાં અસમાજીક તત્વોમાં ફફડાટ વ્યાપ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદનાં વસ્ત્રાલમાં બનેલી ઘટનાના પડઘા સમગ્ર ગુજરાતમાં પડ્યાં છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા ની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવા તેમજ અસામાજીક ગુંડા તત્વો પર કડકમાં કડક કાર્યવાહી કરી તેમની પર સદંતર અંકુશ મેળવવાના ઉદેશ સાથે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ના દિશા નિર્દેશ હેઠળ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં આજે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આજે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં ૧૦૦ કલાકમાં ૮૮૭૪ અસમાજીક તત્વોની યાદી તૈયાર કરી છે. આ યાદીમાં ૩૨૪૦ પ્રોહિબિશન બુટલેગર, ૩૨૨ જુગારીઓ, ૨૭૩૯ શરીર સંબંધી ગુનાઓ જેમકે, મારામારી, ધાક-ધમકી આપવી, ૧૩૫૫ મિલકત-પ્રોપર્ટી સંબંધિત ગુનાઓ, ૬૮ ખનીજ માફિયાઓની યાદી તૈયાર કરવામાં આવી છે. આ તમામ ગુનેગારો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેમાં સ્ટેટ મોનિટરિંગ સેલે ૨૪ બુટલેગરોની યાદી તૈયાર કરી છે જેમાં ૧૯ બુટલેગરો એવા છે જેમને ગેરકાયદેસર જમીન કબ્જે કરવી, વીજ કનેક્શન લેવું વગેરેનો સફાયો કરાશે. રાજ્યમાં અસામાજીક ગુંડા તત્વો સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે લેવાયેલા આ નિર્ણયનું તાત્કાલિક અમલીકરણ કરવા આદેશ કરવામાં આવ્યા છે. આ અસામાજિક તત્વોની યાદીમાં કેવા તત્વોનો સમાવેશ કરવો તે અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. વારંવાર શરીર સંબંધી ગુનાઓમાં સંકળાયેલા વ્યક્તિઓ, ખંડણી ઉઘરાવવા, ધાક-ધમકી આપવાના ગુનાઓમાં સંડોવાયેલા વ્યક્તિઓ, મિલકત સામેના ગુનાઓ આચરનારા, પ્રોહિબિશન અને જુગારનો ગેરકાયદેસર ધંધો કરનારા તત્વો, ખનીજ ચોરી જેવા ગુનાઓમાં સંકળાયેલા તથા અન્ય અસામાજીક કૃત્યો દ્વારા જનતામાં ભય ફેલાવનારા તત્વોને આ યાદીમાં સમાવવા આદેશ કરાયા છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આ યાદી તૈયાર થયા બાદ સ્થાનિક વહીવટી તંત્ર સાથે સંકલન કરી કેવા પ્રકારની કડક કાર્યવાહી કરવાની રહેશે તે અંગે પણ સ્પષ્ટતાપૂર્વક સૂચનાઓ આપી છે. જેમાં આ તત્વોએ ગેરકાયદેસર બાંધકામ કરેલું હોય તો તેવા બાંધકામને દૂર કરવા સ્થાનિક સંસ્થાઓ સાથે સંકલન કરી જરૂરી કાર્યવાહી કરવા, સરકારી જમીન ઉપર દબાણ કરેલુ હોય તો કાયદેસરની કાર્યવાહી કરવા, ગેરકાયદેસર વીજ કનેકશન ધ્યાને આવે તો ઁૈંફદ્ગ સાથે સંકલનમાં રહી કાયદેસરની કાર્યવાહી કરવી, આવા તત્વોના બેક્ક એકાઉન્ટની ચકાસણી કરી નાણાકીય વ્યવહારમાં કોઈ ગેરકાયદેસરનું કૃત્ય જણાય આવે તો જરૂરી કાર્યવાહી કરવા કડક સૂચનાઓ આપવામાં આવી છે.

# નિવૃત્ત શિક્ષકને બેંકમાંથી દોઢ લાખની રકમ લઈને બહાર નીકળતાં તસ્કરનો શિકાર બન્યા

### તે રકમ લઈને બાઈકમાં બેસીને ઘેર પરત ફરવા જતાં તેની રોકડ સાથેની થેલી લઈને ગઠિયો છું મંતર થયો હતો

। (એજન્સી) જામનગર, તા.૨૨ ।

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના ખારવા ગામના નિવૃત્ત શિક્ષક ધ્રોલની બેક્ક ઓફ બરોડામાં દોઢ લાખની રોકડ રકમ ઉપાડવા માટે આવ્યા હતા, અને તે રકમ લઈને બાઈકમાં બેસીને ઘેર પરત ફરવા જતાં તેની રોકડ સાથેની થેલી લઈને ગઠિયો છું મંતર થયો હતો. જે અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

પોલીસે સીસીટીવી કેમેરાના આધારે તસ્કરને પકડવા માટેની કવાયત શરૂ કરી છે. આ બનાવની વિગત એવી છે કે ધ્રોલ તાલુકાના ખારવા ગામમાં રહેતા અને અગાઉ શિક્ષક તરીકે નોકરી કરીને નિવૃત્ત થયેલા તેમજ હાલ ખેતી કામ સંભાળતા હંસરાજભાઈ થોભણભાઈ ઘેટીયા (ઉ-૭૧), કે જેઓ પોતાના ખાતામાં રહેલી દોઢ લાખની રોકડ રકમ ખેતીના કામમાં ઉપયોગમાં લેવા માટે ધ્રોળની બેક્ક ઓફ બરોડાની બ્રાન્ચમાં આવ્યા હતા.

ગઈકાલે સવારે ૧૦.૩૦ વાગ્યાના અરસામાં બેંકમાંથી રૂપિયા દોઢ લાખની રકમ ઉપાડીને તેણે એક પર્ષમાં રાખીને થેલીમાં મૂકી દીધી હતી, જે થેલી તેણે પોતાના બાઈકના પાછળના હુકમા ટીંગાળી હતી, અને બાઈક પર બેસીને તેઓ ઘેર પરત ફરી રહ્યા હતા. જે દરમિયાનમાં પાછળથી તેની થેલી એકાએક ગુમ થઈ હતી, અને પોતાની રોકડ રકમ ચોરાઈ ગઈ હોવાનું ધ્યાનમાં આવતાં દેકારો કરી મૂક્યો હતો.

પોતાના પુત્ર વગેરેને ધ્રોલ બોલાવી લીધા બાદ આખરે મામલો ધ્રોલ પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને અજાણ્યા તસ્કર સામે પોતાની રૂપિયા દોઢ લાખની રોકડ રકમ ચોરી જવા અંગેની ફરિયાદ નોંધાવી હતી.જે ફરિયાદના અનુસંધાને ધ્રોળના પોલીસની ટીમ બનાવના સ્થળે પહોંચી ગઈ હતી અને સૌ પ્રથમ બેંકના સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા. જેમાં ફરિયાદીની નજીકમાં એક શખ્સ કે જે લાંબા વાળ વાળો અને પેન્ટ શર્ટ પહેરેલો તેની રેકી કરી રહ્યો હોય, તેવું જોવા મળ્યું હતું. જેણે હંસરાજભાઈનો પીછો કર્યો હતો, અને તેઓએ બાઈકમાં જેવી રોકડ ભરેલી થેલી પાછળ ટીંગાળી અને બાઈક ચાલુ કરી રહ્યા હતા, જે દરમિયાન પાછળથી થેલી આંચકીને પોતે ભાગી છૂટ્યો હતો. જે પણ બહારના સીસીટીવી કેમેરામાં દેખાયો હતો. આથી ધ્રોળ પોલીસે પેન ડ્રાઈવમાં અંદર અને બહારના સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવી લીધા બાદ તેના વર્ણનના આધારે તસ્કરને શોધી કાઢવા માટેની કવાયત હાથ ધરી છે.

### દરિયાના પાણીના કારણે ભેખડોનું ધોવાણ થઈ રહ્યું છે

# આણંદ જિલ્લામાં ખંભાતના દરિયાની ભરતીમાં ફેરફાર જોવા મળ્યો

### ખંભાત પાલિકાએ દરિયા કિનારે નહીં જવા સૂચના આપી છે. સાથે જ દરિયા કિનારે બોર્ડ પણ લગાવવામાં આવ્યા છે

। (એજન્સી) આણંદ, તા.૨૨ ।

આણંદ જિલ્લામાં ખંભાતના દરિયાની ભરતીમાં ફેરફાર જોવા મળ્યો. દરિયામાં ભરતીના પ્રવાહની ગતિ વધી છે અને કિનારા તરફની માટીની મોટી ભેખડો દરિયાના પાણીમાં તૂટી રહી છે. જેને લઈને ખંભાત પાલિકાએ દરિયા કિનારે નહીં જવા સૂચના આપી છે. સાથે જ દરિયા કિનારે બોર્ડ પણ લગાવવામાં આવ્યા છે અને તટ રક્ષક દળના જવાનોને પણ તહેનાત કરવામાં આવ્યા. મળતી માહિતી અનુસાર, ખંભાત નજીક આવેલા દરિયાના પાણી ભરતી-ઓટની પ્રકિયાના કારણે સમયાંતરે દરિયાના પાણી રહેણાંક વિસ્તાર તરફ ધપી આવતા હોવાનું જોવા મળે છે.

ખંભાત શહેર સહિત ૧૪ ગામોમાં દરિયાના પાણી વર્ષો બાદ પરત ફર્યા છે. ત્યારે રાધારી વિસ્તારમાંથી દરિયો અગાઉ ૬થી ૭ કિ.મી. દૂર હતો. જેથી દરિયાના પાણી જોવા માટે ત્યાં સુધી જવું પડતું હતું. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી દરિયાના પાણી રાધારી વિસ્તાર નજીક આવી પહોંચ્યાનું જોવા મળી રહ્યું છે. રાધારી વિસ્તારમાં માટીની ભેખડોમાં ભરાતા દરિયાના પાણીના કારણે ભેખડો પાણીમાં ધસી રહી છે. દરિયાના પાણીના કારણે ભેખડોનું ધોવાણ થઈ રહ્યું છે. અહેવાલો અનુસાર, ગુજરાતના દરિયાકાંઠે વધતા દરિયાઈ સપાટીના તાપમાનને ધોવાણને વેગ આપવાના મુખ્ય પરિબળ તરીકે જોડવામાં આવ્યું છે.

### ખાળકુવાના મુદ્દે પડોશીઓ સાથે તકરાર થઇ હતી

# વડોદરામાં પડોશી સાથેના ઝઘડામાં માથામાં ઇજા થતાં યુવકનું મોત

। (એજન્સી) વડોદરા, તા.૨૨ ।

વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલ ભેંસાસુર નગરમાં બે પાડોશીઓ વચ્ચે ઘર પાસે ખાડો ખોદવા મુદ્દે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ મામલો ઉગ્ર બનતા બંને વચ્ચે ઝપાઝપી થતા પિયુષ ઠાકોરને ઝપાઝપી દરમિયાન ધક્કો વાગતા તેઓ નીચે પડી ગયા હતા. જેમાં તેમને માથામાં ગંભીર ઈજા પહોંચતા તેઓ બેશુદ્ધ થઈ ગયા હતા. જેથી તેમને હોસ્પિટલમાં સારવાર માટે લઈ જતા હાજર તબીબે મૃત જાહેર કર્યા હતા. પોલીસે પાડોશી યુવક સહિત તેની માતા અને પત્નીને ઝડપી પોલીસ સ્ટેશન ખાતે લઈ આવી હતી. પોલીસે સાળા-બનેવી તથા સાળાની પત્ની સામે ગુનો દાખલ કરીને કાર્યવાહી શરૂ કરી હતી. વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલ ભેંસાસુર નગરમાં રહેતા પિયુષભાઈ ઠાકોર તથા પ્રવીણભાઈ પંચાલ જમીનમાં ખાળકૂવો ખોદવા મુદ્દે બે પાડોશી વચ્ચે ઝઘડો થયો હતો. બંને પાડોશીએ સામસામે ઉગ્ર બોલાચાલી બાદ ઝપાઝપી કરવા લાગ્યા હતા. તે દરમિયાન પિયુષ ઠાકોરને ધક્કો વાગતા તેઓ નીચે પડી ગયા હતા. જેમાં માથાના ભાગે ઈન્ટર્નલ ઈન્જરી થવાના કારણે તેમાં બેભાન થઈ ગયા હતા. જેથી પરિવારના સભ્યો ગભરાઈ ગયા હતા. જેથી તેમને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે પિયુષ રાઠોડને મૃત જાહેર કર્યો હતો.ઘટનાની જાણ થતા પોલીસની ટીમ ઘટના સ્થળ દોડી આવી હતી. પોલીસે દ્વારા લાશનું પોસ્ટ મોર્ટમ કરાવવાની કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ પોલીસે દ્વારા પાડોશી પંકજ પંચાલ તેમની માતા અને પત્નીને પોલીસે સ્ટેશન ખાતે લઈ આવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગોરવા પોલીસ સ્ટેશનના પીઆઈ કિરીટ લાઠીયા પણ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. પોલીસે બનાવના મામલે પ્રવીણ મોહનભાઈ પંચાલ તેમના પત્ની શીતલ પંચાલ તથા પ્રવીણભાઈના બનેવી રમેશ છગનભાઈ સિકલીગર (રહે. ભાગ્યલક્ષ્મી સોસાયટી, સમતા, વડોદરા) સામે ગુનો દાખલ કરીને કાર્યવાહી શરૂ કરી હતી.

# ‘બિલ્ડિંગ સીનર્જીસ ઇન ઇંડિયન ઇનોવેટિવ ઇકોસિસ્ટમ’ વિષય અંગે ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે નેશનલ વર્કશોપ યોજાયો

। (માહિતી) અમદાવાદ ।

ભારતના ઈનોવેશન લેન્ડસ્કેપને મજબૂત કરવા માટે એક સીમાચિહ્નરૂપ પહેલ તરીકે નીતિ આયોગ અને ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ અને ટેક્નોલોજી (ગુજકોસ્ટ), વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સંયુક્ત ઉપક્રમે ગીફ્ટ સીટી ખાતે "બિલ્ડિંગ સીનર્જીસ ઈન ઈન્ડીયન ઈનોવેટિવ ઈકોસિસ્ટમ" પર નેશનલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સાયન્સ ટેક્નોલોજી અને ઈનોવેશન અને ભારતનું યુવાધનએ ભારતને વિકસિત ભારત બનાવવા માટેનું મુખ્ય ચાલાકબળ રહશે, માનનીય પ્રધાનમંત્રીશ્રીના શબ્દોને ટાંકીને ડૉ. વી.કે. સારસ્વત, માનનીય સભ્યશ્રી (S&T), નીતિ આયોગે ઈનોવેશની જરૂરિયાત પર ભાર મુક્યો હતો. તેમણે ઈનોવેશન ફ્રેન્ડલી ઈકો સિસ્ટમ દેશને આત્મનિર્ભર બનાવશે અને આપણા દેશની ઈકોનોમીને વધુ મજબૂત બનાવવામાં ઈનોવેશન ડ્રિવન ઈકોનોમીએ પાયાની જરૂરિયાત છે. બાયોટેક્નોલોજી, સેમીકંડક્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આ ત્રણ ક્ષેત્રોમાં આપણે શ્રેષ્ઠ પ્રદર્શન કરી દેશને આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ કરવાનો છે, એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે ગુજરાતે આ ક્ષેત્રે કરેલી પ્રગતિને બિરદાવી હતી. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મોના ખંધારે કાર્યક્રમમાં સૌનું શાબ્દિક સ્વાગત કરીને વર્કશોપનો હેતુ, ગુજરાતમાં વિકસી રહેલી ઈકોસિસ્ટમ અને કોન્ફરન્સમાં દિવસ દરમિયાન






યોજાનાર વિવિધ સત્રો અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે ગુજરાત એક પૉલિસી-ડ્રિવન સ્ટેટ છે, તેમજ ગુજરાત સરકારની બાયોટેક્નોલોજી પૉલિસી, ઈલેકટ્રોનીક્સ પૉલિસી, સેમી-કંડકટર પૉલિસીનો ઉલ્લેખ કરીને આગામી સમયમાં ગુજરાત સાયન્સ ટેક્નોલોજી અને ઈનોવેશન (STI) પૉલિસી પણ આખરી તબક્કામાં છે તેમ જણાવ્યું હતું. ગુજરાતમાં આગામી સમયમાં બે સાયન્સ અને ટેક્નોલોજી કલસ્ટર સ્થાપવામાં આવશે તેમ જણાવી ભારત દેશ હવે સર્વિસ સેકટરથી પ્રૉડકટ (મેન્યુફેક્ચરિંગ) તરફ આગળ વધી રહ્યો છે, જેના માટે સંશોધનો પર તેમણે ભાર મુક્યો હતો. ગુજરાત, તેની મજબૂત નીતિઓ અને ભવિષ્યલક્ષી વિચારસરણીના અભિગમ સાથે, ભારતના ઈનોવેશન લેન્ડસ્કેપમાં ઉત્પ્રેરક બની રહ્યું છે, જે આર્થિક વિકાસ અને તકનીકી પ્રગતિને આગળ ધપાવે છે, જે રાષ્ટ્રને વિજ્ઞાન અને તકનીકમાં વૈશ્વિક નેતૃત્વ તરફ આગળ ધપાવશે. આ વર્કશોપમાં ઈનોવેશન અને ટેક્નોલોજીના ક્ષેત્રે જાણીતા અગ્રણીઓની આગેવાનીમાં પરસ્પર ચર્ચાઓ કરવામાં આવી હતી. "ભારત ઈનોવેટ્સઃ નેશનલ ઈનોવેશન ઈકોસિસ્ટમનું વિહંગાવલોકન" પરનું સત્ર અટલ ઈનોવેશન મિશનના ભૂતપૂર્વ એમડી, ડૉ. આર. રામનન દ્વારા સંચાલિત કરવામાં આવ્યું હતું, જેમાં તેમણે ઈનોવેશન-ફ્રેન્ડલી ભારત બનાવવા માટેની વ્યૂહરચનાઓની ચર્ચા કરી હતી. આ નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન (NIF)ના ડાયરેક્ટર ડૉ. અરવિંદ રાનાડે દ્વારા અન્ય એક સત્ર "નવાચાર કે સારથીઃ પાયોનિયરિંગ ઈનોવેશન્સ" જે ગ્રાસરૂટ ઈનોવેટર્સ અને સ્ટાર્ટ-અપ્સના પ્રેરણાદાયી કિસ્સાઓ લોકો સુધી પહોંચાડવામાં આવ્યા હતા. વધુમાં, "વિશ્વ મેં ઉભર્તા ભારતઃ ભારતના વૈશ્વિક ઈનોવેશન ફૂટપ્રિન્ટને મજબૂત બનાવવું" આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો ખાસ કરીને વિશ્વ બૌદ્ધિક સંપદા(WIPO)ના ડૉ. સાચા વુંચ-વિન્સેન્ટ તેમજ ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર ડૉ રાજુલ ગજ્જરના મુખ્ય યોગદાન સાથે વૈશ્વિક ઈનોવેશન લેન્ડસ્કેપ માં ભારતની વધતી હાજરી પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ વર્કશોપ આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડિયા જેવી રાષ્ટ્રીય આકાંક્ષાઓ સાથે સંરેખિત થઈને ભારતની ઈનોવેશન ઈકોસિસ્ટમને આકાર આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. વિવિધ કાર્યક્ષેત્રોમાંથી નિષ્ણાતોને એકસાથે લાવીને, આ કૉન્ફરન્સનો હેતુ ઈનોવેશનથી પ્રેરિત ભવિષ્ય માટે નીતિ, સંશોધન અને ઉદ્યોગ સહયોગને જોડવાનો છે. વર્કશોપના ઉદ્ઘાટન સમારોહમાં ડૉ. સચા વુંચ-વિન્સેન્ટ, વિશ્વ બૌદ્ધિક સંપદા સંગઠન (WIPO); પ્રો. વિવેક કુમાર સિંઘ, વરિષ્ઠ સલાહકાર, નીતિ આયોગ; તથા ડૉ. અશોક સોનકુસારે, નાયબ સલાહકાર ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન: ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# આવું કરવાથી તમને થઈ શકે છે ગંભીર બીમારી

મારો પાલતુ શ્વાન તમારા પ્રત્યે પ્રેમ બતાવવા માટે તમારો ચહેરો ચાટે છે. આ તમારા માટે પ્રેમ વ્યક્ત કરવાની તેની ખૂબ જ સ્વાભાવિક રીત છે. જોકે શ્વાનું આવું કરવું તેના માલિકોને પણ આ ખૂબ ગમે છે, પરંતુ કૂતરાઓનો ચહેરો ચાટવો ખૂબ જ ખતરનાક સાબિત થઈ શકે છે. ચાલો જાણીએ કે, તે કેવી રીતે ખતરનાક બની શકે છે અને કઈ સાવચેતી રાખવી જોઈએ. જો તમારી પાસે પાલતુ કૂતરો છે, તો તમે સમજી શકો છો કે, આખો દિવસ તમારાથી દૂર રહ્યા પછી જ્યારે તેઓ તમને જુએ છે, ત્યારે તેઓ કેટલા ખુશ થાય છે. તમને મળવાની ઉત્સુકતામાં, તેઓ તમારી નજીક આવે છે, પૂંછડીઓ હલાવતા હોય છે, તમારા પર કૂદવાનો પ્રયાસ કરે છે અને તમારા ચહેરાને ચાટવાનો પણ પ્રયાસ કરે છે. પાલતુ કૂતરાઓ તમારો પ્રેમ બતાવવા અથવા તમારું ધ્યાન ખેંચવા માટે તમારો ચહેરો ચાટે છે. જોકે, કેટલાક લોકોને તેમના પાલતુ પ્રાણીઓની આ આદત ગમે છે, જ્યારે કેટલાક લોકો ચેપના ડરથી તેમના પાલતુ પ્રાણીઓને તેમનો ચહેરો ચાટવા દેવા માંગતા નથી. જોકે, ચહેરો ચાટવો એ કૂતરાઓનું કુદરતી વર્તન છે. જ્યારે તેઓ ડરી જાય છે કે, પરેશાન હોય છે, ત્યારે તેઓ વારંવાર મોં ચાટે છે. ક્યારેક, તમારી લાગણીઓને ઓળખીને, તેઓ તમારા ચહેરા અથવા હાથ ચાટે છે, પરંતુ તેમનો આ માસૂમ હાવભાવ તમારા માટે ખતરનાક પણ બની શકે છે. ઘણી વખત, કૂતરાની લાળ દ્વારા વિવિધ પ્રકારના બેક્ટેરિયા તમારા શરીરમાં પ્રવેશી શકે છે અને આ ચેપનું કારણ બની શકે છે. કૂતરાઓના મોંમાં ઘણા પ્રકારના સૂક્ષ્મજીવાણુઓ જોવા મળે છે, જે સામાન્ય રીતે મનુષ્યો માટે ખતરનાક હોતા નથી, પરંતુ કેટલાક કિસ્સાઓમાં તેઓ ઝૂનોટિક રોગોનું કારણ, એટલે કે પ્રાણીઓથી મનુષ્યોમાં ફેલાતા રોગો થઈ શકે છે. કૂતરાઓ મળ જેવી ઘણી બધી વસ્તુઓને સૂંઘે છે અથવા ચાટે છે, જે અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે. ચેપ ફક્ત ચાટવાથી જ નહીં, પરંતુ ક્યારેક તેમના કરડવાથી કે ખંજવાળથી પણ થઈ શકે છે. ચહેરા પર ચાટવાથી સેપ્સિસ અને મેનિન્જાઈટિસ જેવી જીવલેણ ગૂંચવણો પણ થઈ શકે છે. તેથી, તમારા પાલતુ પ્રાણીને પ્રેમ કરતી વખતે, તમારે કેટલીક સાવચેતી પણ રાખવી જોઈએ. એટલું જ નહીં, ક્યારેક તમારા પાલતુ પ્રાણીઓને પણ તમારા દ્વારા ચેપ લાગી શકે છે. પ્રદૂષણ, ત્વચાની સંભાળ અને તમારા ચહેરા પરનો મેકઅપ તમારા કૂતરા માટે ખૂબ જ હાનિકારક હોઈ શકે છે. ઘણા મેકઅપ અને સ્કિન કેયર પ્રોડક્ટ કૂતરાઓ માટે સમસ્યાઓનું કારણ બની શકે છે. પ્રદૂષણને કારણે ત્વચા પર જામેલી ગંદકી પણ તમારા પેટને બીમાર કરી શકે છે. એટલા માટે તમારે હંમેશા તેમની આસપાસ સાવચેત રહેવું જોઈએ.

## લાંબા સમય સુધી શાકભાજી રહેશે ફ્રેશ અને બગડશે પણ નહીં

# ગરમીમાં શાકભાજી ખરીદતી વખતે આ વસ્તુ ખાસ ચેક કરી લેજો



**ઉનાળાની કાળઝાળ ગરમીમાં શાકભાજી ખરીદતી વખતે તમે આ જરૂરી ટિપ્સને ધ્યાનમાં રાખો, ત્યારે જ તમે તમારા માટે યોગ્ય શાકભાજી પસંદ કરી શકશો**

ઉનાળાની ઋતુ આવી ગઈ છે. આવી સ્થિતિમાં, આ ઋતુમાં શાકભાજી ખરીદતી વખતે આપણે ઘણું વિચારવું પડશે. નહીં તો તે ઝડપથી બગડવા લાગે છે. જો તમને પણ શાકભાજી ખરીદવામાં ખબર નથી પડતી કે, કઈ શાક સારા હોય એ ખરાબ તો અમે તમને શાકભાજી ખરીદવા માટે કેટલીક મહત્વપૂર્ણ ટિપ્સ આપવા જઈ રહ્યા છીએ. ઉનાળાની ઋતુમાં શાકભાજી ખરીદતી વખતે તમારે આ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ. માર્ચ મહિનો હવે પૂરો થવા જ રહ્યો છે. સાથે-સાથે હવે ધીમે-ધીમે ગરમીનો પ્રકોપ પણ વધવા લાગશે. આ સીઝનમાં આપણે ખાવાની વસ્તુઓ બજારમાંથી ખૂબ સમજદારીથી ખરીદવા પડે છે. ઉનાળાની સીઝનમાં બજારોમાં તમને લીલી-તાજી શાકભાજીની ભરમાર જોવા મળશે. જેમાં બટેટા, ભીંડા, શિમલા મરચાં, ટીંડોરા, દૂધી અને તુરીયા વગેરે શામેલ છે. જેમ કે કહેવામાં આવે છે કે રસોઈ બનાવવી એક કલા છે, તે જ રીતે શાકભાજી ખરીદવી પણ એક કલા છે. જે વિશે દરેકને જાણકારી નથી હોતી. બજારમાંથી શાકભાજી ખરીદવાની જાણકારી દરેકને નથી હોતી. આવામાં જેમને શાકભાજી ખરીદવાની આવડતી નથી, તો તેઓ બજારમાંથી ખરાબ શાકભાજી ખરીદી લાવે છે. આથી આપણા સમય અને પૈસાની બરબાદી થાય છે. સાચી શાકભાજી ખરીદવા માટે યોગ્ય શાકભાજી પસંદ કરવી ખૂબ જ જરૂરી છે. ત્યારે જ તે શાકભાજી સ્વાદિષ્ટ બનશે અને આરોગ્ય માટે પણ સારી રહેશે. જો આપણે ખરાબ અને ગળી ગયેલી શાકભાજી સસ્તા ભાવે ખરીદી પણ લઈએ, તો તે જલદી ખરાબ થઈ જાય છે. યોગ્ય રીતે પસંદ કરેલી શાકભાજી આપણા માટે શ્રેષ્ઠ હોય છે. એવામાં જો તમને પણ શાકભાજી ખરીદતા આવડતી નથી, તો આજે અમે તમને ઉનાળામાં આવતી આ શાકભાજી ખરીદવાના કેટલાક ટિપ્સ આપવાના છીએ. જે તમે પણ ફોલો કરી શકો છો. આપણા સમય અને પૈસાની બરબાદી થાય છે. સાચી શાકભાજી ખરીદવા માટે યોગ્ય શાકભાજી પસંદ કરવી ખૂબ જ જરૂરી છે. ત્યારે જ તે શાકભાજી સ્વાદિષ્ટ બનશે અને આરોગ્ય માટે પણ સારી રહેશે. જો આપણે ખરાબ અને ગળી ગયેલી શાકભાજી સસ્તા ભાવે ખરીદી પણ લઈએ, તો તે જલદી ખરાબ થઈ જાય છે. યોગ્ય રીતે પસંદ કરેલી શાકભાજી આપણા માટે શ્રેષ્ઠ હોય છે.



એવામાં જો તમને પણ શાકભાજી ખરીદતા આવડતી નથી, તો આજે અમે તમને ઉનાળામાં આવતી આ શાકભાજી ખરીદવાના કેટલાક ટિપ્સ આપવાના છીએ. જે તમે પણ ફોલો કરી શકો છો. ઉનાળાની કાળઝાળ ગરમીમાં શાકભાજી ખરીદતી વખતે તમે આ જરૂરી ટિપ્સને ધ્યાનમાં રાખો. ત્યારે જ તમે તમારા માટે યોગ્ય શાકભાજી પસંદ કરી શકશો. હંમેશા શિમલા મરચાં ખરીદતી વખતે તેના નીચેની બાજુએ બનેલી ગાંઠોને ધ્યાનમાં રાખો. જો શિમલા મરચાંમાં ત્રણ ગાંઠો છે, તો તે તીખી હશે અને જો ચાર છે, તો તેનો સ્વાદ હળવો મીઠો હશે. આ ઉપરાંત થોડા મોટા સાઈઝની શિમલા મરચાં ખરીદો અને તેની સપાટી પર કોઈ છિદ્ર અને ગળી ગયેલી ન હોવી જોઈએ. ઉનાળામાં વિવિધ પ્રકારના મોટા-નાના બટેટા આવે છે. એવામાં તમે જ્યારે પણ બટેટા ખરીદો, તો તેના વજનનું ધ્યાન રાખો. જે બટેટા હલકા વજનના હોય, હંમેશા તેમને જ ખરીદો. ખરેખર, ભારે બટેટામાં બીજ હોઈ શકે છે, તો તે પાકેલા નીકળે છે. આ ઉપરાંત જો બટેટાની સપાટી વધારે કઠોર અને નરમ છે, તો તે તાજી નથી. હંમેશા ભીંડા ખરીદતી વખતે તમે તેનો નીચેનો ભાગ તોડી જુઓ. જો તે સરળતાથી તૂટી જાય, તો તેનો અર્થ છે કે ભીંડા એકદમ પાકેલા છે. કાચા ભીંડા સરળતાથી નથી તૂટતા. તાજા અને પાકેલા ભીંડાનો રંગ એકદમ લીલો હોય છે. ઉનાળાના મોસમમાં ભરપૂર દૂધી આવે છે. એવામાં તમે દૂધી ખરીદતી વખતે તેમાં હળવો નખ મારીને જુઓ. જો તમારો નખ સરળતાથી જાય છે, તો દૂધી સારી છે. જો દૂધીની સપાટી કઠોર છે, તો તેનો અર્થ છે કે તે પાકેલી છે. આ સાથે જ હલકા વજનની દૂધી જ ખરીદો, તેમાં બીજ નથી નીકળતા.

# દ્રાક્ષને ખાલી પાણીથી ધોઈને ખાઈ લો છો? આવી ભૂલ ન કરો

**હળવા ગરમ પાણીથી ધોવો: જો તમારી પાસે આ વસ્તુઓ ન હોય, તો દ્રાક્ષને હળવા ગરમ પાણીમાં નાખીને સારી રીતે ઘસો અને પછી ઠંડા પાણીથી ધોઈ લો**



બજારમાંથી લાવવામાં આવતી દ્રાક્ષ પર જંતુનાશકો, ધૂળ અને બેક્ટેરિયા હોઈ શકે છે. જો આને યોગ્ય રીતે સાફ કરવામાં ન આવે તો તે બીમાર કરી શકે છે. જો ખાલી સાદા પાણીથી ધોઈ નાખતા હોય તો, તે ખોટી રીત છે. ચાલો, જાણીએ સાચી રીત. ગરમી આવતા જ ફળોની મોસમ શરૂ થઈ જાય છે. આ સીઝનમાં દ્રાક્ષ ખાવામાં સ્વાદિષ્ટ અને આરોગ્ય માટે ફાયદાકારક હોય છે. પરંતુ એના પર લાગેલા કીટનાશક અને ધૂળ-માટી આરોગ્ય માટે નુકસાનકારક હોઈ શકે છે. જો આને સાચી રીતે સાફ ન કરવામાં આવે, તો પેટની સમસ્યાઓ અને હોર્મોનલ અસંતુલન જેવી ગંભીર સમસ્યાઓ થઈ શકે છે. માટે ફક્ત પાણીથી ધોવું હંમેશા પૂરતું નથી, કારણ કે કેટલાક રસાયણો અને બેક્ટેરિયા એ પર ચોંટેલા રહે છે અને પેટમાં જતા જ બીમાર બનાવી શકે છે. તેથી, અંગૂર ખાવા પહેલાં સારી રીતે સાફ કરવું ખૂબ જ જરૂરી છે. અમે તમને કેટલાક સરળ અને અસરકારક રસ્તાઓ બતાવીશું, જેનાથી તમે દ્રાક્ષને સારી રીતે ધોઈને સુરક્ષિત રીતે ખાઈ શકો છો. મીઠાના પાણીમાં પલાળો: એક વાટકી પાણીમાં એક ચમચી મીઠું નાખો અને દ્રાક્ષને ૧૦-૧૫ મિનિટ માટે તેમાં પલાળો. આથી એના પર લાગેલા કીટનાશક અને બેક્ટેરિયા દૂર થઈ જાય છે. બેકિંગ સોડા અને પાણીનું મિશ્રણ: એક લીટર પાણીમાં એક ચમચી બેકિંગ સોડા મિક્સ કરો અને દ્રાક્ષને થોડા સમય માટે પલાળીને ધોઈ લો. આ એક નેચરલ ક્લીનર તરીકે કામ કરે છે. વિનેગરથી ધોવો: અડધો કપ પાણીમાં અડધો કપ સફેદ વિનેગર મિક્સ કરો અને દ્રાક્ષને ૧૦ મિનિટ માટે તેમાં ડૂબાવી રાખો. પછી સાફ પાણીથી ધોઈ લો.

# સવારે બ્રશ કરતા પહેલા પાણી પીવું જોઈએ કે નહીં?

**ઘણા લોકો બ્રશ કરતા પહેલા પાણી પીવે છે, આ કરવું યોગ્ય છે કે નહીં તે જાણવા ઉત્સુક હશે**



આમારા શરીર માટે જેટલું પૌષ્ટિક આહાર જરૂરી છે, તેનાથી પણ વધુ પાણી જરૂરી છે. કારણ કે તે આપણા શરીરને હાઈડ્રેટ રાખવામાં મદદ કરે છે. પરંતુ કદાચ તમને ખબર નહીં હોય કે સવારે ઉઠીને ખાલી પેટ પાણી પીવાથી આપણા શરીરને ઘણો ફાયદો થાય છે. તમે તમારા ઘરમાં મોટા બૂઝુર્ગોને સવારે ઉઠીને ખાલી પેટ પાણી પીતા જોયા હશે. કારણ કે તેમની તંદુરસ્તીનું રહસ્ય જ ખાલી પેટ પાણી પીવું છે. આ સાથે જ આ અમુક બીમારીઓથી બચવામાં પણ મદદરૂપ છે. તો ચાલો, આયુષ ચિકિત્સક અધિકારી પાસેથી જાણીએ કે સવારે ખાલી પેટ પાણી પીવાથી આપણા આરોગ્યને શું ફાયદા થાય છે. આયુર્વેદ અનુસાર સવારે ખાલી પેટ પાણી પીવું એટલે કે પોતાને સંજીવની બૂટી આપવી છે. આ તમારા શરીરને હાઈડ્રેટ રાખે છે અને મનને શાંત કરે છે. સવારે ખાલી પેટ પાણી પીવાથી શરીરને ડિટોક્સ કરવામાં મદદ મળે છે, જેના કારણે સંક્રમણનો ખતરો ઓછો થાય છે. પાચન તંત્ર સાથે જોડાયેલી બીમારીઓ જેમ કે એસિડિટી, અપચો, ખટ્ટી ડકાર, પેટમાં દુખાવો, બળતરા, કબજિયાતથી છુટકારો મળે છે. વધુમાં, ખાલી પેટ પાણી પીવાથી શરીરનું વજન ઓછું થાય છે અને મેટાબોલિઝમ બૂસ્ટ થાય છે. આ ચરબી બર્ન કરવામાં મદદરૂપ છે. કિડનીની બીમારીઓ અને ત્વચાની બીમારીઓ માટે પણ આ ખૂબ જ અસરકારક છે. સવારે ઉઠીને બ્રશ કર્યા વિના ખાલી પેટ ઓછામાં ઓછા બે ગ્લાસ પાણી પીવું જોઈએ. જેથી આપણું શરીર સ્વસ્થ રહે અને ઘણી ગંભીર બીમારીઓથી બચી શકે. જો તમે વધુ પાણી પી શકતા નથી, તો ધીમે ધીમે આની આદત પાડો અને દરરોજ સવારે ઉઠીને સૌથી પહેલા પાણીનો સેવન કરો. આથી આપણા આરોગ્યને ઘણો ફાયદો થશે.

# એક્સસાઈઝ કર્યા પછી આ ભૂલ બિલકુલ ન કરવી જોઈએ, કલાકોની મહેનત જશે પાણીમાં!

**કસરત શરીર માટે ખૂબ જ ફાયદાકારક છે, જે લોકો દરરોજ કસરત કરે છે તેઓ દિવસભર સક્રિય રહે છે તેવું કહેવાય**



જિમ, સ્વિમિંગ, યોગા સહિત કોઈપણ પ્રકારની કસરત કર્યા પછી શરીર થાકેલું લાગે છે. આવા સમયે ઘણા લોકો ઘરે આવીને બેડ પર સૂઈ જાય છે અને ઘણી વખત ઊંઘી પણ જાય છે. પરંતુ કસરત પછી ઊંઘવું યોગ્ય નથી. આથી તમારી મહેનત બગડી શકે છે. કસરત પછી ઊંઘ કેમ આવે છે? કસરત કરવાથી એનર્જી બૂસ્ટ થાય છે કારણ કે આથી હાર્ટ રેટ અને બ્લડ ફ્લો વધે છે. આથી કેલરી સારી રીતે બર્ન થાય છે. ફિઝિકલ એક્ટિવિટી માટે ઘણી બધી એનર્જી અને સ્ટેમિના જોઈએ છે, જેના કારણે મસલ્સ સિકુડી જાય છે. એડિનોસિન ટ્રાઈફોસ્ફેટ એટલે કે છૂંનું લેવલ પણ ઘટી જાય છે, જેના કારણે મસલ્સની કાર્યક્ષમતા ઘટી જાય છે. આથી કસરત પછી થાક લાગે છે અને ઊંઘ આવે છે. કસરત પછી થોડી ઝપકી લેવી સારી છે. કારણ કે આથી મસલ્સ રિપેર થાય છે. ઝપકી લેવાથી પિટ્યુટરી ગ્લેન્ડમાંથી ગ્રોથ હોર્મોન રિલીઝ થાય છે, જેનાથી ડેમેજ ટિશ્યુઝ ઠીક થાય છે. આ સાથે જ શરીરનો થાક દૂર થાય છે. કસરત પછી ૨૦ મિનિટ સુધીની ઝપકી ફાયદાકારક છે. પરંતુ કેટલાક લોકો આ પછી ઊંઘી જાય છે. આથી તેમની રાતની ઊંઘ પર અસર થાય છે. તેઓ રાતે ઊંઘી શકતા નથી અને કસરત કર્યા પછી પણ આખો દિવસ થાક અનુભવતા રહે છે, જેના કારણે તેઓ કામ પર ફોકસ કરી શકતા નથી. જ્યારે રાતની ઊંઘ પૂરી નથી થતી, ત્યારે મગજની કાર્યક્ષમતા પર અસર થાય છે અને જે લોકો વજન ઘટાડવા માટે કસરત કરે છે, તેઓને સફળતા મળતી નથી. તેમની માનસિક સ્વાસ્થ્ય પણ બગડી શકે છે. ઘણા લોકો કસરત પહેલા વોર્મઅપ તો કરે છે, પરંતુ કસરત કર્યા પછી સ્ટ્રેચિંગ નથી કરતા. દરેક વખતની કસરત પછી સ્ટ્રેચિંગ જરૂરી છે. આથી મસલ્સને રિલેક્સ થવામાં મદદ મળે છે અને વ્યક્તિ ઊંઘથી બચી શકે છે. પરંતુ જો તેમ છતાં ઊંઘ આવે તો ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ. દરેક વ્યક્તિની પોતાની અલગ ક્ષમતા હોય છે. જો તે તેની ક્ષમતા કરતાં વધુ કસરત કરે છે, તો તે જલદી થાકી જાય છે. તેથી હંમેશા તમારી ક્ષમતા મુજબ જ કસરત કરો. આ ક્ષમતા દરેક વ્યક્તિના ફિટનેસ લેવલ, ડાયેટ, હાઈડ્રેશન, ડ્યુરેશન, મેડિકલ કન્ડીશન અને ઉંમર મુજબ અલગ હોઈ શકે છે.

# ખીલને મૂળમાંથી દૂર કરશે આ લીલું પાન, ડ્રાય સ્કીન પર આવશે ગ્લો

ખીલને મૂળમાંથી દૂર કરશે આ લીલું પાન, ડ્રાય સ્કીન પર આવશે ગ્લો, ઉનાળાના મોસમમાં ઘરની બહાર નીકળવાથી આપણી ત્વચાને નુકસાન થાય છે. આ મોસમમાં ત્વચા પર ટેનિંગ થઈ જાય છે, જેના કારણે રંગ ડેમેજ થઈ જાય છે. આબોહવાના કારણે એક્ને, પિમ્પલ્સ અને રેશેસ જેવી સમસ્યાઓ સામાન્ય બની જાય છે. ચહેરા પર પસીનો અને ધૂળ-માટી જમા થવાથી ત્વચા ઓઈલી થઈ જાય છે, જેના કારણે ખીલ અને સ્કિન ઈન્ફેક્શનનો ખતરો વધે છે. આવા સમયે અમે તમને કેટલાક કુદરતી ઉપાયો વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેનાથી તમે તમારી ત્વચાની સારી કાળજી લઈ શકો છો અને આથી તમને કોઈ આડઅસરનો પણ ખતરો નહીં રહે. ઉનાળાના મોસમમાં તમારી ત્વચાની સુરક્ષા માટે લીમડાની પાંદડીઓનો ઉપયોગ કરી શકો છો. તેમણે કહ્યું કે લીમડાની પાંદડીઓ એન્ટિસેપ્ટિક અને એન્ટીબેક્ટેરિયલ ગુણોથી ભરપૂર હોય છે, જે ત્વચાને સાફ કરવા અને ખીલને ઘટાડવામાં મદદ કરે છે. એક્ને અને પિમ્પલ્સની સમસ્યાથી છુટકારો મેળવવા માટે લીમડાની પાંદડીઓનો ફેસ પેક ખૂબ જ ફાયદાકારક હોઈ શકે છે. ફેસ પેક બનાવવા માટે લીમડાની પાંદડીઓને પીસી પેસ્ટ તૈયાર

**લીમડાને તમારા સ્કિન કેર રૂટિનમાં શામેલ કરો**





**કેમિકલ વગર કુદરતી રીતે તમારી ત્વચાને ચમકદાર અને હેલ્ધી બનાવો**

કરો અને તેમાં એક ચમચી બેસન અને એક ચપટી હળદર મિક્સ કરો. આ પેસ્ટને ચહેરા, ગળા અને પીઠ પર લગાવી ૧૫-૨૦ મિનિટ માટે છોડી દો અને પછી ઠંડા પાણીથી ધોઈ લો. અઠવાડિયામાં બે વાર આ ફેસ પેકનો ઉપયોગ કરવાથી એક્ને અને પિમ્પલ્સની સમસ્યા ધીમે-ધીમે ઘટી જાય છે અને ત્વચા હેલ્ધી દેખાવા લાગે છે. આ ઉપરાંત, આ ફેસ પેક ત્વચાને ડીપ ક્લીન કરે છે અને બેક્ટેરિયાને ખતમ કરવામાં મદદ કરે છે. જો ચહેરા પર વારંવાર પિમ્પલ્સ થઈ રહ્યા છે અને ત્વચા ઓઈલી થઈ રહી છે, તો લીમડાનો ફેસ મિસ્ટ ઉપયોગ કરવો ફાયદાકારક હોઈ શકે છે. તેને બનાવવા માટે એક મુઠ્ઠી લીમડાની પાંદડીઓને એક ગ્લાસ પાણીમાં ઉકાળો અને જ્યારે તે અડધું રહી જાય, તો તેને ઠંડુ કરીને સ્પ્રે બોટલમાં ભરી લો. આ મિસ્ટને સવારે અને સાંજે ચહેરા પર સ્પ્રે કરો અને કોટનની મદદથી ચહેરાને સાફ કરો. આ ત્વચા પર જમા ગંદકી અને વધારાના ઓઈલને દૂર કરવામાં મદદ કરે છે, જેના કારણે ત્વચા હેલ્ધી અને તાજી દેખાવા લાગે છે. આ મિસ્ટ બેક્ટેરિયાને પણ ખતમ કરે છે અને ત્વચાને કુદરતી રીતે ચમકદાર બનાવે છે. તેમણે આગળ જણાવ્યું કે ઉનાળામાં સનબર્ન અને ટેનિંગની સમસ્યા પણ ઘણી સામાન્ય બની જાય છે, જેના કારણે ત્વચા ડલ અને બેજાન દેખાવા લાગે છે. આથી રાહત મેળવવા માટે દહીં અને લીમડાની પાંદડીઓનો ફેસ પેક ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ પેક બનાવવા માટે એક ચમચી દહીંમાં લીમડાની પાંદડીઓનો પેસ્ટ મિક્સ કરીને ચહેરા પર લગાવો અને ૧૫-૨૦ મિનિટ માટે છોડી દો. પછી ઠંડા પાણીથી ધોઈ લો. આ ફેસ પેક ટેનિંગને ઘટાડે છે અને ત્વચાને ઠંડક પહોંચાડે છે. સાથે જ, આ તડકાથી થયેલી જલનને પણ ઘટાડે છે અને ત્વચાને હાઈડ્રેટેડ રાખે છે.

## તંત્રી લેખ...

# ખેડૂતોની હઠનું પરિણામ

પંજાબ-હરિયાણા સરહદ પર એક વર્ષથી વધુ સમય સુધી બે મુખ્ય રસ્તાને રોકીને ધરણાં કરી રહેલા હઠીલા ખેડૂતોને જબરદસ્તી હટાવીને પંજાબ સરકારે એ જ કર્યું, જે તેણે બહુ પહેલાં જ કરવા જેવું હતું. ખેડૂતોનાં આ ધરણાંને કારણે ન માત્ર સામાન્ય લોકોને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો હતો, બલ્કે વેપારીઓને સારું એવું નુકસાન પણ ઉઠાવવું પડતું હતું. જોકે ખેડૂત નેતા સુપ્રીમ કોર્ટની દખલ બાદ પણ પોતાની હઠ છોડવા તૈયાર ન હતા, એટલા માટે પંજાબની આમ આદમી પાર્ટીની સરકાર પાસે રસ્તા ખાલી કરાવ્યા વિના કોઈ ચારો રહ્યો ન હતો. આ એ જ આમ આદમી પાર્ટી છે, જેણે એક સમયે કૃષિ કાયદાના વિરોધમાં જબરદસ્તી દિલ્હીને ઘેરીને બેઠેલા કથિત ખેડૂતોનું દરેક પ્રકારે સમર્થન કર્યું હતું. એ સારું છે કે તેણે ભલે મજબૂરીમાં, પણ પોતાનો રાજધર્મ નિભાવ્યો. તેણે બુલડોઝર મોકલીને ખેડૂતોએ બનાવેલા અસ્થાયી તંબુઓને તોડી પાડ્યા. એ સમયની માંગ છે કે ખેડૂત નેતાઓ પણ એ સમજે કે હઠધર્મિતા દેખાડવાથી તેમની સમસ્યાઓનું સમાધાન થવાનું નથી. તેમણે એ પણ સમજવું પડશે કે જો કોઈ પોતાની માંગો મનાવવા માટે જાણીજોઈને લોકોને પરેશાન કરવાની રીતભાતો અપનાવે છે તો તે જનતાની સહાનુભૂતિ ગુમાવી દે છે અને સરકારો માટે તેમની માંગો પર વિચાર કરવો પણ મુશ્કેલ થઈ જાય છે. ખેડૂત સંગઠનો પોતાની અન્ય અનેક માંગો સહિત તમામ પાકોની ટેકાના ભાવે ખરીદીની ગેરંટીવાળો કાયદો ઈચ્છે છે. તેમનું માનવું છે કે સરકાર માટે આવો કાયદો બનાવવો સંભવ છે, પરંતુ કેન્દ્ર સરકાર વારંવાર કહી રહી છે કે આવો કાયદો બનાવવો સંભવ નથી અને જો તેમના દબાણમાં આવીને એવો કાયદો બનાવી પણ દેવાય તો તેનાં દુષ્પરિણામો ખેડૂતોએ જ ભોગવવાં પડશે. ખેડૂત નેતાઓ પાસે એવા સવાલોનો કોઈ જવાબ નથી હોતો કે જો વેપારી ટેકાના ભાવે ખરીદી કરવાનું બંધ કરી દે તો શું થશે?

## ઓફશોર ઓનલાઈન મની ગેમિંગ કંપનીઓ પર કરચોરી રોકવા માટે DGGIએ કાર્યવાહી કરી

### DGGI એ ગેરકાયદેસર/બિન-અનુપાલનકારી ઓફશોર ઓનલાઈન મની ગેમિંગ એન્ટિટીઝની ૩૫૭ વેબસાઇટ્સ/URL બ્લોક કર્યા છે

ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ ઈન્ટેલિજન્સ (DGGI) ના ડિરેક્ટોરેટ જનરલે ઓફશોર ઓનલાઈન ગેમિંગ એન્ટિટીઝ સામે તેની અમલીકરણ કાર્યવાહી વધુ તીવ્ર બનાવી છે. ઓનલાઈન મની ગેમિંગ ઉદ્યોગમાં સ્થાનિક અને વિદેશી બંને પ્રકારના ઓપરેટરોનો સમાવેશ થાય છે. GST કાયદા હેઠળ, 'ઓનલાઈન મની ગેમિંગ', કાર્યવાહીપાત્ર દાવો હોવાથી, 'માલ' ના પુરવઠા તરીકે વર્ગીકૃત થયેલ છે અને તેના પર ૨૮% કર લાગુ પડે છે. આ ક્ષેત્રમાં કાર્યરત સંસ્થાઓએ GST હેઠળ નોંધણી કરાવવી જરૂરી છે. ઓનલાઈન મની ગેમિંગ/સટ્ટાબાજી/જુગારના સપ્લાયમાં સામેલ લગભગ ૭૦૦ ઓફશોર એન્ટિટીઓ DGGI ની તપાસ હેઠળ છે. એવું નોંધાયું છે કે આ એન્ટિટીઓ નોંધણી કરવામાં નિષ્ફળ રહીને, કરપાત્ર પે-ઈન્સ છુપાવીને અને કર જવાબદારીઓને બાયપાસ કરીને GST થી બચી રહી છે. અત્યાર સુધીમાં , DGGI દ્વારા ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય (MeitY) સાથે સંકલનમાં, IT એક્ટ, ૨૦૦૦ ની કલમ ૬૯ હેઠળ ગેરકાયદેસર/બિન-અનુપાલન કરતી ઓફશોર ઑનલાઇન મની ગેમિંગ એન્ટિટીઓની ૩૫૭ વેબસાઈટ્સ/URL ને બ્લોક કરવામાં આવી છે. કેટલાક ગેરકાયદેસર ગેમિંગ પ્લેટફોર્મ્સ સામેની તાજેતરની કાર્યવાહીમાં, DGGI એ I4C અને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) સાથે સંકલન કરીને સહભાગીઓ પાસેથી નાણાં એકત્રિત કરવા માટે ઉપયોગમાં લેવાતા બેંક ખાતાઓને નિશાન બનાવ્યા અને બ્લોક કર્યા, લગભગ ૨,૦૦૦ બેંક ખાતાઓ અને રૂ. ૪ કરોડ જપ્ત કર્યા. બીજી કાર્યવાહીમાં, આમાંથી કેટલીક ઓફશોર એન્ટિટીઝની વેબસાઈટ્સ પર મળેલા UPI ID સાથે જોડાયેલા ૩૯૨ બેંક ખાતાઓને ડેબિટ ફ્રીઝ પર મૂકવામાં આવ્યા છે અને આ ખાતાઓમાં કુલ રૂ. ૧૨૨.૦૫ કરોડની રકમ કામચલાઉ રીતે જપ્ત કરવામાં આવી છે. DGGI દ્વારા ભારતની બહારથી ઓનલાઈન મની ગેમિંગ પ્લેટફોર્મ ચલાવતા કેટલાક ભારતીય નાગરિકો સામે વધુ એક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તેમાં જાણવા મળ્યું હતું કે આ વ્યક્તિઓ સતગુરુ ઓનલાઈન મની ગેમિંગ પ્લેટફોર્મ, મહાકાલ ઓનલાઈન મની ગેમિંગ પ્લેટફોર્મ અને અભિ૨૪૭ ઓનલાઈન મની ગેમિંગ પ્લેટફોર્મ સહિત વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા ભારતીય ગ્રાહકોને ઓનલાઈન મની ગેમિંગની સુવિધા આપી રહ્યા હતા અને ભારતીય ગ્રાહકો પાસેથી પૈસા એકત્રિત કરવા માટે ખચ્ચર બેંક ખાતાઓનો ઉપયોગ કરી રહ્યા હતા. DGGI એ અત્યાર સુધીમાં આ પ્લેટફોર્મ સાથે જોડાયેલા ૧૬૬ ખચ્ચર ખાતાઓને બ્લોક કર્યા છે. અત્યાર સુધીમાં આવા ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે અને આવા વધુ વ્યક્તિઓ સામે તપાસ ચાલુ છે. વિદેશી સંસ્થાઓ દ્વારા પાલન ન કરવાથી વાજબી સ્પર્ધા વિકૃત થાય છે, સ્થાનિક વ્યવસાયોને નુકસાન થાય છે અને બજારને વિકૃત કરવામાં આવે છે. આ અનૈતિક વિદેશી સંસ્થાઓ નવા વેબ સરનામાં બનાવીને પ્રતિબંધોને ટાળે છે. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે આ કંપનીઓ વ્યવહારો પર પ્રક્રિયા કરવા માટે 'મૂલ' બેંક ખાતાઓ દ્વારા સંચાલન કરતી હતી. મુલ ખાતાઓ દ્વારા એકત્રિત કરાયેલા ભંડોળ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં ફસાવવાની સંભાવના છોડી દે છે જે રાષ્ટ્રીય સુરક્ષાના દૃષ્ટિકોણથી પણ જોખમી હોઈ શકે છે. એવું જોવા મળ્યું છે કે ઘણા બોલિવૂડ સેલિબ્રિટીઝ અને ક્રિકેટર્સ, યુટ્યુબ, વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ ઈન્ફ્લુએન્સર્સ સાથે, આ પ્લેટફોર્મ્સને સમર્થન આપતા જોવા મળે છે, અને તેથી જનતાને સાવચેત રહેવાની અને ઓફશોર ઓનલાઈન મની ગેમિંગ પ્લેટફોર્મ્સ સાથે જોડાવાની સલાહ આપવામાં આવે છે કારણ કે તે તેમના વ્યક્તિગત નાણાકીય જોખમમાં મૂકી શકે છે અને નાણાકીય અખંડિતતા અને રાષ્ટ્રીય સુરક્ષાને નબળી પાડતી પ્રવૃત્તિઓને પરોક્ષ રીતે સમર્થન આપી શકે છે. ડીજીજીઆઈ ગેરકાયદેસર ઓફશોર ગેમિંગ એન્ટિટીના જોખમનો સક્રિયપણે સામનો કરવા માટે પ્રતિબદ્ધ છે. આગામી આઈપીએલ સીઝન સાથે, ગેરકાયદેસર ગેમિંગ કામગીરીને રોકવા માટે અમલીકરણ પગલાં વધુ કડક બનશે. જવાબદાર ગેમિંગ માટે માહિતગાર રહેવું અને નિયમનકારી પ્લેટફોર્મ પસંદ કરવું મહત્વપૂર્ણ છે.

**૨૩ માર્ચ એ જ દિવસ છે જ્યારે બ્રિટિશ સરકારે દેશના ત્રણ બહાદુર સપૂતોને ફાંસી આપી હતી, જેને વિષે જરાક જોઈએ**

# ભગતસિંહ! સામ્રાજ્યવાદની સમાપ્તિ નહીં થાય, ત્યાં સુધી માનવતા શરમજનક સ્થિતિમાં રહેશે!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**દેશની આઝાદી માટે બહાદુર પુત્રો ભગતસિંહ, શિવરામ રાજગુરુ, સુખદેવે બલિદાન આપ્યા હતા, બ્રિટિશ શાસન સામે અવાજ ઉઠાવતા, તેમણે જાહેર સુરક્ષા અને વેપાર વિતરણ બિલના વિરોધમાં સેન્ટ્રલ એસેમ્બલીમાં બોમ્બ ફેંક્યા, જે બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી અને તેને ફાંસીની સજા આપવામાં આવી હતી.**

૨૩ માર્ચ શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, અને ખાસ કરીને એ આપણાં દેશને તેમજ દેશવાસીઓને લાગુ પડતું હોવાથી, એની પ્રત્યે આપણને સહજ વધું ભાવ હોય. ૩૦ જાન્યુઆરી એ ગાંધીજીની હત્યા થઈ, કે જેમણે અહિંસાની લડતથી ભારતમાં આઝાદી આવે એવા પ્રયત્નો કર્યા હતાં, અને એવી ચળવળની આગેવાની સ્વીકારી હતી. જ્યારે ભારતના જ અમુક યુવાનોએ ક્રાંતિકારી રીત અપનાવી હતી, અને ખાસકરીને લાલા લજપતરાયનાં મૃત્યુ તેમજ જલિયાંવાલા બાગમાં થયેલ હત્યાકાંડને કારણે તેવો એ અંગ્રેજોને જડબાતોડ જવાબ આપવા માટે નુકસાન કરવાનો માર્ગ અપનાવ્યો હતો. એમણે એટલી હદે અંગ્રેજોના નાકે દમ લાવી દીધો, કે અંતે લાહોરમાં કૃષ્ણલાલ વર્માની કોર્ટમાં એમની પર કેસ દાખલ થયો, એમાં ૧૬ ક્રાંતિકારીની ધરપકડ થઈ, અને એમને ત્રણેને ફાંસીની સજા થઈ હતી! આજે પણ જ્યારે એ દિવસો યાદ કરીએ કે અંગ્રેજોની ગુલામીમાં આપણો ભારત દેશ જકડાયેલો હતો, અને ગુલામીની જંજીર તોડવા માટે દરેક ભારતવાસીઓએ કમર કસી હતી. દરેકે પોતપોતાની રીતે કોઈને કોઈ યોગદાન દીધું હશે, એટલે એ સૌને વંદન, પણ ભગતસિંહ સુખદેવ અને રાજગુરુને ૨૪ માર્ચે ફાંસીની સજા એનાયત કરવામાં આવી હતી. પરંતુ લોક જુવાળ એટલો બધો હતો કે અંગ્રેજો ડરી ગયા, અને તેને ૨૩ના રાત્રે જ ફાંસી આપી દીધી હતી, અને સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ! એમ કરી ૧૯૩૧ ની સાલમાં માત્ર ૨૩ વર્ષની ઉંમરે ભગતસિંહ સુખદેવ અને રાજગુરુ એ હસતાં હસતાં ફાંસીની સજા સ્વીકારી હતી, અને લગભગ દરેકના મનમાં પોતાની ફાંસી માટે કોઈ રંજ નહોતો! પણ ૨૨ તારીખથી મુંબઈ ઈડન ગાર્ડન ખાતે આઈપીએલની ધમાકેદાર શરૂઆત થઈ, અને આપણે સૌ જાણીએ છીએ કે આજકાલની યુવાનીને ક્રિકેટ કેટલી પ્રિય છે. ખેલાડીઓ અને અભિનેતાઓને યુવાનો રોલ મોડેલ માનવાં લાગ્યા છે! કોઈ પણ વ્યવસાયમાં સચ્ચાઈ અને નિષ્ઠા હોય તો યુવાનો એને આદર્શ માને તો એ કંઈ ખોટું નથી! પણ વારંવાર મેચ ફિક્સિંગ અને એનાં પુરાવાઓ મળે છે, અને એમાં પણ આઈપીએલમાં તો રુપિયા માટે રમવાનું હોય સૌ મોં માંગ્યા દામ પણ માંગે છે. બહુ વિચારવા જેવી વાત છે કે, જેની માટે રુપિયાથી ઉપર કંઈ જ ન્હોય એને આદર્શ કંઈ રીતે માની શકાય! છતાં પણ એને આદર્શ માની આજકાલની યુવાની ભૂલ કરી રહી છે. સ્ટેડિયમમાં જોઈએ તો પોતે કંઈ ટીમને સપોર્ટ કરે છે, એ માટે એના ધ્વજ, એનાં ટીશર્ટ અને બીજુય કેટલું.. અધધધધ રુપિયા વાપરે છે! રુપિયા એનાં પોતાના હોય, જ્યાં વાપરવા હોય ત્યાં વાપરે, આપણે કંઈ જ ન કહી શકીએ! પણ આ બધું દેશભક્તિ ને નામે તો ન જ થવું જોઈએ! કારણકે, જ્યાં દેશ સૌથી ઉપર નથી એ હકીકત આજના યુવાનો એ સમજવાની જરૂર છે. આદર્શ તો એવો હોવો જોઈએ કે, જેનું સ્મરણ થતાં એમનાં બલિદાન આગળ વગર કહે આપણું મસ્તક નમે! અને એવાં હતાં એ ક્રાંતિકારી જવાનો! કે જેણે અંગ્રેજો ને પણ ડરાવી દીધાં હતાં! અને એમનાં વિશે આજનાં યુવાનો એ જાણવું જરૂરી છે. સેન્ટ્રલ એસેમ્બલીમાં બોમ્બ ફેંક્યા બાદ, દેશની આઝાદી માટે બહાદુર પુત્રો ભગતસિંહ, શિવરામ રાજગુરુ, સુખદેવે બલિદાન આપ્યા હતા. બ્રિટિશ શાસન સામે અવાજ ઉઠાવતા, તેમણે જાહેર સુરક્ષા અને વેપાર વિતરણ બિલના વિરોધમાં સેન્ટ્રલ એસેમ્બલીમાં બોમ્બ ફેંક્યા. જે બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી અને તેને ફાંસીની સજા આપવામાં આવી હતી. ૨૩ માર્ચ એ જ દિવસ છે જ્યારે બ્રિટિશ સરકારે દેશના ત્રણ બહાદુર સપૂતોને ફાંસી આપી હતી, જેને વિષે જરાક જોઈએ. ભગત સિંહઃ માતૃભૂમિ માટે પોતાના જીવનનું બલિદાન આપનાર ભગત સિંહનો જન્મ ૨૮ સપ્ટેમ્બર ૧૯૦૭ના રોજ પંજાબના લાલપુરમાં થયો હતો. ચંદ્રશેખર આઝાદ અને અન્ય પક્ષના સભ્યો સાથે મળીને, ભગતસિંહે ભારતની આઝાદી માટે અભૂતપૂર્વ હિંમત સાથે શક્તિશાળી બ્રિટિશ સરકાર સામે હિંમતભેર લડત આપી હતી. તેઓ માર્ક્સના વિચારોથી ખૂબ પ્રભાવિત હતા. ભગત સિંહનું સૂત્ર 'ઈન્કલાબ ઝિંદાબાદ' ખૂબ પ્રખ્યાત છે. આ સૂત્રએ દેશવાસીઓને ઉત્સાહથી ભરી દેવાનું કામ કર્યું. ૧૯૨૮માં સાયમન કમિશનના વિરોધમાં લાઠીચાર્જને કારણે લાલા લજપત રાયનું મૃત્યુ થયું. લાલાજીના મૃત્યુએ ભગતસિંહને ભારે ક્રોધ અને દુઃખથી ભરી નાખ્યા. તેમણે લાલાજીના મૃત્યુ માટે જવાબદાર પોલીસ અધિક્ષક સ્કોટની હત્યા કરવાની યોજના બનાવી અને લાહોરમાં રાજગુરુ અને ચંદ્રશેખર આઝાદ સાથે મળીને એસપી સાન્ડર્સની ગોળી મારીને હત્યા કરીને સનસનાટી મચાવી. તે જેલમાં ૬૩ દિવસ અનસન પર રહ્યા હતા અને જેલમાં કરેલા ઉપવાસ ખરાબ ભોજન સુધારણા માટે હતાં. શહીદ સુખદેવ :'' સુખદેવનો જન્મ ૧૫ મે, ૧૯૦૭ના રોજ પંજાબના લાલપુરમાં થયો હતો. ભગતસિંહ અને સુખદેવના પરિવારો લાલપુરમાં એકબીજાની નજીક રહેતા હતાં અને બંને વીરો વચ્ચે ગાઢ મિત્રતા હતી. એટલું જ નહીં બંને લાહોર નેશનલ કોલેજના સ્ટુડન્ટ પણ હતા. સુખદેવે સોન્ડર્સ મર્ડર કેસમાં ભગતસિંહ અને રાજગુરુનું સમર્થન કર્યું હતું. શહીદ રાજગુરુઃ શહીદ રાજગુરુનો જન્મ ૨૪ ઓગસ્ટ, ૧૯૦૮ના રોજ પુણે જિલ્લાના ખેડા ખાતે થયો હતો. રાજગુરુ શિવાજીની ગેરિલા શૈલીના પ્રશંસક હોવા ઉપરાંત, લોકમાન્ય બાળ ગંગાધર તિલકના વિચારોથી પણ પ્રભાવિત હતા. શહીદોના સન્માનમાં ભારતમાં દર વર્ષે કુલ સાત શહીદ દિવસ મનાવવામાં આવે છે. તેઓ જુદી જુદી તારીખો અને મહિનાઓ પર પડે છે. આ સાત દિવસ છે ૩૦ જાન્યુઆરી, ૨૩ માર્ચ, ૧૯ મે, ૨૧ ઓક્ટોબર, ૧૯ નવેમ્બર અને ૧૭ નવેમ્બર. જોકે આપણે ૩૦ જાન્યુઆરી અને ૨૩ માર્ચે મનાવવામાં આવતા શહીદ દિવસની વાત કરીએ, તો આ બંને વચ્ચે તફાવત છે. હા, ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ ના રોજ, ભારતને આઝાદી મળ્યાના માત્ર પાંચ મહિના પછી, નથ્થુરામ ગોડસેએ નવી દિલ્હીના બિરલા હાઉસ સંકુલમાં મહાત્મા ગાંધીની છાતી અને પેટમાં ત્રણ ગોળીઓ મારી હતી. બીજી તરફ, શહીદ ભગત સિંહ, સુખદેવ અને રાજગુરુના બલિદાનને ૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ યાદ કરવામાં આવે છે, જ્યારે અંગ્રેજોએ તેમને ફાંસી આપી હતી. એટલે કે એકમાં અંગ્રેજ દુશ્મન દ્વારા ફાંસી જ્યારે બીજો તો હિન્દુ થઈને દુશ્મન બન્યો!! ક્રાંતિકારીના જીવનનો એક માત્ર ઉદ્દેશ્ય ભારતને ગુલામીની બેડીમાંથી મુક્ત કરવાનો હતો. તેમણે અંગ્રેજોના અમાનુષી અત્યાચારો સહન કર્યા, અને અસંખ્ય યાતનાઓ સહન કરી હતી, પણ ક્યારેય રુપિયાને કે પરિવાર પ્રેમને દેશથી વધુ મહત્વ આપ્યું નહોતું. જેલમાં એ લોકોએ ઉચ્ચ અભ્યાસ કર્યો, આ ઉપરાંત બે ક્રાંતિકારી સામાયિક શરૂ કર્યા, અને દેશના યુવાનોને આઝાદીની ચળવળમાં જોડાવા માટે આહવાન કર્યું.વિશ્વના મોટા ભાગ પર જેમનું નિયંત્રણ હતું, એક એવું સામ્રાજ્ય જેના વિશે એવું કહેવામાં આવે છે, કે તેમના શાસન હેઠળ ક્યારેય સૂર્ય આથમતો નથી, આટલું શક્તિશાળી શાસન માત્ર ૨૩ આસપાસના યુવાનોથી ડરી ગયું. આજના આધુનિક યુવાનો જે નાની નાની સમસ્યાઓમાં પણ હતાશ થઈ જાય છે, માનસિક વિકૃતિઓથી ઘેરાઈ જાય છે, જેઓ સહેજ સંઘર્ષને કારણે ડિપ્રેશનમાં આવવા લાગે છે, તેવાં યુવાનોએ આ શહીદોના જીવનમાંથી પ્રેરણા લેવી જોઈએ. એમણે કહ્યું કે ક્રાંતિનો અર્થ આખરે એવી સામાજિક વ્યવસ્થાની સ્થાપના છે, જેમાં માત્ર વિદ્રોહ ન્હોય પણ શ્રમજીવીની સર્વોપરિતાને સાર્વત્રિક રીતે સ્વીકારવામાં આવે. જ્યાં સુધી માણસ દ્વારા માણસનું શોષણ થાય છે, અને એક રાષ્ટ્ર દ્વારા બીજા રાષ્ટ્રનું શોષણ, જેને સામ્રાજ્યવાદ કહે છે, તે સમાપ્ત નહીં થાય ત્યાં સુધી માનવતા શરમજનક સ્થિતમાં જ રહેશે. તેઓ કહેતા હતા, ''ક્રાંતિનો અમારો અર્થ અન્યાય પર આધારિત વર્તમાન સામાજિક વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન છે. તો આપણાં યુવાનોને આવાં રોલ મોડેલ તરીકે રાખવા જોઈએ જેનાથી તે પણ પોતાનું નામ આ રીતે ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાવી શકે, અથવા તો જેનું લખાયું છે એના સમર્થક રહ્યાનો સંતોષ થાય.જય હિન્દ.

**કપિલ ભગવાન કહે છે, મા તું સંત થા, એટલે તને સંત મળશે, એકનાથ, તુકારામ, નરસિંહ ગૃહ સ્થાશ્રમી હતા, તેઓ ઘરમાં રહીને સંત થયેલા છે**

# સમય અને ભાગ્ય બંને પરિવર્તનશીલ હોય છે, માટે સારા સમયમાં અભિમાન અને ખરાબ સમયમાં ચિંતા ના કરો



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સંસારમાંથી જે ન જાગે તેને કનૈયો મળતો નથી. ત્યારે જાગ્યો કોણ કહેવાય? જે મનથી વિષય સુખનો ત્યાગ કરી ભગવાનના નામનો જપ કરે તે, તુલસીદાસજી કહે છે, જ્યારે સઘળા વિષય વિલાસો ઉપર વૈરાગ્ય આવે, ત્યારે સમજવું કે એ જીવ જગતમાં જાગ્યો છે, કપિલમુનિ માતાને કહે છે, મા, અનાદિકાળથી આ મન સંસારમાં ભટકતું આવ્યું છે.**

આપણે મહાકુંભનો માહોલ માણ્યો દેશની અડધી જન સંખ્યાએ પાપ ધોવા ગંગામાં ડૂબકી મારી તો કેટલાક લોકોએ જીવ ગુમાવ્યા શું દેશની ડામાડોળ પરિસ્થિતિ જોતાં એવું લાગે છે કે આ ભક્તિ ? પાપ કરવા અને ધોવા આ સાચું છે? અજાણતા થયેલ પાપને માફ કરી દેશે પણ ? કથાકાર હંમેશા શ્રોતાઓમાં રૂચી વધે એ પ્રકારનાં ભજનો દૃષ્ટાંતો આપી કથાને એક પ્રેરણારૂપ બનાવવા સતત પ્રયત્ન શીલ રહે સાથે ચાબખા રૂપ લાગે એ પીરસવા પ્રયત્ન કરે છે.તો આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં વાચક ચાહક મિત્રો જોઈએ તો ભક્તિમાર્ગ કહે છેકે,સર્વનો ત્યાગ કરવો એ અઘરું છે. એના કરતાં સર્વમાં ઈશ્વર છે એમ આની સર્વ સાથે ભાગવત ભાવ રાખી સર્વ સમર્પણ કરવું. ભક્તિમાર્ગમાં સમર્પણ મુખ્ય છે. ભક્તિમાર્ગના આચાર્ય શ્રીકૃષ્ણ છે. ભગવાન શ્રીકૃષ્ણ સર્વ ઉપર પ્રેમ કરે છે. ભક્તિમાર્ગમાં સર્વ સાથે પ્રેમ કરવાનો હોય છે. ભગવાન જેવો પ્રેમ કરનાર કોઈ થયો નથી અને થવાનો નથી.એક વખત ભૃગુઋષિ વૈકુંઠમાં આવ્યા. ભગવાન સૂતેલા છે. લક્ષ્મીજી ચરણની સેવા કરે છે આને મોટોદેવ કોણ કહે? આવેલા પરીક્ષા કરવા એટલે એકદમ આવીને ભગવાનની છાતી ઉપર એમણે લાત મારી. ભૃગુઋષિએ છાતીમાં લાત મારી તેમ છતાં છાતીમાં લાત મારનાર ઉપર પણ મારો કનૈયો પ્રેમ કરે છે તેવું માન્યું. ભગવાન કહે છે,મારી છાતી સખત અને તમારા ચરણ કોમળ. તમારાં ચરણને દુઃખ થયું હશે. જગતમાં આવો પ્રેમ કરનારો કોઈ છે? પણ માતાજીને જરા ખોટું લાગ્યું.આ કંઈ પરીક્ષા કરવાની રીત નથી. તેથી માતાજીએ બ્રાહ્મણોનો ત્યાગ કર્યો એટલે ઘણે ભાગે બ્રાહ્મણો ગરીબ હોય છે.જ્ઞાનીઓ માને છે કે,આ શરીરનો સંબંધ થયો એટલે દુઃખ આવ્યું એટલે જ્ઞાનીઓ આ શરીર સાથે પણ પ્રેમ કરતા નથી. પ્રેમ કરવો હોય તો સર્વ સાથે પ્રેમ કરો અને કોઈ સાથે પ્રેમ ન કરવો હોય તો આ શરીર ઉપર પણ પ્રેમ ન કરવો અને એક પરમાત્મા ઉપર પ્રેમ કરવો. સર્વ સાથે પ્રેમ કરો અથવા સર્વનો ત્યાગ કરો. સર્વનો ત્યાગ તમારાથી ન થઈ શકે તો સર્વમાં ઈશ્વરનો ભાવ રાખી તેની સાથે પ્રેમ કરો.સર્વમાંથી મમતાનો ત્યાગ કરો અથવા સઘળું ઈશ્વરને અર્પણ કરી સર્વ કર્મફળનો ત્યાગ કરો. દરેકમાં મમતા-મારાપણુંએ સમર્પણ માર્ગ. અમુકમાં જ મમતા એ સ્વાર્થ માર્ગ. આજે આ બધાં સ્વાર્થમાર્ગી બન્યા છે. સંસારમાંથી જે ન જાગે તેને કનૈયો મળતો નથી. ત્યારે જાગ્યો કોણ કહેવાય?જે મનથી વિષય સુખનો ત્યાગ કરી ભગવાનના નામનો જપ કરે તે. તુલસીદાસજી કહે છે,જ્યારે સઘળા વિષય વિલાસો ઉપર વૈરાગ્ય આવે, ત્યારે સમજવું કે એ જીવ જગત માં જાગ્યો છે.કપિલમુનિ માતાને કહે છે,મા,અનાદિકાળથી આ મન સંસારમાં ભટકતું આવ્યું છે. સત્સંગથી મન સુધરે છે, વાસના નો ત્યાગ કરવાથી મન સુધરે છે, વિવેકીપુરૂષ સંગ યા આસક્તિને આત્માનું બંધન માને છે પરંતુએ સંગ અથવા આસક્તિ જ્યારે સંત-મહાત્માઓ મતિથાય છે,તો મોલનું દ્વાર ખુલ્લું થઈ જાય છે માટે સત્સંગ કરવો. દેવહુતિ કહે છે કે,મને જગતમાં ક્યાંય સંત દેખાતા નથી. કપિલ ભગવાન કહે છે,મા તું સંત થા, એટલે તને સંત મળશે. એકનાથ,તુકારામ,નરસિંહ ગૃહ સ્થાશ્રમી હતા.તેઓ ઘરમાં રહીને સંત થયેલા છે.સંતનાં લક્ષણો જીવનમાં ઉતારો તો સંત થશો. સત્સંગ વગર સુખ મળતું નથી. સંત થયા વિના સાચા સંત મળતા નથી. દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ બને છે. હનુમાનજીની આંખ ક્રોધથી લાલ થવાથી ધોળાં ફૂલ પણ તેમને લાલ દેખાયાં હતાં. આ વાત એક નાથ મહારાજે કહી છે. તેઓ રામા યણના સુંદરકાંડની કથા કહી રહયા હતા. આ સુંદરકાંડમાં સઘળું સુંદર છે. સુંદરકાંડનું નામ સુંદર એટલા માટે રાખ્યું છે કે,હનુમાનજીને તેમાં માતાજીની પરાભક્તિનાં દર્શન થયાં છે.બ્રહ્મચર્ય અને રામનામની શક્તિ હોય, તો દરિયો આ સંસાર સાગર ઓળંગાય. હનુમાનજી જેવા હોય તો જ આ દરિયો ઓળંગી શકે. દરિયો ઓળંગી હનુમાન અશોકવનમાં આવ્યા છે. એકનાથ મહારાજે કથામાં કહ્યું કે હનુમાનજી અમારે અશોકવનાં આવ્યા છે,ત્યારે ત્યાંના ફૂલઝાડો ઉપર ધોળાં ફૂલ ખીલી રહ્યાં હતાં. સીતાજી કયાં હોય તે અશોકવન ભક્તિ જ્યાં હોય ત્યાં શોક ન હોય. એકનાજીની આ કથા હનુમાનજી સાંભળવા આવેલા. તેમણે તરત પ્રગટ થઈ વિરોધ નોંધાવ્યો. મહારાજ, તમે ખોટું કહી રહ્યા છો. મેં તે વખતે અશોકવનમાં મારી સગી આંખોએ ફૂલો જોયેલાં ફૂલો ધોળાં નહીં પણ રાતાં હતાં. એકનાથ મહારાજે કહ્યું, મને જેવું દેખાય છે તેવું વર્ણન કરું છું.છેવટે ઝઘડો રામચંદ્રજી પાસે ગયો. રામજીએ કહ્યું,તમે બંને સાચા છો ફૂલો ધોળા પરંતુ હનુમાનજીની આંખો તે વખતે ક્રોધથી લાલ થયેલી હતી, એટલે એમને ફૂલો રાતાં દેખાયા એ પણ સાચું છે. જેવી મનુષ્યની દૃષ્ટિ હશે તેવી તેને સૃષ્ટિ દેખાશે દર્યોધનને જગત માં કોઈ સંત નદેખાયો બધા દુર્જન માલુમ પડયા. ત્યારે યુધિષ્ઠિરને જગતમાં કોઈ દુર્જન ન દેખાયો, તેને બધા સજ્જન લાગ્યા. સંતો નાં લક્ષણોમાં તિતિક્ષાને પ્રાધાન્ય આપવામાં આવેલું છે. સહન કરો તો સુખી થશો. સંતોનાં ચારિત્રો વાંચો. સંતોને ખૂબ દુઃખ પડયું છે, પણ તે દુઃખોની અસર સંતોના મન ઉપર થતી નથી. એકનાથ મહારાજ પૈઠણમાં રહેતાગોદાવરી નદી ઉપર જવાના માર્ગ ઉપર એક પઠાણ રહે.તે માર્ગથી જે હિંદુઓ સ્નાન કરીને જાય તેમને પઠાણ બહુ તંગ કરતો એકનાથ મહારાજ પણ એ જ રસ્તેથી ગોદાવરીમાં સ્નાન કરવા જતા હતા. પઠાણ મહારાજને પણ તંગ કરતો પણ એકનાથજી સર્વ સહન કરે. એક દિવસ પઠાણ ને થયું કે, આ માણસને ગુસ્સે કરું ત્યારે ખરો! એકનાથજી મહારાજ નદીમાં સ્નાન કરીને પાછા ફરતા હતા.પેલો યવન એમના ઉપર થૂંક્યો .મહારાજ ફરીથી સ્નાન કરવા ગયા.પણ યવન ઉપર ગુસ્સે થયા નહીં.યવન ફરી થૂંકયો. મહારાજ ફરી સ્નાન કરવા ગયા. પણ યવન ઉપર ગુસ્સે થયા નહીં. યવન ફરી થૂંકયો. મહારાજ ફરી સ્નાન કરવા ગયા. આવું ચાલ્યા જ કર્યું.મહારાજ ૧૦૮ વખત સ્નાન કરવા ગયા,ને યવન એમના પર એકસો આઠ વખત થૂંકયો. છેવટે યવન મહારાજના પગે પડી કહે,આપ સંત છો.હું તમને ઓળખી શક્યો નહીં. મહારાજ કહે, એમાં ક્ષમા કરવા જેવું શું છે?તારા લીધે આજે ૧૦૮ વખત ગોદાવરીમાં સ્નાન કરવાનું પુણ્ય મને મળ્યું. શાંતિ તેની કાયમ રહે છે જે અંદર થી ઈશ્વરનું અનુસંધાન રાખે છે. ઈશ્વરથી દૂર છે તેને શાંતિક્યાંથી? જે ખૂબ સહન કરે છે તે સંત બને છે. અતિશય વિપત્તિમાં પણ જે ઈશ્વરનો અનુગ્રહ સમજે એ મહાન વૈષ્ણવ. બાકી દુષ્ટ લોકો કોઈનું સારું જોઈ શકતા નથી. દુષ્ટ લોકોએ તુકારામને ગધેડા ઉપર બેસાડ્યા ત્યારે તુકારામ પત્નીને કહે છે,મારા વિઠ્ઠલનાથે મારા માટે ગરુડ મોકલ્યું છે. તેના ઉપર બેઠો છું. આ સંતભાવ છે. જગતમાં ખૂબ સહન કરો. જગત માં અંધારું છે એટલે પ્રકાશની કિંમત છે. તિતિક્ષા એ સંતોનું પહેલું લક્ષણ. કરુણા બીજું. સર્વ દેહધારીઓ પ્રતિ પ્રેમ પછી અજાતશત્રુપણું, શાંત સરળભાવ વગેરે લક્ષણો બતાવ્યાં. શાંતિની પરીક્ષા પ્રતિકૂળતામાં થાય છે.અર્થનું- પૈસાનું અનુસંધાન રોજ રાખો છો, પરંતુ તે સાથે પરમાત્માનું અનુસંધાન રાખશો તો પૈસા અને શાંતિ પણ મળશે.આ જીવનગાડી ના ફક્ત પાટા જ બદલવાના છે. સંત પ્રભુ ના માટે સર્વનો ત્યાગ કરે છે. ભગવાન કહે છે કે,સંત મારા માટે સંપૂર્ણ કર્મ તથા સંબંધી ઓનો ત્યાગ કરે છે. ભગવાન કસોટી કરીને અપનાવે છે. નરસિંહ મહેતાની બહુ કસોટી કરેલી. મહેતાજીએ માગ્યું, ભગવાન કળિયગમાં આવીકસોટી કરશો નહીં. આવી કસોટી કરશો. તો કોઈ તમારી સેવા કરશે નહીં. ભગવાનની કથા સાંભળવાથી શ્રદ્ધા દૃઢ થાયછે.તે પછી ભગવાન તરફ આસક્તિ વધે છે. ભગવાન તરફ આસક્તિ વધે છે એટલે વ્યસનાત્મિકા ભક્તિ પ્રાપ્ત થાય છે. ભક્તિ વ્યસનરૂપ બને ત્યારે એને મુક્તિ સુલભ થાય છે. ભક્તિ જ્યારે વ્યસનની ઉગ્રતા જેવી બને છે ત્યારે તે ઈશ્વર પાસે લઈ જાય છે. તીવ્ર ભક્તિ વગર મુક્તિ મળતી નથી. તીવ્ર ભક્તિ એટલે વ્યસનાત્મિકા ભક્તિ. તુકારામે ભક્તની સુંદર વ્યાખ્યા આપી છે. એક ક્ષણ પણ ભગવાન થી વિભક્ત ન થાય એ ભક્ત વ્યવહારનું કાર્ય કરતાં ભગવાનથી વિભક્ત ન થાય તેનું નામ ભક્ત. કપિલ ભગવાને માતા દેવહુતિને તીવ્ર ભક્તિ કરવા આજ્ઞા આપી છે. વાચક ચાહક મિત્રો જય માતાજી સુપ્રભાત, ધર્મ એ જીવન જીવવાની ઉમદા કળા છે જો ધર્મનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે બાકી તો ફક્ત રાજકીય ચહલપહલ જ બની જાય છે સમજાય તો ધન્યવાદ.. આજે બસ અહીં અટકીએ અસ્તુ.

# રસ્તા પર જામફળ વેચી રહેલી મહિલાના સ્વાભિમાનની પ્રશંસક બની પ્રિયંકા ચોપરા

## ૫૦ વધારે આપ્યા અને પરત લેવાની ના પાડી તો મહિલા દોડીને બીજા જામફળ લઈ આવી

દેશ અને દુનિયામાં કરોડો ચાહકો ધરાવનારી પ્રિયંકા ચોપરા એક સામાન્ય મહિલાના સ્વાભિમાનની પ્રશંસક બની છે. પ્રિયંકાએ સોશિયલ મીડિયા પર વિશાખાપટ્ટનમમાં રસ્તા પર જામફળ વેચતી મહિલા સાથેનો અનુભવ શેર કર્યો છે. સ્વનિર્ભર મહિલાના સ્વાભિમાનની પ્રશંસા કરતાં પ્રિયંકાએ જણાવ્યું હતું કે, કામ કરતી મહિલાને કોઈની દયા કે દાનની જરૂર નથી. રોડ પર જામફળ વેચીને ગુજરાન ચલાવતી સામાન્ય મહિલાના કારણે બુધવારનો દિવસ પ્રિયંકા માટે યાદગાર રહ્યો હતો. પ્રિયંકાએ શેર કરેલો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. પ્રિયંકાએ આ વીડિયોમાં જણાવ્યું છે કે, આવું હું ક્યારેક જ કરું છું, પણ આજનો દિવસ ખૂબ પ્રેરણાદાયી રહ્યો છે. હું કારમાં વિશાખાપટ્ટનમ એરપોર્ટ જઈ રહી હતી અને ત્યાંથી મુંબઈની ફ્લાઈટ હતી. રસ્તામાં જામફળ વેચતી એક મહિલાને જોઈ



હતી. પ્રિયંકાએ વધુમાં કહ્યું હતું કે, મને કાચા જામફળ ખૂબ ભાવે છે. તેથી કાર રોકાવી હતી અને મહિલાને જામફળની કિંમત પૂછી હતી. તેણે રૂ.૧૫૦ કહ્યા હતા અને મેં તેને રૂ.૨૦૦ આપી જામફળ ખરીદ્યા હતા. મહિલાએ બાકીના રૂ.૫૦ પરત આપવા પ્રયાસ કર્યો હતો, પરંતુ મેં તેને રૂ.૫૦ રાખી લેવા કહ્યુ હતું. મહિલા જામફળ વેચીને ગુજરાન ચલાવી રહી છે. તે થોડીક દૂર ગઈ અને ટ્રાફિકનું રેડ સિગ્નલ ગ્રીન થાય તે પહેલાં દોડીને પાછી આવી. તેણે મને બે જામફળ ફરી આપ્યા હતા. કામ કરતી મહિલાને કોઈનું દાન ખપતું નથી. તેનું આ સ્વાભિમાન મને સ્પર્શી ગયું. પ્રિયંકાએ ફિલ્મના સેટ પરના ફોટોગ્રાફ શેર કરવાની સાથે જામફળના ફોટોગ્રાફ પણ શેર કર્યા હતા. પ્રિયંકા હાલ રાજામૌલિની ફિલ્મનું શૂટિંગ કરી રહી છે. SSMB29 તરીકે ઓળખાતી આ ફિલ્મમાં મહેશ બાબુ પણ લીડ રોલમાં છે.

### તમન્ના ભાટિયા અને વિજય વર્માના અફવાવાળા પ્રેમનો અંત?

# તમન્ના ભાટિયાએ કહ્યું કે તેણીની પોતાના પસંદ કરેલા માર્ગથી સંતુષ્ટ

તમન્ના ભાટિયા અને વિજય વર્માના અફવાવાળા પ્રેમનો અંત આવ્યો હોવાના અહેવાલ છે, જેનાથી ચાહકો ચોંકી ગયા છે. એક સમયે કપલ તરીકે જોવા મળતા આ બંને કલાકારોએ તાજેતરમાં એક કાર્યક્રમમાં હાજરી આપી હતી પરંતુ સાથે પોઝ આપવાનું ટાળ્યું હતું, જેના કારણે છૂટાછેડાની અટકળોને વેગ મળ્યો હતો. બ્રેકઅપની અફવાઓ વચ્ચે, સ્ત્રી-૨ ની અભિનેત્રીએ પોતાની પસંદગીઓ પર સંતોષ વ્યક્ત કર્યો અને પોતાના અંગત જીવનને ખાનગી રાખવાની પોતાની પસંદગી જાળવી રાખી. તમન્ના ભાટિયાએ જણાવ્યું કે તે "મેં પસંદ કરેલા માર્ગથી સંતુષ્ટ છે, અને મને લોકો સાથે જોડાવાનો આનંદ આવે છે. હું નવા અનુભવો માટે ખુલ્લી છું."



અભિનેત્રીએ ગોપનીયતા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા પર ભાર મૂકતા કહ્યું, "હું મારા અંગત જીવનને મહત્વ આપું છું અને જે જાહેર કરવામાં મને આરામદાયક લાગે છે તે જ શેર કરું છું." તેણીએ ઉમેર્યું કે આ સંતુલન તેના માટે સારું કામ કરે છે, અસંતોષ માટે કોઈ જગ્યા છોડતી નથી. તમન્નાએ નવા લોકોને મળવાનો અને ચાહકો સાથે વાતચીત કરવાનો પોતાનો આનંદ પણ વ્યક્ત કર્યો. એરપોર્ટ પર થયેલી એક મુલાકાતને યાદ કરતાં, તેણીએ ઉલ્લેખ કર્યો કે કેવી રીતે એક રાહદારી, જે ફોટા માટે તેના પોઝ જોઈને કંટાળી ગઈ હતી, તેણે પૂછ્યું કે શું તેણી ક્યારેય થાકી ગઈ છે. જવાબમાં, તેણીએ ખાતરી આપી કે લોકોની નજરમાં રહેવું એ તેણીએ સભાનપણે લીધેલો નિર્ણય હતો અને તે કંઈક એવું છે જે તે પૂરા દિલથી સ્વીકારે છે.

### શ્રીલીલાએ પોતાને ઇન્ડિયાની એક રાઇઝિંગ સ્ટાર તરીકે પ્રસ્થાપિત કરી

# શ્રીલીલા માટે ૨૦૨૫નું વર્ષ હાઇ પ્રોફાઈલ ફિલ્મથી ભરચક રહેશે



## સાઉથની ફિલ્મસમાં લોકપ્રિયતા મેળવ્યા પછી તે હવે ૨૦૨૫માં સતત વ્યસ્ત રહેવાની છે, તેની પાસે હાલ કેટલાંક હાઇપ્રોફાઇલ પ્રોજેક્ટ છે

શ્રીલીલાની કારકિર્દી માટે ૨૦૨૫નું વર્ષ નોંધપાત્ર રહેવાનું છે. એક તરફ તે કાર્તિક આર્યન સાથે બોલિવૂડમાં ડેબ્યુ કરશે, સાથે જ તે તમિલ ઇન્ડસ્ટ્રીમાં પણ ડેબ્યુ કરી રહી છે. તે ઉપરાંત તે લોકપ્રિય પ્રોડક્શન હાઉસ મેડોકની ફિલ્મમાં પણ કામ કરવા જઈ રહી છે. શ્રીલીલાએ પોતાને ઈન્ડિયાની એક રાઈઝિંગ સ્ટાર તરીકે પ્રસ્થાપિત કરી દીધી છે. ખાસ તો તેના સહજ અભિનય અને ડાન્સથી તેને ઘણી લોકપ્રિયતા મળી છે. સાઉથની ફિલ્મ્સમાં લોકપ્રિયતા મેળવ્યા પછી તે હવે ૨૦૨૫માં સતત વ્યસ્ત રહેવાની છે, તેની પાસે હાલ કેટલાંક હાઈપ્રોફાઈલ પ્રોજેક્ટ છે. 'પુષ્પા ૨'માં કિસિક ગીતની લોકપ્રિયતા બાદ શ્રીલીલા લોકપ્રિયતા વધી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર શ્રીલીલાનું ૨૦૨૫નું શીડ્યુલ સતત વ્યસ્ત રહેવાનું છે. તે આ વર્ષે તમિલ અને હિન્દીફિલ્મમાં ડેબ્યુ કરવાની છે. સાથે તે મેડોકની એક ફિલ્મમાં ઈબ્રાહિમ અલી ખાન સાથે કામ કરતી હોવાની પણ ચર્ચા છે. આ રીતે ૨૦૨૫નું વર્ષ શ્રીલીલા માટે મહત્વનું વર્ષ સાબિત થવાનું છે. તે વિવિધ પ્રકારની ફિલ્મમાં કામ કરીને પાન ઈન્ડિયા એક્ટ્રેસ તરીકે ઊભરી રહી છે.

# પ્રિયંકા ચહર ચૌધરી સાથે અંકિત ગુપ્તાનું બ્રેકઅપ?

## રવિ-સરગુનની 'તેરે હોજયેં હમ'માંથી પ્રિયંકા ચહર ચૌધરી સાથે બ્રેકઅપ બાદ અંકિત ગુપ્તા પીછેહઠ કરશે ખરા?

પ્રિયંકા ચહર ચૌધરી અને અંકિત ગુપ્તાના છૂટાછેડાના તાજેતરના અહેવાલોએ આ કપલના ઉત્સાહી ચાહકોમાં આઘાતની લહેર ફેલાવી દીધી છે. બંને કલાકારોએ તાજેતરમાં જ તેમના અલગ થવાના અને તેમના સંબંધો તોડી નાખવાના અહેવાલો વચ્ચે તેમના સંબંધિત ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એકબીજાને અનફોલો કર્યા છે. જ્યારે પ્રિયંકા અને અંકિત બંનેએ ઉપરોક્ત અહેવાલો પર કોઈ ટિપ્પણીઓથી સ્પષ્ટતા કરી છે, ત્યારે કેટલાક લોકોએ એવું પણ વિચાર્યું હતું કે આ કપલની સોશિયલ મીડિયા પ્રવૃત્તિ તેમના આગામી શો માટે ફક્ત એક પબ્લિસિટી સ્ટંટ હતી. સારું, એવું લાગે છે કે, છેવટે તે સાચું નહોતું. તાજેતરના વિકાસ મુજબ, પ્રિયંકા સાથેના બ્રેકઅપના અહેવાલો વચ્ચે, અંકિતે હવે પ્રિયંકા સામેના તેના બહુપ્રતિક્ષિત આગામી શોમાંથી બહાર નીકળી ગયો છે. રવિ દુબે અને સરગુન મહેતાની યુટ્યુબ ચેનલ 'ડ્રીમિયાતા એન્ટરટેઈનમેન્ટ' માટે 'તેરે હોજાયેં હમ' નામનો શો મહિનાઓ પહેલા કેટલાક અન્ય શો



સાથે જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે આ શો સૌથી વધુ રાહ જોવાતો શો રહ્યો, પરંતુ અંકિતના શોમાંથી બહાર નીકળવાના અહેવાલો, જો સાચા હોય, તો તે બધા 'પ્રિયંકિત ચાહકો'ના દિલ તોડી નાખશે જેઓ આ કપલને ફરીથી સ્ક્રીન પર સાથે જોવાની આશા રાખતા હતા. જોકે, આ અંગે સત્તાવાર પુષ્ટિ થવાની રાહ જોવાઈ રહી છે. અજાણ લોકો માટે, પ્રિયંકા અને અંકિતે રવિ દુબે અને સરગુન મહેતાની 'ઉડારિયાં'માં એકબીજાની સામે અભિનય કર્યો હતો, અને પછીથી તેઓ સૌથી વધુ પ્રિય ઓનસ્ક્રીન જોડીઓમાંની એક બની ગયા. આ કલાકારોએ પાછળથી બિગ બોસ ૧૬ માં પણ સાથે ભાગ લીધો હતો. જ્યારે પ્રિયંકાએ અભિનેતા પ્રત્યે 'લાગણીઓ' હોવાની વાત ખુલ્લી પાડી હતી, ત્યારે અંકિતે 'ફક્ત મિત્રો' બનવા પર અડગ વલણ જાળવી રાખ્યું હતું. થોડા દિવસો પહેલા, વિકી લાલવાણીએ અહેવાલ આપ્યો હતો કે અભિનેત્રી તેના બોયફ્રેન્ડ અંકિત સાથે રહેતા તેના એપાર્ટમેન્ટમાંથી બહાર નીકળી ગઈ છે. અહેવાલમાં એવું પણ સૂચવવામાં આવ્યું હતું કે આ વર્ષે લગ્ન કરવા જઈ રહેલા આ દંપતીએ પાછળથી એકબીજાને થોડો સમય આપવાનું નક્કી કર્યું, પરંતુ તેમને ખ્યાલ આવ્યો કે તેઓ એકલા રહેવામાં જ વધુ સારા છે અને બંને વચ્ચે કંઈ ચાલી રહ્યું નથી.

### ખુશીએ ધ આર્ચીઝ-લવયાપામાં પણ વિવિધ ભૂમિકાઓ ભજવી છે

# ઇબ્રાહિમ અલી ખાન સાથે નાદાનિયાં પછી હોરર થ્રિલર બનાવવાની ઇચ્છા વ્યક્ત કરી

## ખુશીએ ખુલાસો કર્યો કે તે તેના આગામી બોલિવૂડ પ્રોજેક્ટ માટે એક હોરર થ્રિલર ફિલ્મ શોધવા માંગે છે


ઇબ્રાહિમ અલી ખાને તાજેતરમાં જ નાદાનિયાં ફિલ્મથી બોલીવુડમાં પગ મૂક્યો હતો, જેમાં ખુશી કપૂર સાથે સ્ક્રીન શેર કરી હતી . આ ફિલ્મ ઈબ્રાહિમની શરૂઆત હતી, પરંતુ ખુશીએ ધ આર્ચીઝ અને લવયાપામાં વિવિધ ભૂમિકાઓ ભજવી છે. ધ આર્ચીઝમાં, તેણીએ સૌમ્ય અને દયાળુ બેટી કૂપરની ભૂમિકા ભજવી હતી, જ્યારે લવયાપાએ તેણીને જીવંત અને ખુશખુશાલ અવતારમાં જોઈ હતી. જોકે, અત્યાર સુધીના તેના બધા પ્રોજેક્ટ હળવાશભર્યા રહ્યા છે, અને હવે, તે પરિવર્તન માટે આતુર છે. ગ્રાઝિયા ઈન્ડિયા સાથેની વાતચીતમાં, ખુશીએ થ્રિલર અથવા હોરર શૈલીમાં પગ મૂકવાની ઈચ્છા વ્યક્ત કરી. તેણીએ શેર કર્યું, "મને હંમેશા ઉત્સુકતા રહી છે કે થ્રિલર-હોરર ફિલ્મની પ્રક્રિયા કેવી દેખાશે; કદાચ સંપૂર્ણપણે હોરર નહીં પણ મેં અત્યાર સુધી કરેલી ફિલ્મો કરતાં થોડી ઘાટી હશે." તેણીએ ઉમેર્યું કે તેણીને નાટકીય અને ભાવનાત્મક દ્રશ્યો ગમે છે, જે એક ઘાટી ફિલ્મને તેના માટે એક રોમાંચક તક બનાવે છે. તેની બહેન, જાહ્નવી કપૂર, પહેલાથી જ આ શૈલીઓમાં



ડૂબકી લગાવી ચૂકી છે. જાહ્નવીએ ઘોસ્ટ સ્ટોરીઝ (૨૦૨૦) માં અભિનય કર્યો હતો, ઝોયા અખ્તરના ભયાનક સેગમેન્ટમાં એક નર્સની ભૂમિકા ભજવી હતી. બાદમાં, તેણે રૂહી (૨૦૨૧) માં હોરર-કોમેડી ભૂમિકા ભજવી હતી, જેમાં ઠંડી અને રમૂજનું મિશ્રણ કરવામાં આવ્યું હતું. જાહ્નવીના અનુભવ સાથે, ખુશી જો આ ક્ષેત્રમાં સાહસ કરે છે તો તેને અનુસરવા માટે એક મજબૂત ઉદાહરણ છે. દર્શકોએ તાજેતરમાં ખુશીને પિયા જયસિંહ તરીકે જોઈ, જે એક વિશેષાધિકૃત છોકરી છે જે નાદાનિયાંમાં ઈબ્રાહિમના પાત્રને તેના બોયફ્રેન્ડ તરીકે રાખે છે. એક હોરર-થ્રિલર તેના માટે એક સંપૂર્ણપણે નવી જગ્યા હશે, જે તેને તેની વૈવિધ્યતા બતાવવાની તક આપશે. બોલીવુડ વધુ મનોવૈજ્ઞાનિક થ્રિલર અને હોરર ફિલ્મોની શોધ કરી રહ્યું હોવાથી, ખુશી માટે પડકારજનક ભૂમિકા ભજવવાનો આ યોગ્ય સમય હોઈ શકે છે. ચાહકો તેણીને તેના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળતી જોવા માટે ઉત્સુક છે - શું તે આગામી સમયમાં એક તીવ્ર અને આકર્ષક અભિનયથી તેમને આશ્ચર્યચકિત કરશે?

### ગુપ્ત ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટને લગતી અફવાઓનો ઉકેલ લાવી દીધો

# રણબીર કપૂર ટૂંક સમયમાં ઇન્સ્ટાગ્રામ પર ડેબ્યૂ કરશે?



## જ્યારે તેની પાસે કોઈ પબ્લિક પ્રોફાઇલ નથી, ત્યારે તેની પત્ની આલિયા ભટ્ટે અગાઉ ખાનગી એકાઉન્ટનો સંકેત આપ્યો

સોશિયલ મીડિયા પર પોતાની સામાન્ય હાજરી માટે જાણીતા રણબીર કપૂરે આખરે પોતાના ગુપ્ત ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટને લગતી અફવાઓનો ઉકેલ લાવી દીધો. જ્યારે તેની પાસે કોઈ પબ્લિક પ્રોફાઈલ નથી, ત્યારે તેની પત્ની આલિયા ભટ્ટે અગાઉ ખાનગી એકાઉન્ટનો સંકેત આપ્યો છે. તેના જન્મદિવસ માટે, રણબીર તેના બ્રાન્ડ એકાઉન્ટ, છઈદ્રજી દ્વારા ભાગ્યે જ ઈન્સ્ટાગ્રામ પર દેખાયો. મેશેબલ ઈન્ડિયા સાથેના તાજેતરના ઈન્ટરવ્યુમાં, રણબીરે તેની સોશિયલ મીડિયા હાજરી વિશેના ખૂબ જ ચર્ચિત પ્રશ્નનો જવાબ આપ્યો. જુઓ, પણ વાત એ છે કે હું પોસ્ટ કરતો નથી, અને મારા કોઈ ફોલોઅર્સ નથી. તો શું વાંધો છે? મારી પાસે ફક્ત એક હેન્ડલ છે જેથી હું ફોલો કરી શકું, પણ તે સિવાય, મારી પાસે કંઈ નથી. તો કોઈ વાંધો નથી. પણ ક્યારેય ના કહો, તમે જાણો છો. હું મારું એકાઉન્ટ સાર્વજનિક કરી શકું છું, પણ હમણાં સુધી, હું ઠીક છું. હું સોશિયલ મીડિયા વિના સારું કરી રહ્યો છું. પણ જેમ મેં કહ્યું, ક્યારેય ના કહો, વાતચીત દરમિયાન, રણબીરે ભવિષ્યમાં કોઈક સમયે ટેટૂ કરાવવાનો સંકેત પણ આપ્યો. તેણે કહ્યું, "હજી કોઈ નહીં, આશા છે કે ટૂંક સમયમાં. આઠમું કે એવું કંઈક, મને ખબર નથી, કદાચ મારા બાળકોના નામ, મને ખબર નથી." રણબીર કપૂરનો ૮ નંબર સાથે ઊંડો સંબંધ છે, કારણ કે તે તેની માતા નીતુ કપૂરનો જન્મદિવસ ૮ જુલાઈએ આવે છે, તેને ભાગ્યશાળી માને છે. આ નંબર પ્રત્યેનો આ લગાવ તેમના જીવનના વિવિધ પાસાઓમાં પ્રતિબિંબિત થાય છે, જેમાં તેમની કાર પ્લેટ અને ફૂટબોલ જર્સીથી લઈને આલિયા ભટ્ટના લગ્નના દાગીના, જેમાં

# ઈદી આપવા આવી રહ્યા છે બે મોટા સુપરસ્ટાર

## મોહનલાલની ફિલ્મ હિન્દીમાં ડબ કરવામાં આવી છે, પરંતુ તેના હિન્દી શો સિકંદર પર બહુ ફરક નહીં પાડે

ઈદ હોય અને મોટા સ્ટાર્સની ફિલ્મો સિનેમાઘરોમાં ન આવે તે કેવી રીતે શક્ય છે? હિન્દી અને મલયાલમ સિનેમાના સુપરસ્ટાર ૨૦૨૫ની ઈદ પર તેમની મોટા બજેટની ફિલ્મો સાથે તૈયાર છે. જ્યાં સલમાન ખાન 'સિકંદર' તરીકે આવશે. મોહનલાલ ૫ વર્ષ પછી પોતાના ચાહકોને ઈદની ભેટ આપવા માટે તેમની સુપર ડુપર હિટ ફિલ્મ 'લુસિફર' ની સિક્વલ એલ ૨: એમ્પુરન લઈને આવશે. ભાઈજાનનો સ્વેગ ઉત્તરના સિનેમા હોલમાં જોવા મળશે. જ્યારે દક્ષિણ ક્ષેત્રમાં, મોહનલન-પૃથ્વીરાજ સુકુમારનની એક્શન થ્રિલર ફિલ્મ પ્રભુત્વ ધરાવશે. ચોક્કસ સિનેમા પ્રેમીઓ માટે આનાથી સારી ઈદની ભેટ બીજી કોઈ હોઈ શકે નહીં. બંને ફિલ્મોની રાહ જોવાઈ રહી છે. સલમાન અને મોહનલાલ તેમના ઉદ્યોગના ટોચના કલાકારો છે. બંને સુપરસ્ટારના નામ સિનેમા હોલને ચાહકોની ભીડથી ભરવા માટે પૂરતા છે. પહેલા વાત





કરીએ સિકંદર વિશે, જેમાં રશ્મિકા મંદાના પહેલી વાર સલમાન સાથે જોડી બનાવી રહી છે. દબંગ ખાન છેલ્લા ઘણા વર્ષોથી એક હિટ ફિલ્મની શોધમાં હતો. એઆર મુરુગાદોસ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મ સાથે, સલમાનના ચાહકોને આશા છે કે તે ફરી એકવાર બોક્સ ઓફિસ કિંગ તરીકે પાછો ફરશે. ફિલ્મના ટ્રેલર અને ગીતોને લોકોએ સારો પ્રતિસાદ આપ્યો છે. તેનું બજેટ ૨૦૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આ ફિલ્મ ૩૦ માર્ચે રિલીઝ થશે.બીજી તરફ, મોહનલનના એલ ૨: એમ્પુરાન વિશે દક્ષિણના ચાહકોમાં ભારે ચર્ચા છે. આ ફિલ્મ ૨૦૧૯ ની બ્લોકબસ્ટર ફિલ્મ લ્યુસિફરની સિક્વલ છે. આ ફિલ્મ પૃથ્વીરાજની દિગ્દર્શક તરીકેની પહેલી ફિલ્મ હતી. હવે એલ ૨: એમ્પુરન પણ પૃથ્વીરાજના નેતૃત્વમાં બનાવવામાં આવી રહી છે. કારણ કે લ્યુસિફર બોક્સ ઓફિસ પર અદ્ભુત બિઝનેસ કર્યો હતો. તેથી તેની સિક્વલ સમગ્ર ભારતમાં લોકપ્રિયતા સાથે બનાવવામાં આવી છે. મલયાલમ ઉપરાંત, તેને તમિલ, તેલુગુ, હિન્દી અને કન્નડમાં પણ ડબ કરવામાં આવ્યું છે. મોહનલાલની આ ફિલ્મ ૨૭ માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થશે. મોહનલાલની ફિલ્મ હિન્દીમાં ડબ કરવામાં આવી છે. પરંતુ તેના હિન્દી શો સિકંદર પર બહુ ફરક નહીં પાડે. ઉત્તરમાં સલમાનનું વર્ચસ્વ છે. સિકંદરને મોટાભાગના શો મળ્યા છે. 'એલ ૨: એમ્પુરન' ને દક્ષિણમાં સારું બુકિંગ મળ્યું છે. તેથી, બંને ફિલ્મો એકબીજા સાથે સ્પર્ધા કરતી હોય તેવું લાગતું નથી.આ પહેલા પવન કલ્યાણની ફિલ્મ 'હરિ હરા વીરા મલ્લુ' પણ ઈદના અવસર પર સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી હતી. પરંતુ હવે તેની રિલીઝ મુલતવી રાખવામાં આવી છે. ચાલો જોઈએ સલમાન અને મોહનલાલ વચ્ચેની કોની ફિલ્મ દર્શકો દ્વારા સુપર ડુપર હિટ બને છે.

# ઝાલોદ નગરમાં ઉનાળો ચાલુ થતાં જ પાણી ઓછું આવવાની બૂમરાણ : ટેન્કરથી વેચાતું પાણી લાવતા નગરજનો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

ઝાલોદ નગરપાલિકાની સામે જ નળનુ પાણી ખૂબ ઓછું આવવાની બૂમરાણ ત્યાં રહેતા સ્થાનિકો કરી રહેલ છે. ઘરની બહાર નગરપાલિકા દ્વારા પાણીના નળનું જોડાણ પાલિકા દ્વારા આપવામાં આવેલ છે આ નળ માંથી પાણી એટલું ધીરે ધીરે આવે છે કે ઘરની અંદર આવેલ ટાંકીમાં પાણી પહોંચતુ જ નથી. કોઈ કારણસર કોઈ વ્યક્તિ ઘરની બહાર કામ અર્થે ગયેલ હોય અને પાણી સમય મુજબ ન આવે ત્યારે જો ટાંકીનું નળ કનેક્શન ચાલુ હોય તો ટાંકીમાં પાણી આવતું જ નથી. હાલ આ વિસ્તારમાં એક દિવસ છોડીને બીજે દિવસે પાણી આવે છે. હાલ તો ઉનાળો આકરો બેઠો નથી ત્યાં જ સ્થાનિકોની પાણી અંગેની બૂમરાણ ચાલુ થઈ ગયેલ છે. તો ઉનાળો જામશે ત્યારે પાણી મળશે કે નહીં. હાલ પાણી ઓછું મળતા સ્થાનિકોને ટેંકર દ્વારા વેચાતું પાણી લાવવું પડે છે આમ સ્થાનિકોને રૂપિયા ખર્ચીને પાણી લેવાનો વારો આવેલ છે. હવે જોવાનું રહ્યું કે નગરપાલિકા આવનાર સમયમાં આ સમસ્યાનો ઉકેલ કેટલા દિવસોમા લાવશે. સ્થાનિકો દ્વારા પાણીની સમસ્યા માટે લેખિત અને મૌખિક કેટલીય વાર જાણ કરેલ છે છતાંય પાલિકા દ્વારા કોઈ ઠોસ પગલા લેવામાં આવેલ નથી.

બીજી બાજુ આ જ સોસાયટીમા સ્ટ્રીટ લાઈટ પણ કેટલાય દિવસથી બંધ છે પાલિકા પાસે આવેલ સોસાયટીમા જ આ તકલીફ હોય તો પાલિકા તંત્ર બીજે શું ધ્યાન આપતું હસે. પાલિકા પાસે



સ્ટ્રીટ લાઈટ બંધ હોવાથી દિવા તળે અંધારું જેવી સ્થિતિ સર્જાયેલ જોવા મળેલ છે. હાલ સ્ટ્રીટ લાઈટ બંધ હોવાથી સ્થાનિકો પોતાના ઘરની બહારની લાઈટો ચાલુ રાખવી પડે છે જેથી રાત્રી દરમ્યાન કોઈ અસામાજિક તત્વ ત્યાં આવી ન જાય.

નગરપાલિકા બહાર અને આ સોસાયટી બહાર હોસ્પિટલ આવેલ છે ત્યાં બહાર બેસેલ દર્દી અથવા દર્દીના સગા સંબંધીઓ જાહેર રસ્તાઓ પર જેમ તેમ થૂંકી નાંખે છે જેથી ત્યાં થી નીકળતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે તેમજ હોસ્પિટલ બહાર બેસીને પાન ગુટખાની પિચકારી મારનાર લોકો જોયા વગર થૂંકી નાંખે છે જેથી કોઈવાર મંદિર કે પોતાના કામ અર્થે જનાર લોકોના કપડા પણ બગડી જાય છે. એક જ વિસ્તારની આ ત્રણ સમસ્યાઓમા જોવાનું રહ્યું કે પાલિકા કેટલી સમસ્યાઓ દૂર કરી શકશે.

# ઝાલોદ વાવડી ફળિયામાં સ્થાનિક રહેવાસીનું ભૂગર્ભ ગટરમા પાણી ન જતા રોડ પર રેલાતુ પાણી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

ઝાલોદ વાવડી ફળિયામાં આશરે બે મહિના પહેલા પાકો રોડ બનાવવામાં આવેલ હતો તે દરમ્યાન રોડ પર આવેલ નાની નાની ગટરો બંધ કરી દેવામાં આવી હતી તેમજ ગટર બંધ કરી દેવાતા સ્થાનિકોના ઘરના પાણીના નિકાલ માટે સીધી ભૂગર્ભ ગટરમાં લાઈન આપી દેવામાં આવી હતી. વાવડી ફળિયામાં રહેતા મનોજ લખારાના ઘરના પાણીના નિકાલની પણ લાઈન ભૂગર્ભ ગટરમાં આપી દેવામાં આવેલ હતી. મનોજભાઈના ઘરના પાણીનો નિકાલ ભૂગર્ભ ગટરમાં પાઈપલાઈનમા કચરો ફસાઈ જવાથી થતો નથી તેથી આ અંગે મનોજભાઈ દ્વારા પાલિકાનુ ધ્યાન પણ દોર્યું હતું પરંતુ પાણીનો યોગ્ય નિકાલ થતો નથી જેથી મનોજભાઈના ઘરના પાણીનો નિકાલ ન થતાં આ પાણી રોડ પર રેલાતુ જોવા મળે છે. તેઓ પાલિકા પાસે આશા રાખે છે કે આ સમસ્યાનૂ તાકીદે નિરાકરણ આવે.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આ જ વિસ્તારમાં ભૂગર્ભ ગટરના ઢાંકણ પણ માપ મુજબ મુકેલ નથી. તેથી આ વિસ્તાર માંથી વાહન પસાર થાય અને ભૂગર્ભ ગટરના ઢાંકણ ઉપરથી નીકળે ઢાંકણનો અવાજ આવે છે. જો રાત્રિ દરમ્યાન વાહન અવરજવર કરતા હોય તો અવાજ કાનોમા ઘોંઘાટ કરે છે. સ્થાનિકો આશા રાખી રહેલ છે કે આ ભૂગર્ભ ગટરના ઢાંકણો માપથી સુવ્યવસ્થિત આયોજન કરી બેસાડી દે જેથી વાહન નીકળે તો પછડાટનો અવાજ ન આવે હવે જોવાનું રહ્યું પાલિકા તંત્ર આ અંગે ક્યારે કામગીરી પૂર્ણ કરે છે.

# ઝાલોદ પોલીસ ડીવીઝનમા એનીમલ ક્રુએરીટી એક્ટ-ના ગુનાઓમાં પકડાયેલ વાહનોની હરાજી કરાઈ

## ઝાલોદ, લીમડી, સંજેલી અને ચાકલીયા પોલિસ સ્ટેશનના વાહનોની હરાજી કરાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

તારીખ ૨૨-૦૩-૨૦૨૫ શનિવારના રોજ ઝાલોદ ડીવીઝનમા આવતા ઝાલોદ, લીમડી, સંજેલી અને ચાકલીયા પોલિસ સ્ટેશનમા એમ કુલ ચાર પોલિસ સ્ટેશનમા એનીમલ ક્રુએરીટી એક્ટ હેઠળ પકડાયેલ વાહનોની જાહેર હરાજી યોજવામાં આવેલ હતી. આ જાહેર હરાજીમાં ૬૮ જેટલા વ્યાપારીઓએ ફોર્મ ભરી હરાજીમાં ભાગ લીધો હતો જેમાં કુલ ત્રણ લોટ પાડી હરાજી કરવામાં આવેલ હતી જેમાં ઝાલોદ પોલિસ સ્ટેશનનાચારવાહનોજેનીઅપસેટકીમત૧,૦૦,૦૦૦ રાખવામાં આવી હતી જેની હરાજી થતાં ૧,૦૯,૦૦૦ ઉપજેલ, લીમડી પોલિસ સ્ટેશનના ત્રણ વાહનોની અપસેટ કીમત ૫૧,૦૦૦ રાખવામાં આવી હતી જેની હરાજી થતાં ૧,૧૦,૦૦૦ ઉપજેલ, ચાકલીયા પોલિસ સ્ટેશનનું એક વાહન જેની અપસેટ કીમત ૫૦૦૦





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

રાખવામાં આવી હતી જેનાં હરાજી થતાં ૨૨,૦૦૦ ઉપજેલ હતા આમ કુલ આઠ વાહનોની હરાજી કરાયેલ હતી જેની કિમત ૨૪૧૦૦૦ ઉપજેલ હતી.

# ઝાલોદ તાલુકાના વરોડ ગામ ખાતે આવેલ ટોલ નાકા પર રાહગીરોને ૨૪ માર્ચ વિશ્વ ક્ષય દિવસ નિમિતે પત્રિકા આપવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

આજ રોજ ઝાલોદ તાલુકાના વરોડ ગામ ખાતે આવેલ ટોલ નાકા પર "૨૪- માર્ચ વિશ્વ ક્ષય દિવસ" અંતર્ગત જિલ્લા આરોગ્ય અધિકારી, ડો તિલાવટ અને જિલ્લા ક્ષય અધિકારી ડો.પહાડીયાના માર્ગદર્શન હેઠળ અને તાલુકા આરોગ્ય અધિકારી ડો તુષાર ભાભોરના સહયોગથી, ટીબી પત્રીકાનું આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા અને ટોલ સ્ટાફ દ્વારા આવતા જતા તમામ વાહન ચાલકો ને ટીબી વિશેની પત્રિકા આપવામાં આવી હતી. "ટીબી હારેગા,દેશ જીતેંગા"

# જળ વ્યવસ્થાપનમાં અગ્રેસર ગુજરાતઃ ઓક્ટોબર ૨૦૨૪માં 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર' સમારોહમાં રાજ્યને મળ્યું સન્માન



। (માહિતી) ગાંધીનગર, તા.૨૨ ।

દર વર્ષે ૨૨ માર્ચનો દિવસ 'વિશ્વ જળ દિવસ' તરીકે મનાવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરાયેલા આ દિવસ નિમિત્તે ગુજરાતના જળ સંરક્ષણ અને જળ વ્યવસ્થાપન મૉડેલ અંગે પણ ચર્ચા કરવી જરૂરી છે. ૧૯૬ લાખ હેક્ટરનો વિસ્તાર ધરાવતા આ રાજ્યએ છેલ્લા અઢી દાયકામાં પોતાની દૂરંદેશી યોજનાઓ દ્વારા જળ સંકટને અવસરમાં પરિવર્તિત કરીને જળ સુરક્ષા, કૃષિ સમૃદ્ધિ અને રોજગારીનું સર્જન સુનિશ્ચિત કર્યું છે.

ગુજરાતની આ અવિશ્વસનીય જળ સમૃદ્ધિ યાત્રાના મુખ્ય સૂત્રધાર છે શ્રી નરેન્દ્ર મોદી, જેમણે લગભગ દોઢ દાયકા સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ગુજરાતમાં જળ સંરક્ષણ અને તેના સંવર્ધનની દશા અને દિશા બદલી નાખી. આજે ગુજરાતે ૭૦ લાખ હેક્ટરની સિંચાઈ ક્ષમતામાંથી ૬૧.૩૨ લાખ હેક્ટરનો કાર્યક્ષમ ઉપયોગ કરી લીધો છે. આ ઉપરાંત, ૧,૮૭,૪૦૩ ચેક ડેમના નિર્માણથી ભૂગર્ભજળ રિચાર્જ અને ટકાઉ પાણી પુરવઠો સુનિશ્ચિત થયો છે. જળ વ્યવસ્થાપનમાં ગુજરાતની આ સફળતાની નોંધ રાષ્ટ્રીય સ્તરે પણ લેવાઈ હતી, જ્યારે ઑક્ટોબર ૨૦૨૪માં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર' સમારોહમાં ગુજરાતને ઉત્કૃષ્ટ જળ વ્યવસ્થાપન માટે સન્માનિત કર્યું હતું. ગુજરાતના જળ વ્યવસ્થાપનમાં સૌથી મહત્વપૂર્ણ છે સરદાર સરોવર યોજના, જે આજે રાજ્યની જીવાદોરી બની ગઈ છે. આ એક પ્રોજેક્ટથી સમગ્ર ગુજરાતમાં પાણી પુરવઠા અને સિંચાઈમાં ક્રાંતિ આવી છે.

# બ્લાઇન્ડ પીપલ્સ એસોસિએશન દ્વારા ૨૭મી પ્રજ્ઞાચક્ષુ કાર રેલીનું આયોજન

## પ્રજ્ઞાચક્ષુ લોકોની ક્ષમતાઓ વિશે જનજાગૃતિ લાવવા અને પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓમાં સ્પર્ધાની ભાવના વિકસાવવાના ઉદ્દેશ સાથે આયોજન

। (માહિતી) અમદાવાદ, તા.૨૨ ।

પ્રજ્ઞાચક્ષુ લોકોની ક્ષમતાઓ વિશે જનજાગૃતિ લાવવા અને પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓમાં સ્પર્ધાની ભાવના વિકસાવવાના ઉદ્દેશ્ય સાથે બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન દ્વારા ૨૭મી પ્રજ્ઞાચક્ષુ કાર રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અનોખી કાર રેલીમાં લગભગ ૭૫ કાર ભાગ લેશે.

બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન અને અમદાવાદ રાઉન્ડ ટેબલ લેડિઝ સર્કલના સંયુક્ત ઉપક્રમે ૨૩ માર્ચના રોજ બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન પરિસરથી આ રેલીને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવશે. કાર રેલીમાં પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ નેવિગેટર તરીકે કામ કરશે. બ્રેઈલ નકશામાંથી રેલી પ્રશિક્ષકો વાંચશે અને દૃષ્ટિહીન ડ્રાઈવરોને માર્ગદર્શન આપશે.



ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી હર્ષદ ભાઈ પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા વર્ષોથી દિલ્હી, મુંબઈ, મદ્રાસ, હૈદરાબાદ, કલકત્તા અને પૂના જેવા શહેરોમાં આવી કાર રેલીઓનું આયોજન થઈ રહ્યું છે. ગુજરાતમાં ૨૭મી વખત આવું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# મેગા ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યૂટ (મેગાITI) કૂબેરનગર ખાતે આજે ટુ વ્હીલર ઓટો લેબનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું



। (માહિતી) અમદાવાદ, તા.૨૨ ।

આ પ્રયોગશાળા હોમ ફર્સ્ટ સંસ્થાની કૉર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પ્રવૃત્તિઓ અંતર્ગત એલિક્ષિર ઓર્ગેનાઈઝેશન સાથે ભાગીદારીમાં સ્થાપવામાં આવી છે. આ નવીન લૅબ ટુ વ્હીલર ઓટો રિપેરર ટ્રેડ તેમજ ઓટોમોબાઈલ સેક્ટરના વિવિધ ટ્રેડના તાલીમાર્થીઓ માટે મહત્વપૂર્ણ તાલીમ સુવિધાઓ પૂરી પાડશે. આ ઉદ્ઘાટન સમારોહમાં હોમ ફર્સ્ટના પ્રતિનિધિઓ, મેગા ITI કૂબેરનગરના પ્રિન્સિપાલ્સ અને વિવિધ સન્માનનીય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. તેઓએ આ પ્રકારની સુવિધાઓ તાલીમાર્થીઓ માટે ઉપયોગી સાબિત થશે અને તેમની તકનીકી કૌશલ્યતાની વૃદ્ધિ માટે મજબૂત પાયાનું કામ કરશે.

આ લૅબ અદ્યતન સાધનો અને ટેક્નોલોજીથી સંપૂર્ણ રીતે સજ્જ છે, જેમાં ટુ વ્હીલર વાહનોની રિપેરીંગ, સર્વિસિંગ અને ડાયગ્નોસ્ટિક તાલીમ માટે જરૂરી મોડલ્સ અને સાધનો ઉપલબ્ધ છે. આ લૅબ દ્વારા તાલીમાર્થીઓને માત્ર પરંપરાગત બાઈક અને સ્કૂટર ટેક્નોલોજી જ નહીં, પણ નવી ઉભરતી



ઈલેક્ટ્રિક વ્હીકલ ટેક્નોલોજી વિશે પણ વિસ્તૃત જ્ઞાન પ્રાપ્ત કરવાની તક મળશે. આ ઉદ્ઘાટન પ્રસંગે સંસ્થાના લગભગ ૧૫૦ તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમને આ નવી સુવિધાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. આ નવી લૅબ દ્વારા તેઓ વાસ્તવિક વ્યવસાયિક અનુભવ મેળવતા થશે, જે તેમના ભવિષ્ય માટે માર્ગદર્શક સાબિત થશે.

આ ઉદ્યમશીલ પહેલ માટે હોમ ફર્સ્ટ અને એલિક્ષિર ઓર્ગેનાઈઝેશનનો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો, જે તાલીમાર્થીઓને આધુનિક ટેક્નોલોજી સાથે પગલી ભરી તેમની કારકિર્દીને નવી ઉંચાઈઓએ લઈ જવામાં સહાયક બનશે.

# ઝાલોદ વસંત મસાલા દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતે યોજવામાં આવ્યો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

તારીખ ૨૧- ૦૩-૨૦૨૫ શનિવારના રોજ ઝાલોદ પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતે વસંત મસાલા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનુ આયોજન ટોટલ હેલ્થ સોલ્યુશનના સહયોગથી કરવામાં આવ્યું હતું. આજના આ કેમ્પમા નિષ્ણાત ડોક્ટર્સ તેમજ સ્ટાફ થઈ કુલ ત્રેવીસ વ્યક્તિઓએ કેમ્પમા સેવા આપી હતી. આજરોજ યોજાનાર કેમ્પમા ડેન્ટલ ચેકઅપ, સુગર ટેસ્ટ, બ્લડ પ્રેશર તપાસ, તબીબી/સ્ત્રીરોગ નિષ્ણાત, ઈ.સી.જી, ત્વચારોગ નિષ્ણાત, હૃદય રોગ નિષ્ણાત, એક્સ રે,ઓક્સિજનતપાસ, તાપમાન, રક્તપરીક્ષણ, ઓર્થોપેડીક, આંખની તપાસ જેવી તબીબી તપાસ કરવામાં



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આવી હતી. આજના કેમ્પમા ૨૪૦ ઉપરાંત લોકોની તબીબી તપાસ કરવામાં આવી હતી તેમજ નગરજનોએ પણ આ કેમ્પમા ભાગ લઈ કેમ્પને સફળ બનાવ્યો હતો. નગરજનો પણ એક જ સૂર જોવા મળતો હતો કે આવા કેમ્પ નગરમાં સતત થતાં રહે. ટોટલ હેલ્થ સર્વિસના સહયોગ થી વસંત મસાલા દ્વારા યોજવામાં આવેલ સફળ રહ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારામાંની ઉચ્ચ ઊર્જાને સારા ઉપયોગમાં લેવાનો પ્રયત્ન કરો. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે. નિકટના મિત્રો તથા ભાગીદારો આક્રમક થઈને તમારૂં જીવન મુશ્કેલ બનાવી દેશે. આજે તમે ડૅટ પર જવાના હો તો,વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. તમારા સાથીદારની ગેરહાજરીમાં તેની હાજરી વર્તાવાની શક્યતા છે. તમે ખુદ ને સમય આપવાનું જાણો છો અને આજે તો તમને ઘણું ખાલી સમય મળવા ની શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમે વધુ પડતી કૅલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે. સેમિનાર તથા પ્રદર્શન તમને નવું જ્ઞાન તથા નવા સંપર્કો આપશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. આજના દિવસે પોતાના જીવનસાથી જોડે તમે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**સિંહ (મ,ટ) :**

આજે તમારી પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. આજના દિવસે નાણાકીય દૃષ્ટિએ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે. તેમની સાથે સંપૂર્ણ સહકારપૂર્વક કામ કરી જીવનના ચડાવ-ઉતાર તેમની સાથે શૅર કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે તમે હૅલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આજના અદભુત દિવસે તમારા સંબંધોમાંની તમામ ફરિયાદો તથા તથા રોષ આજે અદૃશ્ય થઈ જશે.

**તુલા (ર,ત) :**

આજનો દિવસ આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ હશે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. તમે વાસ્તવિક્તા સાથે મુકાબલો કરશો તેથી તમારે તમારા પ્રિયપાત્રને ભૂલી જવું પડશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કારણ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારા પરિવાર માટે કોઈક સારા તથા અર્થપૂર્ણ કાર્યમાં જોખમ લો. આજના દિવસે ગભરાતા નહીં કેમ કે વેડફાયેલી તક કદાચ પાછી ન પણ આવે. તમારા પ્રિયપાત્રના કઠોર શબ્દોને કારણે તમારો મૂડ કદાચ વ્યગ્ર થઈ શકે છે.

**મકર (ખ,જ) :**

આજે તમારી અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. નવજાત શિશુની તબિયત ચિંતાનું કારણ બની શકે છે. આજે તમારા પ્રિયપાત્રને કોઈ પ્રેમભરી વાત ન કરતા. નવી વિચારોને કસોટીની એરણ પર મુકવા માટે શ્રેષ્ઠ દિવસ.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તામારુ સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમારા ઘરમાં સૌહાર્દતા લાવવા માટે સહકારપૂર્વક કામ કરો. રૉમાન્સ માટેની તકો દેખીતી છે-પણ તેનું આયુષ્ય ટૂંકું હશે. તમારી તરફ મદદ માટે મીટ માંડનારાઓને તમે વચન આપશો. આજે તમે તમારા જીવનસાથી સાથે બહાર જશો અને તમે બંને સાથે સારો દિવસ વિતાવશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે શરીરમાં કળતર તથા તાણને લગતી સમસ્યાઓની શક્યતા નકારી શકાય નહીં. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. આજે તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

# ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સને ડોનાલ્ડ ટ્રમ્પની ખુલ્લી ધમકી

## ટ્રમ્પે એવો સંકેત પણ આપ્યો છે કે જે લોકો સ્વેચ્છાએ દેશ છોડવાનું પસંદ કરશે તેમને ભવિષ્યમાં કાયદેસર રીતે યુએસમાં પ્રવેશવાની તક મળી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે વધુ એક કડક પગલું ભર્યું છે. ગુરુવારે તેમણે ૐ હોમ નામની એક નવી એપ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ એપ યુનાઈટેડ સ્ટેટ્સમાં ગેરકાયદેસર રીતે રહેતા લોકોને સ્વૈચ્છિક રીતે દેશ છોડવાની તક આપે છે. ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જે લોકો આ વિકલ્પનો ઉપયોગ નહીં કરે તેમને બળજબરીથી દેશનિકાલ કરવામાં આવશે અને ભવિષ્યમાં અમેરિકામાં ફરીથી પ્રવેશવા પર આજીવન પ્રતિબંધનો સામનો કરવો પડશે.જો કે, ટ્રમ્પે એવો સંકેત પણ આપ્યો છે કે જે લોકો સ્વેચ્છાએ દેશ છોડવાનું પસંદ કરશે તેમને ભવિષ્યમાં કાયદેસર રીતે યુએસમાં પ્રવેશવાની તક મળી શકે છે. આ જાહેરાત કરતા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, ''અમારા દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા લોકો પાસે બે રસ્તા છે. કાં તો તેઓ સરળતાથી સ્વૈચ્છિક દેશનિકાલનો વિકલ્પ પસંદ કરે અથવા તો તેમને સખત રીતે દેશનિકાલ કરવામાં આવશે, જે તેમના માટે સુખદ નહીં હોય.''ટ્રમ્પે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બિડેનના વહીવટીતંત્ર પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે બિડેન વહીવટીતંત્રે ૐ વન એપ્લિકેશનનો ઉપયોગ કરીને ૧ મિલિયનથી વધુ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને યુએસમાં પ્રવેશવાની મંજૂરી આપી હતી. હવે તેમના વહીવટીતંત્ર દ્વારા દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા લોકોને સ્વેચ્છાએ દેશ છોડવાની સરળ રીત આપવા માટે CBP હોમ એપ લોન્ચ કરવામાં આવી રહી છે.ટ્રમ્પે વધુમાં જણાવ્યું હતું કે, ''જો તેઓ સ્વેચ્છાએ દેશ છોડે છે, તો તેઓને ભવિષ્યમાં કોઈક સમયે કાયદેસર રીતે પાછા ફરવાની તક મળી શકે છે. પરંતુ જો તેઓ આ તકનો લાભ નહીં લે, તો તેમને શોધીને દેશનિકાલ કરવામાં આવશે અને તેમને ફરીથી ક્યારેય યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તેઓ ફરી ક્યારેય પ્રવેશ કરી શકશે નહીં.'' ટ્રમ્પે એવો પણ દાવો કર્યો હતો કે સીબીપી હોમ એપ દ્વારા સ્વૈચ્છિક દેશનિકાલથી સરકારના સંસાધનોની બચત થશે. તેમણે માહિતી આપી હતી કે આ એપ હવે તમામ મોબાઈલ એપ સ્ટોર્સ પર વિના મૂલ્યે ઉપલબ્ધ છે.ઉલ્લેખનીય છે કે ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રને આ મુદ્દે ટીકાનો પણ સામનો કરવો પડી રહ્યો છે. સીએનએનના એક અહેવાલ અનુસાર, આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે ટ્રમ્પ વહીવટીતંત્રે તાજેતરમાં જ સેંકડો સ્થળાંતર કરનારાઓને દેશનિકાલ કરી દીધા છે, પરંતુ તેમની ઓળખ અથવા તેમની વિરુદ્ધના પુરાવા જાહેર કરવાનો ઈનકાર કર્યો છે. આ કારણોસર, સ્થળાંતર કરનારા પરિવારો અને નાગરિક અધિકાર જૂથોએ સરકારની આ નીતિની ટીકા કરી છે.

### લોકોમાં ગભરાટ સાથે મચી ગઇ નાસભાગ

# અફઘાનિસ્તાનમાં મોડી રાત્રે ૪.૯ તીવ્રતાનો ભૂકંપ આવ્યો

### અફઘાનિસ્તાનમાં મોસમી પૂર, ભૂસ્ખલન અને ભૂકંપ સહિત કુદરતી આપત્તિઓનું જોખમ વધુ છે

। અફઘાનિસ્તાન, તા.૨૨ ।

ભારતના પડોશી દેશ અફઘાનિસ્તાનમાં ફરી એકવાર ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, વહેલી સવારે અફઘાનિસ્તાનમાં ૪.૯ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે લોકોમાં ગભરાટ ફેલાયો હતો. મોડી રાત્રે આવેલા આ ભૂકંપના કારણે અનેક લોકો ઘરની બહાર દોડતા જોવા મળ્યા હતા. જો કે હજુ સુધી કોઈ નુકસાનના સમાચાર નથી.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, આ ભૂકંપ રાત્રે ૧ વાગે આવ્યો હતો અને તેની ઊંડાઈ ૧૬૦ કિમી હતી. આ પહેલા ૧૩ માર્ચે અફઘાનિસ્તાનમાં ૪.૦ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. નોંધનીય છે કે છીછરી ઊંડાઈના ધરતીકંપો વધુ ઊંડાઈના ધરતીકંપો કરતાં વધુ ખતરનાક હોય છે. તેનું કારણ એ છે કે આ ભૂકંપમાં પૃથ્વીની સપાટીની નજીક વધુ ઉર્જા છોડવામાં આવે છે, જેના કારણે જમીન ઝડપથી હલે છે અને ઈમારતોને વધુ નુકસાન થાય છે. જેના કારણે લોકોના જાનહાનિ થવાનું જોખમ પણ વધી જાય છે. બીજી બાજુ, વધુ ઊંડાણમાં ધરતીકંપની ઉર્જા સપાટી પર પહોંચતા જ નબળી પડી જાય છે.

# ઈઝરાયલનો ગાઝાપટ્ટીમાં મોડી રાતે બેફામ બોમ્બમારો કર્યો

## હમાસનું કહેવું છે કે, ઈઝરાયલે રજૂ કરેલી નવી દરખાસ્તો પૂર્વે કરાયેલા કરારોથી અલગ પડતાં અમે તેનો સ્વીકાર કર્યો નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ઈઝરાયલે ગાઝાપટ્ટીમાં ગઈકાલે મધરાતે અસામાન્ય બોમ્બ વર્ષા કરતાં ઓછામાં ઓછાં ૮૫ પેલેસ્ટાઈનીઓને મારી નાખ્યા છે. તેણે હમાસનાં લશ્કરી થાણાઓ ઉપરાંત અનેક ઘરો ઉપર પણ બોમ્બ અને મિસાઈલ વર્ષા કરતાં સમગ્ર ગાઝા શહેર અને ગાઝાપટ્ટીના વિસ્તારો ખંડેર બની ગયા છે.



આ પૂર્વે ઈઝરાયલી સેનાએ પેલેસ્ટાઈનીઓને ઉત્તરમાં જતા મેઈન હાઈવેનો ઉપયોગ ન કરવા કડક ચેતવણી આપી હતી, અને કહ્યું હતું કે માત્ર દક્ષિણનો 'કોસ્ટલ રોડ' (સમુદ્ર તટનો માર્ગ) તમો વાપરી શકશો.વાત સીધી અને સાદી છે. ઉત્તરનો માર્ગ ભૂમધ્ય સમુદ્રના તટ પ્રદેશ પરથી પસાર થાય છે. તે વિસ્તાર અમેરિકા સહિત પશ્ચિમના દેશો માટે સિનાઈપેનિનસ્યુલામાં ઉતરવાનું ફૂટ બોર્ડ છે. તે હમાસનાં કબ્જામાં જાય તે ઈઝરાયલ કે અમેરિકા કે પશ્ચિમના દેશો ચલાવી લે જ નહીં.હમાસે મૂર્ખતા કરી ગત વર્ષે દક્ષિણ ઈઝરાયલમાં હુમલો કરી ૧૨૦૦ જેટલાની હત્યા કરી, ૨૫૦થી વધુને અપહૃત કર્યા. આથી ઈઝરાયલ 'વૈરાંધ' બન્યું છે. ઈઝરાયલી સેનાએ કહ્યું હતું કે, ગઈકાલે બપોરે પેલેસ્ટાઈનીઓ (હમાસે)એ દક્ષિણ અને મધ્ય ઈઝરાયલમાં પ્રક્ષેપાસ્ત્રો ફેંક્યા હતાં. ચારે તરફ હવાઈ હુમલાની સાયરન્સ ગર્જી હતી. ત્યાર પછી વળતા પ્રહાર તરીકે ઈઝરાયલે ગુરૂ-શુક્રની મધરાતે ગાઝાપટ્ટીમાં પ્રચંડ બોમ્બ મિસાઈલ્સ વર્ષા કરતાં બાળકો અને મહિલાઓ સહિત ૮૫ના મોત થયા છે.

આ સાથે ઈઝરાયલી સેનાએ જણાવ્યું છે કે તેની સેનાએ ગ્રાઉન્ડ ઓપરેશન દ્વારા બૈન-લાહીયા શહેરને ખતમ કરી નાખ્યું છે, સાથે ઉત્તરનો માર્ગ ન વાપરવા પેલેસ્ટાઈનીઓને ફરી ચેતવણી આપી છે અને છેલ્લા ૨૪ કલાકમાં અનેક પેલેસ્ટાઈનીઓ માર્યા ગયા છે. વાસ્તવમાં જાન્યુઆરીમાં યુદ્ધ વિરામ થયો ત્યારે હજ્જારો પેલેસ્ટાઈનીઓ તેમનાં નિવાસસ્થાનોએ પાછા ફર્યા હતા. જોકે તે નિવાસસ્થાનો પણ ખંડેર સમાન બની રહ્યાં હતાં, છતાં પોતાનાં ઘરે પાછા ફરી 'હાશ' અનુભવતા હતા. આ તરફ હમાસે જક્કી વલણ રાખી હજી કેટલાયે અપહૃતોને બંદીવાન રાખતાં ઈઝરાયલે પ્રચંડ હુમલા કર્યા હતા. પરિણામે ૨૪ જેટલા બંદીવાનો નાસી છૂટયા હતા.ઈઝરાયલનું કહેવું છે કે, હમાસે શાંતિ દરખાસ્તો ફગાવી દીધી છે તેથી યુદ્ધ વિરામનો ભંગ કરવો પડયો છે. હમાસનું કહેવું છે કે, ઈઝરાયલે રજૂ કરેલી નવી દરખાસ્તો પૂર્વે કરાયેલા કરારોથી અલગ પડતાં અમે તેનો સ્વીકાર કર્યો નથી. ટ્રમ્પ વહીવટીતંત્ર જે યુદ્ધ વિરામ કરવા માટે પ્રયત્નો કરે છે તેમ કહે છે તો બીજી તરફ મંગળવારે કરેલા હુમલામાં ૪૦૦થી વધુ પેલેસ્ટાઈનીઓને ઈઝરાયલે મારી નાખ્યા છે.

માર્યા ગયેલાઓમાં મોટેભાગે મહિલાઓ અને બાળકો જ હતાં તેમ છતાં ટ્રમ્પ વહીવટી તંત્રે ઈઝરાયલને પૂરો ટેકો જાહેર કર્યો છે તેમ ગાઝા સ્થિત પેલેસ્ટાઈની આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે.

# માધુપુરા પોલીસ સ્ટેશનનો રાઇટર રૂપિયા ૩૫ હજારની લાંચ લેતા ઝડપાયો

। મણિપુર, તા.૨૨ ।

શહેરમાં રહેતા યુવકને તેની સાસરી પક્ષ સાથે થોડા દિવસો અગાઉ મારામારી થઈ હતી. બંને પક્ષે માધુપુરા પોલીસ સ્ટેશનમાં સામસામે અરજી કરી હતી. આ મામલાની તપાસ ઈદગાહ ચોકીમાં સોંપવામાં આવી હતી. આ અરજીના તપાસમાં યુવક અને તેના માતા-પિતાને લોકઅપમાં ન રાખવા અને જામીન આપી દેવા તથા પાસપોર્ટ જમા ન કરવા માટે ઈદગાહ ચોકીમાં રાઈટર તરીકે ફરજ બજાવતા જગદીશ વાળાએ યુવકને ફોન કરીને ૩૫ હજારની લાંચની માગી હતી. યુવકે સમગ્ર વાતચીતનું ફોનમાં રેકોર્ડિંગ કરી એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી. એસીબીએ છટકું ગોઠવીને પોલીસકર્મી જગદીશ વાળાની લાંચની રકમ સ્વીકારતા રંગેહાથ ઝડપી લીધા છે.રાયોટિંગ, મારામારી, પ્રોહિબિશન જેવા ગુના માટે પંકાયેલા માધુપુરા પોલીસ સ્ટેશનનો કર્મચારી લાંચની રકમ સ્વીકારતા એસીબીના છટકા આવી ગયો છે. થોડાક દિવસો અગાઉ માધવપુરામાં રહેતા યુવકને તેની સાસરી પક્ષ વચ્ચે મારામારી થઈ હતી. બંને પક્ષે આક્ષેપ કરતી અરજીઓ કરવામાં આવી હતી. અરજીની તપાસ ઈદગાહ પોલીસ ચોકીના રાઈટર જગદીશ વાળાને સોંપાઈ હતી. રાઈટર જગદીશ વાળાએ યુવક અને તેના માતા-પિતાની ધરપકડ કરવામાં આવશે અને પાસપોર્ટ પણ જમા લેવામાં આવશે તેવો દમ માર્યો હતો.

### મધરાત્રે મળ્યા બન્ને માસૂમના મૃતદેહ

# કોડીનારના માઢવાડ બંદરે બે બાળકો દરિયામાં ડૂબ્યા

### આશરે ૧૦૦થી પણ વધારે ફિસીંગ જાળ સમુદ્રમાં બિછાવી બળકોની શોધખોળ હાથ ધરવામાં આવી હતી

। (એજન્સી) કોડીનાર, તા.૨૨ ।

કોડીનાર તાલુકના માઢવાડ બંદરે બે બાળકો રમતા રમતા દરિયામાં ડૂબ્યા હતાં. ભારે જહેમત બાદ તેમના મૃતદેહ મળતા ગામ હીબકે ચડયું હતું. શાળાએથી છુટીને દરિયા કાંઠે થરમોકોલ ઉપર બેસી રમતા રમતા હતા. આ સમયે થોડો તેજ પવન હોવાના કારણે બંને બાળકો દરિયાની અંદર તણાયા હતાં. કોડીનાર તાલુકાના માઢવાડ ગામે કરૂણ ઘટના સામે આવી છે. ગઈકાલ સાંજે ૫ કલાકે બાળકો સાહિલ જયંતીભાઈ પાંજરી (ઉ.વ. ૮) અને દેવરાજ વિજયભાઈ ગોહિલ (ઉ.વ. ૧૨) શાળાએથી છુટીને દરિયા કાંઠે થરમોકોલ ઉપર બેસી રમતા રમતા હતા. આ સમયે થોડો તેજ પવન હોવાના કારણે બંને બાળકો દરિયાની અંદર તણાયા હતાં. જેની જાણ સામે ઉભેલા એક યુવકને થતા ગામ લોકોને વાત કરી હતી.સાંજે ૬ કલાકે સમગ્ર ગામના માછીમાર યુવાનો દ્વારા બાળકોની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આશરે ૧૦૦થી પણ વધારે ફિસીંગ જાળ સમુદ્રમાં બિછાવી બળકોની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

### લંડનના હીથ્રો એરપોર્ટથી ઊડાન ભરનારી ૧,૩૫૦ ફ્લાઈટ્સને અસર પહોંચી

# લંડનના હિથ્રો એરપોર્ટ પર આગ ફાટી નીકળતા લાખો પ્રવાસી અટવાયા

## ૨૦૧૦માં આયર્લેન્ડ નજીક જ્વાળામુખીના ફાટવાથી વાતાવરણમાં રાખ-ધુમાડો ફેલાઈ ગયા હતા અને મહિનાઓ સુધી હવાઈ સેવા ઠપ રહી હતી

। (એજન્સી) લંડન, તા.૨૨ ।

યુરોપના સૌથી વધુ વ્યસ્ત લંડનના હિથ્રો એરપોર્ટ નજીક શુક્રવારે આગ ફાટી નીકળી હતી. જેના કારણે એરપોર્ટ બંધ કરવુ પડ્યુ હતું અને લાખો પ્રવાસીઓ અટવાયા હતા. આગના પગલે એરપોર્ટ પર વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો અને વીજ પુરવઠો ફરી ક્યારે શરૂ થશે તે અંગે સત્તાધિશો પાસે કોઈ જવાબ નથી. જેને જોતાં માત્ર એક દિવસમાં સ્થિતિ યથાવત થવાની શક્યતા ધુંધળી બની છે. હીથ્રો એરપોર્ટથી ઊડાન ભરનારી ૧,૩૫૦ ફ્લાઈટને આગથી અસર પહોંચી છે. ફ્લાઈટ રદ થવાથી અનેક પ્રવાસીઓ પોતાની મુસાફરીને રીશીડ્યુલ કરી રહ્યા છે અને તેના કારણે એરલાઈન્સને વધારાના પ્લેન તથા ક્રૂની જરૂર પડશે. આ સંજોગોમાં પરિસ્થિતિ યથાવત થવામાં દિવસો લાગી શકે છે. આગ લાગવાના



કારણ અંગે સત્તાધિશો પાસે નક્કર માહિતી નથી અને આ ઘટનામાં પ્રાથમિક તબક્કે કશું શંકાસ્પદ જણાયું નથી. પશ્ચિમ લંડનમાં રહેતા વસાહતીઓના જણાવ્યા મુજબ, તેમણે મોટા ધડાકાનો અવાજ સાંભળ્યો હતો. ત્યારબાદ આગની જ્વાળાઓ દેખાઈ અને ચારે બાજુ ધુમાડા છવાઈ ગયા હતા. આગના કારણે એરપોર્ટની નજીકમાં આવેલું ઈલેક્ટ્રિકલ સબસ્ટેશન તબાહ થઈ ગયુ હતું. એરપોર્ટ બંધ કરવાની જાહેરાત થઈ ત્યારે ૧૨૦ જેટલી ફ્લાઈટ હવામાં હતી. કેટલીક ફ્લાઈટને પાછી વાળવામાં આવી હતી. અન્ય કેટલીક ફ્લાઈટ્સને લંડન બહારના ગેટવિક એરપોર્ટ તથા પેરિસ નજીક ચાર્લ્સ ડી ગોલ એરપોર્ટ પર ડાઈવર્ટ કરવામાં આવી હતી. વિશ્વના સૌથી વધુ વ્યસ્ત એરપોર્ટમાં હીથ્રોની ગણતરી થાય છે. જાન્યુઆરી મહિનો હીથ્રો એરપોર્ટ માટે ખૂબ વ્યસ્ત રહ્યો હતો. આ સમયગાળામાં ૬૩ લાખ પ્રવાસીઓ હીથ્રો એરપોર્ટ પર આવ્યા હતા, જે અગાઉના વર્ષના સમાન સમયગાળા કરતા પાંચ ટકા વધુ છે. ૨૦૧૦માં આયર્લેન્ડ નજીક જ્વાળામુખીના ફાટવાથી વાતાવરણમાં રાખ-ધુમાડો ફેલાઈ ગયા હતા અને મહિનાઓ સુધી હવાઈ સેવા ઠપ રહી હતી.

**વિશેષ** | વોટર પોલો અને ક્રોસ કન્ટ્રી સહિતની કુલ ૪ રમત-સ્પર્ધાઓમાં ૨૭ રાજ્યોના ૫૭૨ રમતવીરો સહભાગી થશે

# ગુજરાતમાં પ્રથમ વાર ઓલ ઈન્ડિયા પોલીસ એક્વેટીક ક્લસ્ટર ચેમ્પિયનશિ યોજાશે





ફાઈલ ફોટો

। (માહિતી) ગાંધીનગર ।

ગુજરાતમાં પ્રથમ વાર ઓલ ઈન્ડિયા પોલીસ એકવેટીક ક્લસ્ટર ચેમ્પિયનશિપ યોજાવાની છે. ૭૨મી ઓલ ઈન્ડિયા પોલીસ એક્વિટી ક્લસ્ટર ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫ની ચાર સ્પર્ધાઓ તા. ૨૪ થી ૨૮ માર્ચ દરમિયાન અમદાવાદ અને ગાંધીનગરમાં યોજાશે. ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ, ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ દળ તેમજ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (BSF, ITBP, CRPF, CISF, SSB વિગેરે)ના જવાનો વચ્ચે વિવિધ સ્પોર્ટ્સ કોમ્પિટિશન; રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન દર વર્ષે કરે છે.

રમતોને અલગ અલગ ક્લસ્ટરમાં વહેંચીને તેની યજમાની વિવિધ રાજ્યોમાં સ્થિત પોલીસ દળને સોંપીને, આ અખિલ ભારતીય પોલીસ રમતગમત સ્પર્ધાઓ ભારતભરમાં યોજવામાં આવે છે. આ વર્ષે એક્વેટિક ક્લસ્ટરની સ્પર્ધાઓ ગુજરાતમાં થવાની છે.

૭૨ મી ઓલ ઈન્ડિયા પોલીસ એકવેટિક્સ ક્લસ્ટર ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫ની યજમાની ગુજરાત યુનિટ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ ગુજરાત યુનિટ કરી રહ્યું છે.

વિવિધ રાજ્ય તેમજ કેન્દ્રશાસિત પ્રદેશના પોલીસ દળના જવાનો તેમજ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સના જવાનો આ પ્રકારની પોલીસ સ્પોર્ટ્સ કોમ્પિટિશન્સમાં વિજેતા થઈને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતી પોલીસ સ્પોર્ટ્સ કોમ્પિટિશન્સમાં પ્રતિસ્પર્ધા કરે છે.

ભારતની સરહદની પહેરેદારી કરતા તેમજ આંતરીક સુરક્ષા અને સલામતીની જવાબદારી સંભાળતા કેન્દ્રીય સશસ્ત્ર સુરક્ષા બળના જવાનો અને પોલીસ જવાનોમાં ખેલકૂદની ભાવનાને આવી સ્પર્ધાઓના આયોજનથી બળવત્તર કરવાનો આશય ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડનો છે.

તા. ૨૪ થી ૨૮ માર્ચ-૨૦૨૫ દરમિયાન આયોજિત ''૭૨મી ઓલ ઈન્ડિયા પોલીસ એક્વેટીક્સ ક્લસ્ટર ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫''માં ૨૭ રાજ્યોના ૫૭૨ રમતવીરો સહભાગી થશે. આ સ્પર્ધાનો સમાપન સમારોહ તા. ૨૮મી માર્ચના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા કોમ્પ્લેક્ષ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે યોજાશે અને ઉદ્ઘાટન સમારોહ ગુજરાતના પોલીસ મહાનિદેશક શ્રી વિકાસ સહાયની ઉપસ્થિતિમાં આગામી તા. ૨૪મી માર્ચના રોજ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા કોમ્પ્લેક્ષ ખાતે યોજાશે.

આ ચાર દિવસીય સ્પર્ધા દરમિયાન પ્રતિસ્પર્ધીઓ વચ્ચે વિવિધ એક્વેટીક્સ અને ક્રોસ કન્ટ્રી સહિતની ચાર સ્પર્ધાઓ યોજાશે. આ ઉપરાંત તા. ૨૬મી માર્ચના રોજ ચિલોડા રોડ, ગાંધીનગર ખાતે સ્થિત CRPF ગ્રુપ સેન્ટર ખાતે સાંજે ૦૭ થી ૦૯ કલાક દરમિયાન સંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

- સ્વિમિંગ સ્પર્ધા ગાંધીનગરમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સ્વિમિંગ પૂલ ખાતે તા. ૨૪ થી ૨૮ માર્ચ દરમિયાન સવારે ૦૮:૦૦ વાગે તેમજ બપોરે ૦૪:૩૦ વાગ્યે યોજાશે.
- ડાઈવિંગ સ્પર્ધા અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમમાં આવેલા સ્વિમિંગ પૂલ ખાતે તા. ૨૫ થી ૨૭ માર્ચના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યાથી યોજાશે.
- વોટર પોલો સ્પર્ધા ગાંધીનગરમાં સ્પોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સ્વિમિંગ પૂલમાં તા. ૨૪ થી ૨૮ માર્ચ દરમિયાન ૧૧:૦૦ વાગ્યાથી યોજાશે.
- ક્રોસ કન્ટ્રી સ્પર્ધા ગાંધીનગરમાં સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના મેઈન ગેટ પાસે, તા. ૨૬ માર્ચના રોજ સવારે ૦૬:૩૦ વાગ્યે યોજાશે.
- ઓપનિંગ સેરેમની ૨૪ માર્ચના રોજ ૦૫:૦૦ વાગ્યે તેમજ ક્લોઝિંગ સેરેમની ૨૮ માર્ચના રોજ ૦૫:૨૦ કલાકે ગાંધીનગરમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સંકુલમાં યોજાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ''૭૨મી ઓલ ઈન્ડિયા પોલીસ એક્વેટીક્સ ક્લસ્ટર ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫'' સ્પર્ધામાં આંદામાન નિકોબાર પોલીસ, આંધ્રપ્રદેશ પોલીસ, આસામ પોલીસ અને આસામ રાઈફલ્સ, બોર્ડર સીકયોરીટી ફોર્સ, છત્તીસગઢ પોલીસ, સી.આઈ.એસ. એફ, સી.આર.પી.એફ, ગુજરાત પોલીસ, હરિયાણા પોલીસ, ઈન્ડો તિબેટીયન બોર્ડર પોલીસ, જમ્મુ- કાશ્મીર પોલીસ, ઝારખંડ પોલીસ, કર્ણાટક પોલીસ, કેરાલા અને મહારાષ્ટ્ર પોલીસ, એન.ડી.આર.એફ, ઓડીશા, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તરાખંડ, પશ્રિમ બંગાળ, તેલંગણા, ઉત્તર પ્રદેશ અને પંજાબ પોલીસ, રેલ્વે પ્રોટેકશન ફોર્સ, એસ.એસ.બીના ૫૭૨ સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે. આ ચેમ્પિયનશીપ સ્પર્ધામાં ચાર રમતો યોજાશે જેમાં સાંઈ ખાતે સ્વીમીંગ અને વૉટર પોલો સ્પર્ધા, સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે ડાઈવીંગ સ્પર્ધા અને જી.સી. ગાંધીનગર ખાતે ૧૦ કિ.મી ક્રોસ કન્ટ્રી રન યોજાશે.

## ત્રણ દિવસથી ગુમ સગીરનો મૃતદેહ પાણીની ટાંકીમાંથી મળ્યો

। (એજન્સી) દ્વારકા, તા.૨૨ ।

ગુજરાતના દ્વારકામાંથી બુધવારે ચોંકાવનારી ઘટના સામે આવી હતી. જ્યાં ત્રણ દિવસથી ગુમ એક સગીરનો મૃતદેહ સોસાયટીના પાણીના ટાંકામાંથી મળી આવ્યો હતો. આ મામલે સમગ્ર વિસ્તારમાં ચકચારી મચી ગઈ હતી. જેમાં હવે નવો વળાંક સામે આવ્યો છે. હકીકતમાં સગીરના મિત્રએ જ તેની હત્યા કરી દીધી હતી. હત્યાનું કારણ જાણીને પરિવારના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. દ્વારકામાં બુધવારે (૧૯ માર્ચ) ૧૬ વર્ષીય સગીર કેતન વાઘેલાનો મૃતદેહ સોસાયટીના પાણીના ટાંકામાંથી મળી આવ્યો હતો. સગીર ત્રણ દિવસથી ગુમ હતો બાદમાં તેનો મૃતદેહ મળતાં સૌ કોઈ ચોંકી ગયા હતાં. આ મામલે પોલીસે મૃતદેહને પોસ્ટ મોર્ટમમાં મોકલી તપાસ હાથ ધરી હતી. પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં સગીરની હત્યા થઈ હોવાના ખુલાસો થયો હતો.

## લગ્નના વરઘોડામાં અન્ય કુટુંબના ૧૧ લોકો ઘુસી જતા બબાલ થઈ

। (એજન્સી) મહેસાણા, તા.૨૨ ।

ગુજરાતમાં અવારનવાર જૂથ અથડામણ અને અસામાજિક તત્વોનો આતંક જોવા મળતો હોય છે. ત્યારે મહેસાણામાં ફરી એક વાર આ પ્રકારની ઘટના સામે આવી છે. મહેસાણાના શોભાસણ ગામમાં લગ્નના વરઘોડામાં અન્ય લોકો નાચતા બહાર કાઢ્યા હતા. જેના પગલે આખો મામલો ગરમાયો હતો. બીજા કુટુંબના શખ્સોને વરઘોડામાંથી બહાર કાઢ્યા હતા. વરઘોડામાં નાચતા અટકાવનાર પર ટોળાંએ હુમલો કર્યો હતો. ઘાતકી હથિયારો સાથે ૧૧ લોકોના ટોળાએ હુમલો કર્યો હતો. કૌટુંબિક કાકને હથિયારથી આડેધડ માર માર્યો છે. હુમલા બાદ ટોળાંએ છુટ્ટા પથ્થરો માર્યા હતા. પથ્થરમારામાં એક મહિલા સહિત કુલ ૪ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. હુમલા કેસમાં એક મહિલા સહિત ૧૧ લોકો સામે ગુનો નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે એક તરફ ગુજરાત પોલીસ અસામાજિક તત્વો પર નિયંત્રણ મેળવવા માટે કડક કાર્યવાહી કરી રહી છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વેજલપુર સ્ટાર્ટઅપ ફેસ્ટિવલ ૨.૦નો શુભારંભ કરાવ્યો

# ૧૦૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ, ૫૦થી વધારે ઉદ્યોગ નિષ્ણાતો, ૪૨ સ્ટાર્ટઅપ્સ સ્ટોલ્સ, સ્ટાર્ટઅપ સાથે સંકળાયેલા ૪૫૦૦ જેટલા લોકો થયા સહભાગી

। અમદાવાદ, તા.૨૨ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા કક્ષાના સ્ટાર્ટ અપ ફેસ્ટિવલ એવા વેજલપુર સ્ટાર્ટ અપ ફેસ્ટિવલ ૨.૦નો શુભારંભ કરાવ્યો હતો. ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે યોજાયેલા સ્ટાર્ટઅપ એક્ઝિબિશનની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપ શબ્દ આજે આપણા યુવાઓની ઓળખ બન્યો છે. ક્રિએટિવ થિંકિંગ, આગવી સૂઝ અને અવનવા આઈડિયા સાથે આજના યુવાનો ખૂબ ઝડપથી આગળ વધી રહ્યા છે.



મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ડેવલપ કરવા અને યુવા ઉદ્યોગ સાહસિકોના આઈડિયાને માઈન્ડ ટુ માર્કેટ સુધી પહોંચાડવાની આગવી વ્યવસ્થા વિકસાવી છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર સદાય યુવાઓની સાથે છે અને તેમને જરૂરી તમામ સહાય પૂરી પાડવા કટિબદ્ધ છે. મુખ્યમંત્રીશ્રીએ સ્ટાર્ટઅપ ક્ષેત્રની સફળતા વિશે વાત કરતાં જણાવ્યું કે મહિલાઓ પણ આજે વિવિધ સમસ્યાઓનાં અવનવાં સમાધાનો સ્વરૂપે નવા સ્ટાર્ટઅપ લઈને આવી રહી છે. આજે વૈશ્વિકસ્તરે આપણાં સ્ટાર્ટઅપ ઘણી સફળતા મેળવી રહ્યાં છે. સ્પેસ સહિતનાં અવનવાં ક્ષેત્રોમાં આપણા યુવાઓના સ્ટાર્ટઅપ કાઠું કાઢી રહ્યાં છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે વડાપ્રધાનશ્રીએ દેશની યુવાશક્તિના સામર્થ્યને સાથે લઈને વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે. 'વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત'ના વિચારબીજને સાકાર કરવામાં ગુજરાતના યુવાનો મહત્ત્વનું યોગદાન આપશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

વેજલપુર મતવિસ્તાર ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકરે આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો દેશની યુવાશક્તિમાં અતૂટ ભરોસો છે. વિકસિત ભારતના નિર્માણના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવાની દિશામાં દેશના યુવાનો અને સ્ટાર્ટઅપ મહત્ત્વનો ભાગ ભજવશે. વેજલપુર સ્ટાર્ટઅપ ફેસ્ટિવલ યુવાઓના વિચારબીજને નવી દિશા પૂરી પાડવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહેશે તેમ તેમણે ઉમેર્યું હતું. ઉલ્લેખનીય છે કે વેજલપુર મતવિસ્તારમાં યોજાયેલાં વિધાનસભા કક્ષાના સ્ટાર્ટઅપ ફેસ્ટિવલમાં ૧૦૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ અને તેની સાથે સંકળાયેલા ૪૫૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. ફેસ્ટિવલમાં પોતાના પ્રોડક્ટ્સનું પ્રદર્શન કરવા ૪૨ સ્ટાર્ટઅપને વિનામૂલ્યે સ્ટોલ આપવામાં આવ્યા હતા.

### ધંધામાં પાયમાલ થઈ જતા વૃદ્ધે ૫ ટકા વ્યાજે રૂપિયા લીધા હતા

## વૃદ્ધે ૫૬.૧૬ લાખની સામે ૧.૧૦ કરોડ ચૂકવ્યા છતાં વ્યાજખોરે ૫ દુકાન પચાવી

### વ્યાજે લીધેલી રકમ સિક્યુરિટી પેટે વૃદ્ધે નિકોલમાં આવેલી પોતાની ચાર દુકાન વ્યાજ આપનારને વેચાણ કરાર કરી આપી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

મણિનગરમાં રહેતા વૃદ્ધ તેના સગા ભાઈ સાથે ભાગીદારીમાં કાપડનો ધંધો કરે છે અને જમીન દલાલીનું કામકાજ પણ કરે છે. છ વર્ષ પૂર્વે વૃદ્ધને ધંધામાં નુકસાન થતા વૃદ્ધ અને તેનો ભાઈ પાયમાલ થઈ ગયા હતા. વૃદ્ધે તેના મિત્રો મારફતે ઓઢવમાં રહેતા અને વ્યાજનો ધંધો કરતા શખ્સની મુલાકાત લીધી હતી. વૃદ્ધે ૫ ટકાના વ્યાજે કુલ ૫૬.૭૦ લાખ ૫ ટકા લઈ ૧.૧૦ કરોડ વ્યાજ સહિત ચૂકવી દીધા હતા છતાં પણ વ્યાજખોર વધુ રૂપિયાની માગણી કરીને નિકોલમાં આવેલી ૫ દુકાન સિક્યુરિટી પેટે લીધા બાદ પાછી આપતો ન હતો. વૃદ્ધે આ મામલે વ્યાજખોર વિરુદ્ધ સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.મૂળ ભાવનગરના વતની હરેશભારથી ગોસ્વામી (ઉં.૫૩) મણિનગરમાં રાજેન્દ્ર પાર્કમાં ભાડેથી મકાન રાખીને પરિવાર સાથે રહે છે અને જમીન દલાલીનું કામકાજ કરે છે. તેમના ભાઈ સાથે તે ભાગીદારીમાં કાપડનો ધંધો પણ કરે છે. ૨૦૧૯માં વૃદ્ધને ધંધામાં નુકસાન થયું હતું. મિત્રને વાત કરતા ઓઢવમાં લક્ષ્મીનગરમાં રહેતા અને વ્યાજનો ધંધો કરતા હરદીપસિંહ જાડેજાનો સંપર્ક કરીને વૃદ્ધે વ્યાજે ૧૫ લાખ લીધા હતા. વ્યાજે લીધેલી રકમ સિક્યુરિટી પેટે વૃદ્ધે નિકોલમાં આવેલી પોતાની ચાર દુકાન વ્યાજ આપનારને વેચાણ કરાર કરી આપી હતી. ત્યારબાદ વૃદ્ધને ધંધામાં વધુ રૂપિયાની જરૂરિયાત ઊભી થતા આરોપી હરદીપસિંહ પાસેથી વૃદ્ધે ૫ ટકા વ્યાજે બીજા ૫.૭૦ લાખ રૂપિયા લીધા હતા. ૨૦૧૯થી ૨૦૨૨ સુધીમાં આરોપી હરદીપસિંહ જાડેજા પાસેથી કુલ રૂ.૫૬.૧૬ લાખ ૫ ટકાના વ્યાજે લીધા હતા. વૃદ્ધે ૧.૧૦ કરોડ રૂપિયા વ્યાજ સહિત ચૂકવી દીધા હતા તેમ છતાં હરદીપસિંહે વૃદ્ધની નિકોલમાં આવેલી ૫ દુકાન પચાવી પાડી હતી. તદુપરાંત વૃદ્ધ પાસે વધુ વ્યાજ સહિતની રકમ માગી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે વૃદ્ધે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં હરદીપસિંહ જાડેજા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

### રાજકોટ યુવતી આપઘાત કેસ

## રાજકોટના મવડીમાં રહેતી યુવતીએ ઝેરી દવા પીને આપઘાત કરી લીધો

### યુવતીના આપઘાત મામલે પ્રેમી ભૂવાએ સ્ક્રિનશોટ શેર કર્યો

। (એજન્સી) રાજકોટ, તા.૨૨ ।

રાજકોટના મવડીમાં રહેતી યુવતીએ ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો. દીકરીના મોત બાદ પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે, 'કેતન સાગઠીયા નામના ભૂવાના ત્રાસથી મારી દીકરીએ ઝેરી દવા પીને આપઘાત કર્યો હતો.' સમગ્ર વિવાદ વચ્ચે મૃતક યુવતીના પ્રેમી ભૂવાએ વૉટ્સએપના સ્ક્રિનશૉટ અને વીડિયો શેર કર્યા હતા. જેમાં યુવતીએ ઘરથી કંટાળીની દવા પીધી હોવાનો પ્રેમી ભૂવાનો દાવો કર્યો હોવાનું જણાવ્યું હતું.

રાજકોટના મવડીમાં કોમલ નામની યુવતીએ ઝેરી દવા પીને આપઘાત કર્યો હતો. આ મામલે પરિવારે કેતન સાગઠીયા નામના પ્રેમી ભૂવાએ જ કોમલને ઝેરી દવા પીવડાવી મોતને ઘાટ ઉતારી હોવાનો સનસનીખેજ આક્ષેપ કર્યો હતો. મૃતક યુવતીના પિતાએ કરેલા આક્ષેપને પગલે તાલુકા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે, ત્યારે કેતન સાગઠીયાએ વૉટ્સએપના સ્ક્રિનશૉટ જાહેર કર્યો છે. કેતનનું કહેવું છે કે, 'આપઘાત પહેલા કોમલે તેને મેસેજ કર્યો હતો. જેમાં કોમલના પિતા દારૂ પીને તેની મમ્મીને મારતા હોવાનું અને ઘરથી કંટાળી ગઈ હોવાનું કહીને દવા પીધી હોવાનુ મેસેજમાં જણાવ્યું હતું.'જ્યારે ભૂવા સાગઠીયાએ એક વીડિયો પર શેર કર્યો છે. જેમાં તે જણાવે છે કે, 'કોમલનો પરિવાર વર્ષ ૨૦૨૩માં મારા સંપર્કમાં આવ્યો હતો. કોમલના ફોઈના છોકરાએ અમારી મુલાકાત કરાવી હતી. ત્યારબાદ અમારા ઘરે માતાજીના માંડવામાં કોલમનો પરિવાર આવ્યો હતો. કોમલ ઘરે બધાને હોસ્પિટલમાં નોકરીએ જવાનું કહીને મારી પાસે આવતી હતી અને ઘરે પૈસા આપવા લોન લેતી હતી. જેના હપ્તા પણ હું ચૂકવું છું. હું નિર્દોષ છું, કોમલે તેના ઘરનાના ત્રાસથી દવા પીધી હતી.'

### નાના ભાઈની છાતી પર બેસી ગળું રૂંધી નાખ્યું

## પાલિતાણામાં મિલકત વિવાદમાં TRB જવાને નાના ભાઈની હત્યા કરી

### આ કેસમાં પોલીસ તપાસમાં ખૂલ્યું કે ભગીરથસિંહનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી

। (એજન્સી) ભાવનગર, તા.૨૨ ।

મિલકતના વિવાદમાં પાલિતાણાની સર્વોદય સોસાયટી નજીક એક ચકચારી હત્યાનો કિસ્સો સામે આવ્યો છે. અહીં ટીઆરબી જવાન તરીકે ફરજ બજાવતા મયૂરસિંહ ગોહિલે પોતાના નાના ભાઈ ભગીરથસિંહની હત્યા કરી નાખી છે. પાલિતાણા શહેરના સર્વોદય સોસાયટીના નાકા પાસે મંગળવારે એક શંકાસ્પદ ઘટનામાં ૩૦ વર્ષીય ભગીરથસિંહ બટુકસિંહ ગોહિલનો મૃતદેહ મળી આવ્યો હતો. આ કેસમાં પોલીસ તપાસમાં ખૂલ્યું કે ભગીરથસિંહનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી અને આ હત્યામાં તેમના સગા ભાઈ મયૂરસિંહ બટુકસિંહ ગોહિલનો હાથ હોવાનું સામે આવ્યું છે.

પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ભગીરથસિંહનું મોત ગળું દબાવવાના કારણે થયું હોવાનું સ્પષ્ટ થયું હતું. પોલીસ તપાસમાં ખૂલ્યું હતું કે, મયૂરસિંહ, જે પાલિતાણામાં ટ્રાફિક રિઝર્વ બટાલિયન જવાન તરીકે ફરજ બજાવે છે, પૂછપરછ દરમિયાન મયૂરસિંહે ગુનો કબૂલ્યો અને જણાવ્યું કે ભાઈ સાથેના ઝઘડાના કારણે તેણે આ કૃત્ય કર્યું હતું.આ મામલે પાલિતાણા ડીવાયએસપી મિહિર બારિયાએ જણાવ્યું હતું કે, ભગીરથસિંહ અને મયૂરસિંહ વચ્ચે તેમના પિતાના મરણ બાદ મિલકતના વિવાદને લઈને મનદુઃખ હતું.૧૮મી માર્ચના રોજ મયૂરસિંહ ટીઆબીની ફરજ પર જવા માટે નીકળતા પહેલાં ભાઈને ઠપકો આપવા તેમના ઘરે ગયા હતા. ત્યાં બંને ભાઈઓ વચ્ચે ઝઘડો થયો, જે દરમિયાન મયૂરસિંહે ભગીરથસિંહના માથાના ભાગે ઈજા પહોંચાડી અને છાતી પર બેસી ગળું દબાવીને તેની હત્યા કરી નાંખી હતી. પાલિતાણા ટાઉન પોલીસે મયૂરસિંહ બટુકસિંહ ગોહિલ સામે ગુનો નોંધી તેને હસ્તગત કર્યો છે. હાલ આ મામલે આગળની તપાસ ચાલી રહી છે.

### સાવલીની પોક્સો કોર્ટ દ્વારા ફરી આરોપીને સજા અને ૧ લાખનો દંડ

## ધોરણ ૧૨ની વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ આચરનાર આરોપીને આજીવન કેદ

### સ્કૂલ રિક્ષા ચલાવતા પરિણીત યુવકે ધોરણ ૧૨મી છાત્રાને પોતાની પ્રેમજામળમાં ફસાવીને ભગાડી જઇ બળાત્કાર ગુજાર્યો હતો

। (એજન્સી) વડોદરા, તા.૨૨ ।

સાવલી પંથકમાં સ્કૂલ રિક્ષા ચલાવતા પરિણીત યુવકે ધોરણ ૧૨મી છાત્રાને પોતાની પ્રેમજામળમાં ફસાવીને ભગાડી જઈ બળાત્કાર ગુજાર્યો હતો. આ કેસમાં સાવલી કોર્ટે આરોપીને આજીવનકેદની સજા ફટકારી છે. વડોદરા જિલ્લાના સાવલી પોલીસ સ્ટેશનમાં તારીખ ૩૦/૯/ ૨૦૨૩ ના રોજ ફરિયાદીએ તેમની ૧૬ વર્ષ ૬ મહિનાની દીકરી હાલોલ સ્કૂલમાં ધોરણ ૧૨માં ઘરેથી અભ્યાસ કરવા ગઇ હતી જે પરત ન ફરતા ફરિયાદ લખાવી હતી. તપાસમાં પોલીસ દ્વારા આરોપી તથા સગીરાને એક વર્ષ જેટલા સમય બાદ સુરત ખાતેથી શોધી લાવેલ જેની તપાસમાં ખૂલેલ કે આરોપી ભોગ બનનારનું અગાઉથી રિક્ષામાં બેસાડીને હાલોલ સ્કૂલમાં કાયમ લઈ જતો મુકેશ નરવતસિંહ ગોહિલ ઉંમર વર્ષ ૨૮ પરિણીત હોવા છતાં સગીરાને પોતાની પ્રેમ જાળમાં ભોળવી બેહલાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદા સાથે ભગાડી જય અમદાવાદ, ગ્વાલિયર, આગરા, મથુરા અને સુરત જેવા વિવિધ સ્થળોએ લઈ જઈ વારંવાર તેની સાથે દુષ્કર્મ કરી સગીરાને એક વર્ષ જેટલો સમય પોતાના ગેરકાયદેસર કબજામાં રાખી ગર્ભવતી બનાવી બાળકની માતા બનાવી જે ગુનાની ચાર્જશીટ સાવલીની પોસ્કો અદાલતમાં થતા તે અંગે નો કેસ પોસ્કો કોર્ટમાં જજ જે. એ. ઠક્કર સમક્ષ ચાલી જતા આરોપી મુકેશ નરવતસિંહ ગોહિલ ઉંમર વર્ષ ૨૮ રહે રાણીપુરા તાલુકો સાવલી ને દુષ્કર્મના ગુનામાં સગીરાને ગર્ભવતી બનાવી બાળકની માતા બનવા મજબૂર કરેલ હોવાના પોસ્કો એક્ટ હેઠળનાં ગુનામાં દોષિત ઠરાવી મુકેશ નરવતસિંહ ગોહિલને આજીવન કેદની સજા એક લાખ દંડ એટલે કે કુદરતી નિત્યક્રમ મુજબ જીવે ત્યાં સુધી સજા તથા એક લાખનો દંડ તેમજ ઈ. કો કલમ ૩૬૩ ના ગુનામાં ત્રણ વર્ષની સજા અને ગુજરાત વિક્ટમ કોમ્પનસેશન સ્કીમ મુજબ ભોગ બનનાર સગીરાને સાત લાખનું વિક્ટ ટીમ કોમ્પંનસેશન ચૂકવવા ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટી ને ભલામણ કરેલ છે.

## ભાવનગરમાં મિલકતોની આડેધડ આકારણી કરાતા અરજદારોને હાડમારી

। ભાવનગર, તા.૨૨ ।

ભાવનગર શહેરમાં મિલકતોની ફેર આકારની દરમિયાન અરજદારોની મિલકતોની આડેધડ માપણી કરવામાં આવતા અરજદારો કચેરીમાં ધકકે ચડે છે, અધિકારીઓ સાંભળતા નથી આવી વારંવાર ફરિયાદો પાછળ ખુદ તંત્ર વાહકો જ અરજદારોના પ્રશ્નો ઊભા કરતા હોવાનો ઘટસ્ફોટ થયો છે. ચિત્રા વોર્ડમાં હયાત ફેકટર જોયા વગર આકારણી કરી હોવાનું બહાર આવ્યું છે. માત્ર એક વોર્ડમાં ચેકિંગ દરમિયાન બહાર આવેલી ચોકાવનારી વિગતોથી અન્ય કેટલી મિલકતોમાં આડેધડ આકારણીઓ થઈ હશે તેની સામે પ્રશ્ન સર્જાયો છે. મહાનગરપાલિકાના ઓડીટ વિભાગ દ્વારા શહેરમાં વોર્ડ નં.૧૦ ચિત્રા ફુલસરમાં રેન્ડમલી કુલ ૧૫ મિલ્કતોની આકારણી-માપણી અંગે આકસ્મિક ચકાસણી કરવામાં આવેલ, જે સ્થળ-તપાસમાં એસેસમેન્ટ વિભાગ દ્વારા થયેલ મિલ્કતની માપણી ફેકટરમાં કુલ ૧૫ પૈકી ૪ મિલ્કતોમાં આકારણીમાં વિસંગતતાઓ જણાઈ આવી હતી. એસેસમેન્ટ વિભાગના જવાબદાર કર્મચારીઓ દ્વારા ફરજમાં બેદરકારી દાખવેલ હોય તેમ સ્પષ્ટ ફલિત થતું હોય તથા આ બાબત ઘણી ગંભીર છે. આ બેદરકારીના લીધે કોર્પોરેશનને આર્થિક નુકસાન થયું છે ? આ મામલે વિગતવાર ગણતરી કરી રીપોર્ટ રજૂ કરવા તથા વિભાગનાં અધિકારી /કર્મચારીની જવાબદારી નામજોગ નક્કી કરી તે અંગે ધોરણસર કાર્યવાહી કરવા સારૂ સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન દ્વારા કમિશ્નરને તાકીદ કરવામાં આવી હતી. વિવિધ વિભાગોની કામગીરી જેમ કે મિલ્કતની આકારણી, ફીલ્ટર પ્લાન્ટ, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઓપરેશન એન્ડ મેન્ટેનન્સ અંગે ઓડીટ વિભાગ દ્વારા કરવામાં આવેલ આકસ્મિક સ્થળતપાસ / ઈન્સ્પેકશનમાં જણાઈ આવેલ ક્ષતિઓ બાબતે જવાબદારી નકકી કરી કાર્યવાહી કરવા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનને કમિશ્નરને સૂચના આપવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### ખાળકુવાના મુદ્દે પડોશીઓ સાથે તકરાર થઇ હતી

## વડોદરામાં પડોશી સાથેના ઝઘડામાં માથામાં ઇજા થતાં યુવકનું મોત

### વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલ ભેંસાસુર નગરમાં બે પાડોશીઓ વચ્ચે ઘર પાસે ખાડો ખોદવા મુદ્દે બોલાચાલી થઈ હતી

। (એજન્સી) વડોદરા, તા.૨૨ ।

વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલ ભેંસાસુર નગરમાં બે પાડોશીઓ વચ્ચે ઘર પાસે ખાડો ખોદવા મુદ્દે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ મામલો ઉગ્ર બનતા બંને વચ્ચે ઝપાઝપી થતા પિયુષ ઠાકોરને ઝપાઝપી દરમિયાન ધક્કો વાગતા તેઓ નીચે પડી ગયા હતા. જેમાં તેમને માથામાં ગંભીર ઈજા પહોંચતા તેઓ બેશુદ્ધ થઈ ગયા હતા. જેથી તેમને હોસ્પિટલમાં સારવાર માટે લઈ જતા હાજર તબીબે મૃત જાહેર કર્યા હતા. પોલીસે પાડોશી યુવક સહિત તેની માતા અને પત્નીને ઝડપી પોલીસ સ્ટેશન ખાતે લઈ આવી હતી. પોલીસે સાળા-બનેવી તથા સાળાની પત્ની સામે ગુનો દાખલ કરીને કાર્યવાહી શરૂ કરી હતી. વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલ ભેંસાસુર નગરમાં રહેતા પિયુષભાઈ ઠાકોર તથા પ્રવીણભાઈ પંચાલ જમીનમાં ખાળકૂવો ખોદવા મુદ્દે બે પાડોશી વચ્ચે ઝઘડો થયો હતો. બંને પાડોશીએ સામસામે ઉગ્ર બોલાચાલી બાદ ઝપાઝપી કરવા લાગ્યા હતા. તે દરમિયાન પિયુષ ઠાકોરને ધક્કો વાગતા તેઓ નીચે પડી ગયા હતા. જેમાં માથાના ભાગે ઈન્ટર્નલ ઈન્જરી થવાના કારણે તેમાં બેભાન થઈ ગયા હતા. જેથી પરિવારના સભ્યો ગભરાઈ ગયા હતા. જેથી તેમને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે પિયુષ રાઠોડને મૃત જાહેર કર્યો હતો.ઘટનાની જાણ થતા પોલીસની ટીમ ઘટના સ્થળ દોડી આવી હતી. પોલીસે દ્વારા લાશનું પોસ્ટ મોર્ટમ કરાવવાની કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ પોલીસે દ્વારા પાડોશી પંકજ પંચાલ તેમની માતા અને પત્નીને પોલીસે સ્ટેશન ખાતે લઈ આવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગોરવા પોલીસ સ્ટેશનના પીઆઈ કિરીટ લાઠીયા પણ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. પોલીસે બનાવના મામલે પ્રવીણ મોહનભાઈ પંચાલ તેમના પત્ની શીતલ પંચાલ તથા પ્રવીણભાઈના બનેવી રમેશ છગનભાઈ સિકલીગર (રહે. ભાગ્યલક્ષ્મી સોસાયટી, સમતા, વડોદરા) સામે ગુનો દાખલ કરીને કાર્યવાહી શરૂ કરી હતી.





